સુવિચાર

મારો અધિકાર શું છે એ યાદ રાખવાને બદલે મારી ફરજ છે એ યાદ રાખીએ તો વધુ સુખી થવાય...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૧-૨૦૨૫, મંગળવાર
વર્ષઃ ૧૩, અંક : ૨૬૫

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા



અપ્પુ ચણાદાળ
હોમ ડીલવરી કરી આપશુ
પ્રદિપભાઈ, લાલાભાઈ
હંસા પ્રોવિઝન
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર
મેઈન રોડ, નિર્મલા સ્કુલ પાસે
કાલાવડ રોડ, રાજકોટ
દયાલદાલ - રાજકોટ



Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia







# રોકડની અછત ખાળવા રિઝર્વ બેંકે રૂ.૭૬ હજાર કરોડ 'ઠાલવ્યાં'

## રિઝર્વ બેન્ક વેરિયેબલ રેટ રેપો ઓપરેશન દ્વારા બેન્કિંગ સિસ્ટમમાં કુલ રૂ.૧.૫ લાખ કરોડ ઠાલવવા સજ્જ

**અબતક, મુંબઈ**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સોમવારે બેંકિંગ સિસ્ટમમાં રૂ.૭૫,૭૭૨ કરોડનું રોકાણ કર્યું, જેનાથી વેરિયેબલ રેટ રેપો ઓપરેશન દ્વારા તરલતામાં વધારો થયો, અને કહ્યું કે તે મંગળવારે આના દ્વારા રૂ.૧.૫ લાખ કરોડની હરાજી કરશે.

મંગળવારે રૂ.૭૫,૭૭૨ કરોડની લિક્વિડિટી ઉપાડવામાં આવશે. આ પગલાનો ઉદ્દેશ્ય તરલતાની સ્થિતિ હળવી કરવા અને કોલ મની રેટને ૬.૫% ના વર્તમાન રેપો રેટથી ઉપર વધતા અટકાવવાનો છે. સેન્ટ્રલ બેંકે સોમવારે સિસ્ટમમાં રૂ.૧.૨૫ લાખ કરોડ નાખવા માટે વીઆરઆર હરાજી હાથ ધરી હતી, પરંતુ તેને લગભગ અડધી રકમ - રૂ.૭૫,૭૭૨ કરોડની ઓફર મળી હતી. તેણે બધી બિડ ૬.૫૧% ના દરે સ્વીકારી હતી

બેંકિંગ સિસ્ટમમાં તરલતાની તંગીને કારણે, ભારિત સરેરાશ કોલ રેટ,, જે બેંકોના રાતોરાત ઉધાર ખર્ચ દર્શાવે છે, સોમવારે ૬.૬૦% પર બંધ થયો, જે આરબીઆઈના વર્તમાન રેપો રેટ



૬.૫૦% કરતા ૧૦ બેસિસ પોઈન્ટ વધુ છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે ૧૯ જાન્યુઆરી સુધીમાં સિસ્ટમ લિક્વિડિટી રૂ.૧.૯૩ લાખ કરોડ હતી, જ્યારે જાન્યુઆરીમાં સરેરાશ ખાધ રૂ.૧.૬૧ લાખ કરોડ હતી. રૂ.૫૦,૦૦૦ કરોડની પ્રથમ બે દૈનિક હરાજી પછી, રિઝર્વ બેન્કે સોમવારે રકમ વધારીને રૂ.૧.૨૫ લાખ કરોડ અને મંગળવારે રૂ.૧.૫ લાખ કરોડ કરી, જેનાથી સિસ્ટમ લિક્વિડિટીમાં ઘટાડો થવાની ધારણા હતી. વીઆરઆર હરાજી આરબીઆઈને સિસ્ટમમાં કામચલાઉ પ્રવાહિતા દાખલ કરવાની મંજૂરી આપે છે. બેંક ૧૬ જાન્યુઆરીથી દરરોજ વીઆરઆર હરાજી કરી રહી છે. આરબીઆઈ દ્વારા દૈનિક વીઆરઆર કામગીરીની આ જાહેરાતથી રાતોરાત ઉપજમાં ઘટાડો થયો.

મની માર્કેટના ડીલરો કહે છે કે ગયા અઠવાડિયે માસિક કરવેરા બહાર જવાને કારણે સિસ્ટમ લિક્વિડિટી પણ દબાણ હેઠળ રહી હતી. ''આરબીઆઈ દ્વારા વિદેશી હૂંડિયામણના હસ્તક્ષેપને કારણે ગયા અઠવાડિયે તરલતાની સ્થિતિ કડક રહી હતી. માર્ચ ૨૦૧૯ પછી પહેલી વાર મુખ્ય તરલતા પણ નકારાત્મક ક્ષેત્રમાં સરકી ગઈ હતી. જોકે, આ અઠવાડિયાની શરૂઆતમાં જીએસટીના પ્રવાહને કારણે તરલતાની સ્થિતિ વધુ કડક થઈ શકે છે,'' તેમ આઈસીઆઈસીઆઈ બેંકે એક અહેવાલમાં જણાવ્યું હતું.

### ૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં બેંકિંગ સિસ્ટમની તરલતામાં રૂ.૩.૮ લાખ કરોડનો ઘટાડો

બજારના સહભાગીઓ વીઆરઆર હરાજીના કામચલાઉ પગલાની સામે ખુલ્લા બજાર કામગીરી અથવા વિદેશી ચલણ ખરીદી-વેચાણ સ્વેપ દ્વારા કેટલાક ટકાઉ પ્રવાહિતા પગલાંની પણ અપેક્ષા રાખે છે. ''આરબીઆઈના સ્પોટ ફોરેન એક્સચેન્જ હસ્તક્ષેપથી ૨૦૨૪ ના ચોથા ક્વાર્ટરમાં બેંકિંગ સિસ્ટમની તરલતામાં રૂ. ૩.૮ લાખ કરોડનો ઘટાડો થયો છે,'' નોમુરાએ એક અહેવાલમાં જણાવ્યું હતું. આની ભરપાઈ કરવા માટે, આરબીઆઈએ ૧૪-દિવસના સમયગાળા પછી વીઆરઆર હરાજીનો રસ્તો અપનાવ્યો છે.

# નાના કરદાતાઓ માટે રાહતના સમાચારઃ ભાડા પટ્ટાની મિલકત ઉપરથી જીએસટી હટ્યો

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સનો મહત્વપૂર્ણ નિર્ણય

**અબતક, અમદાવાદ**

કમ્પોઝિશન સ્કીમ હેઠળ નાના કરદાતાઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર આવ્યા છે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સએ જીએસટી હેઠળ નોંધાયેલા ન હોય તેવા મિલકત માલિકો પાસેથી જગ્યા ભાડે લેવા માટે ભાડા પર ૧૮% જીએસટી નાબૂદ કર્યો છે. આ નિર્ણયથી આ વિસ્તારના ઘણા રેસ્ટોરાં અને સેવા પ્રદાતાઓને ઘણો ફાયદો થવાની અપેક્ષા છે.

જીએસટી વિભાગે અગાઉ લીઝ પર લીધેલી વાણિજ્યિક મિલકતો માટે જીએસટી જવાબદારી અંગે નવા નિયમો રજૂ કર્યા હતા, જે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ થી અમલમાં આવશે. આ નિયમોમાં જણાવાયું હતું કે જીએસટી નહેઠળ નોંધાયેલા ભાડૂતોએ બિનનોંધાયેલ મિલકત માલિકો પાસેથી ભાડા પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ દ્વારા ૧૮% જીએસટી ચૂકવવાનો રહેશે. ઉદ્યોગ નિષ્ણાતોએ દલીલ કરી હતી કે કમ્પોઝિશન સ્કીમના સહભાગીઓ, ખાસ કરીને રેસ્ટોરાં, ઈનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરવાની ક્ષમતા વિના ૧૮% જીએસટી ચૂકવવાની જરૂરિયાતને કારણે કાર્યકારી મૂડી સાથે સંઘર્ષ કરશે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કરીમ લાખાણીએ જણાવ્યું હતું કે, ''આ નિયમથી કમ્પોઝિશન સ્કીમ હેઠળ આવતા ભાડૂતો માટે કાર્યકારી મૂડીની મોટી સમસ્યા ઊભી થઈ છે. તેમનું ટર્નઓવર રૂ. ૧.૫૦ કરોડથી ઓછું છે અને તેમના વ્યવસાયના પ્રકારને આધારે તેમની કર જવાબદારી ૧ કરોડ સુધીની હોઈ શકે છે.'' મોટી સંખ્યામાં નાના વેપારીઓ, ઉત્પાદકો અને રેસ્ટોરાં માટે કાર્યકારી મૂડીની સમસ્યા ઊભી થઈ છે કારણ કે તેઓ તેમના દ્વારા ચૂકવવામાં આવેલા જીએસટી માટે આઈટીસીનો દાવો કરી શકતા નથી. હવે, સીબીઆઈસી એ કહ્યું છે કે જો કોઈ ડીલર કમ્પોઝિશન સ્કીમ હેઠળ નોંધણી વગરના વ્યક્તિ પાસેથી ભાડા પર જગ્યા ખરીદતી વખતે, તેણે આરસીએમ ધોરણે જીએસટી ચૂકવવો પડશે નહીં. આનાથી નાના વ્યવસાયોને ઘણી મદદ મળશે.'' લાખાણીએ જણાવ્યું હતું કે સીબીઆઈસી એ આ સૂચના ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ થી પાછલી અસરથી લાગુ કરી છે.

# આઈટી વિવાદના કેસ બંધ કરવા નડતરરૂપ ચાર મુશ્કેલીઓ પણ દૂર

## 'વિવાદ સે વિશ્વાસ' યોજનામાં કરદાતાઓ માટે સરકારની વધુ રાહત

**અબતક, નવીદિલ્હી**

આવકવેરા વિવાદના કેસ બંધ કરવા માટે જે ચાર જોગવાઈઓ કરદાતાઓ માટે નડતર રૂપ હતી તેને કેન્દ્ર સરકાર દ્વારા દૂર કરી દેવામાં આવી છે.

વિવાદ સે વિશ્વાસ યોજના, ૨૦૨૪ માં ચાર ચોક્કસ પરિસ્થિતિઓને કારણે આ યોજના માટે અરજી કરી શક્યા ન હતા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજના એક આદેશમાં નાણા મંત્રાલયે ચાર ચોક્કસ પરિસ્િથતિઓને કારણે ઊભી થયેલી 'મુશ્કેલીઓ' દૂર કરી છે અને એવા કરદાતાઓને રાહત આપી છે .

આ ચાર મુશ્કેલીઓ હવે દૂર થતાં, વધુ કરદાતાઓ વિવાદ સે વિશ્વાસ યોજના, ૨૦૨૪ માટે અરજી કરીને તેમના બાકી આવકવેરા વિવાદોનું સમાધાન કરી શકશે. બજેટ ૨૦૨૪ માં જાહેર કરાયેલ આ યોજનાનો ઉદ્દેશ્ય પેન્ડિંગ આવકવેરા વિવાદ કેસને બંધ કરવાનો છે કારણ કે જો કરદાતા વિવાદિત આવકવેરાની રકમ ચૂકવે છે તો સરકાર વ્યાજ અને દંડની રકમ માફ કરે છે. જો કે, નોંધ લો કે તમારી પાસે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીનો સમય છે જેથી વિવાદિત કર (૧૦૦%) ની ઓછી રકમ ચૂકવી શકાય. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તમારે વિવાદિત કર રકમના ૧૧૦% ચૂકવવાની જરૂર પડશે.

કોઈ વ્યક્તિના કિસ્સામાં આદેશ નિર્દિષ્ટ તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં પસાર કરવામાં આવ્યો હોય;૨.

આવા હુકમના સંદર્ભમાં અપીલ દાખલ કરવાનો સમય ઉપરોક્ત તારીખે ઉપલબ્ધ હતો;

આવા હુકમના સંદર્ભમાં અપીલ ઉપરોક્ત તારીખ પછી આવી અપીલ દાખલ કરવા માટે લાગુ પડતા નિર્ધારિત સમયની અંદર દાખલ કરવામાં આવી હતી; અને

ઉપરોક્ત અપીલ વિલંબ માફી માટે કોઈપણ અરજી વિના દાખલ કરવામાં આવી છે;

કલમ ૯૮ માં જોગવાઈ છે કે જો યોજનાની જોગવાઈઓને અમલમાં મૂકવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો કેન્દ્ર સરકાર, યોજનાની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવા આદેશ દ્વારા, મુશ્કેલી દૂર કરી શકે છે; તેથી, હવે, નાણાં (નં. ૨) અધિનિયમ,


(અનુ. આઠમા પાને)

ઉડતા ગુજરાત?

# અધધધ... ૨૦૨૪માં રૂ.૭૩૦૩ કરોડનું ડ્રગ્સ ઝડપાયું!!

## ૨૪ હજાર કિલો માદક પદાર્થ પકડી ડ્રગ્સ સિન્ડિકેટના ૮૪૮ સભ્યો વિરુધ્ધ ૫૮૨ ગુના દાખલ કરાયા

**અબતક, રાજકોટ**



ડ્રગ્સ માફિયાઓ ગુજરાતના વિશાળ દરીયાકાંઠા વિસ્તારનો ઉપયોગ ડ્રગ્સ ઠાલવવા માટે કરતા હોય તેવા અહેવાલ છાસવારે સામે આવે છે. ત્યારે વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાંથી ઝડપાયેલા ડ્રગ્સના જથ્થા અંગે જો વાત કરવામાં આવે તો ફક્ત એક જ વર્ષમાં રૂ. ૭૩૦૩ કરોડનો ડ્રગ્સ ઝડપાયો છે. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં મોટા ભાગે મેફેડ્રોનના કન્સાઈમેન્ટ હતા અને અડધોઅડધ પંજાબ મોકલવાના હતા તેવું સામે આવ્યું છે.

ગુજરાત માટે એક મોટી ચિંતાની બાબત સામે આવી છે. ગુજરાતના વિશાળ દરીયાકાંઠાનો ડ્રગ્સ ઠલાવવા ઉપયોગ કરાઈ રહ્યાના અહેવાલ સાંપડી રહ્યા છે. વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાંથી રૂ. ૭૩૦૩ કરોડનો ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યો છે. આમાંથી મોટાભાગની શિપમેન્ટ પંજાબ માટે હતી પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે ડ્રગના વપરાશનો પડછાયો ગુજરાતની સરહદોની નજીક આવી રહ્યો છે. ગુજરાતમાં મેફેડ્રોનના સ્થાનિક વેચાણમાં વધારો જોવા મળ્યો છે, જે વપરાશનો સંકેત આપે છે. ગયા વર્ષે, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ એમ ત્રણ રાજ્યોમાં ફેલાયેલા ત્રણ મોટા ગુનાઓમાં ૧,૮૮૨ કિલો મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં કરવામાં આવેલા કુલ જપ્તીમાંથી એટીએસએ કોસ્ટગાર્ડ, એનસીબી અને નેવીની મદદથી ૬,૮૭૧ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા.ગુજરાત પોલીસના ડેટા અનુસાર, કુલ ૨૪,૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા અને ૮૪૮ વ્યક્તિઓ પર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળ ૫૮૨ કેસ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ સ્પષ્ટતા કરી હતી કે, મોટાભાગના ડ્રગ્સ ગુજરાત માટે મોકલવામાં આવ્યા ન હતા પરંતુ પંજાબ માટે મોકલવામાં આવ્યા હતા. અમારા મધ્ય-સમુદ્રી ઓપરેશન્સ દર્શાવે છે કે હેરોઈન અથવા કોકેઈન શિપમેન્ટમાંથી કોઈ પણ ગુજરાત માટે મોકલવામાં આવ્યું ન હતું. અમારી તપાસ દર્શાવે છે કે તે બધા પંજાબ તરફ મોકલવામાં આવ્યા હતા.

તેમણે ઉમેર્યું કે ગુજરાતમાં હેરોઈન અથવા કોકેઈન જેવા હાઈ-પ્રોફાઈલ ડ્રગ્સના વપરાશમાં નોંધપાત્ર વલણ જોવા મળ્યું નથી. થોડા કિલોગ્રામ ગાંજા જેવા નાના માલ ગુજરાત માટે મોકલવામાં આવતા હતા પણ તેમણે રાજ્યમાં મેફેડ્રોનના સ્થાનિક ઉત્પાદન અને વપરાશ તરફ પણ ધ્યાન દોર્યું હતું.

નિષ્ણાતો માને છે કે, ગુજરાતનો વિશાળ દરિયાકિનારો

(અનુ. આઠમા પાને)

### ફક્ત એટીએસએ અલગ અલગ એજન્સીની મદદથી રૂ.૬૮૭૧ કરોડનો ડ્રગ્સ પકડ્યો

ગુજરાત એટીએસએ સ્વતંત્ર રીતે તેમજ ભારતીય કોસ્ટ ગાર્ડ, નૌકાદળ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો જેવી અન્ય એજન્સીઓના સહયોગથી ૬,૮૭૧ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. એટીએસએ ગત વર્ષમાં સતત ડ્રગ્સના દુષણ પર ધોસ બોલાવી હતી. એટીએસ દ્વારા અલગ અલગ બે ડ્રગ્સની ફેક્ટરી પણ પકડી પાડી હતી.




# શું દરરોજ દાઢી કરવી નુકશાનકારક છે? જાણો મહિનામાં કેટલીવાર કરવી દાઢી

## ઘણા લોકોને દરરોજ સેવિંગ કરવી પસંદ છે, તો કેટલાંક લોકો મહિનાઓ સુધી દાઢી કરતા નથીઃ આજના યુગમાં લોકો પોતાની પર્સનાલિટી સારી પાડવા માટે વિવિધ પ્રકારની દાઢી રાખવાનું પસંદ કરે છે



પ્રાચિનકાળથી આપણે દાઢી રાખતા આવ્યા છીએ. પહેલા તો મુંછનું વિશેષ મહત્વ ગણાતું આજે પણ શોખીનો આંકડા ચડાવીને રાખતા જોવા મળે છે. સંતો-મહંતો લાંબા વાળની જટા અને દાઢી વિશે રાખતા જોવા મળે છે. આજના યુગમાં ટીવી - ફિલ્મના કલાકારોને જોઈને એવી સ્ટાઈલ યુવા ધન રાખતા જોવા મળે છે. છોકરીઓને કલિન શેવ ગમે આછી દાઢી - મૂંછ તે એક સ્પષ્ટ પ્રશ્ન છે.

આપણા ચહેરા ઉપર તરૂણા વસ્થા બાદ યુવાવસ્થાના પ્રારંભે વાળ-મૂંછ ઉગવાનું શરુ થઈ જાય છે. આજના યુગમાં પોતાની બોડી કે જોબ મુજબ લોકો દાઢી રાખે છે, બાળકની છોકરી કે છોકરા તથા વૃધ્ધોની ચહેરાની ચામડી અલગ અલગ જોવા મળે છે. આડી - અવળી અને ઉંધી દાઢી લવરાવતા તેની દાઢી ખુબ જ બરળ અને કડક જોવા મળે છે.

દાઢીની રસપ્રદ જાણકારીમાં આપણને પ્રથમ પ્રશ્ન એ થાય કે શું દરરોજ દાઢી કરવી એ ફાયદાકારક કે નુશાનકારક છે, સાથે મહિનામાં કેટલી વાર દાઢી કરવી, ઘણી સામાન્ય લાગતી વાત ના સાચા જવાબો બહુ ઓછા જાણતા હોય છે. ઘણા લોકોને દરરોજ સેવિંગ કરવી પસંદ હોય છે, તો કેટલાક લોકો મહિનાઓ સુધી દાઢી નથી કરતા, આજના યુગમાં યુવાધન પોતાનું લુક બહેતર બનાવવા વિવિધ પ્રકારની દાઢી રાખવાનું પસંદ કરે છે. સરકારી કે ખાનગી નોકરી કરતાં લોકો મોટાભાગે કલિન સેવ વધુ પસંદ કરતાં હોય છે. અમુક જોબ પ્રમાણે બિયર્ડ લુક રાખવાનું પસંદ કરે છે. અમુક તો દાઢી મૂંછ તો અમુક ખાલી મૂંછ રાખતા જોવા મળે છે.

છેલ્લા બે દશકાથી બાળથી મોટેરા પોતાની ચેહરાની માવજત વધુ કરવા લાગ્યા છે. નિયમિત દાઢી સેવ કરવી તો અમુક અમિતાભ જેવી ફ્રેન્ચ કટ દાઢી રાખે છે. હિન્દી કે અંગ્રેજી ફિલ્મોમાં હિરો અલગ અલગ લુકની દાઢી રાખતા જોવા મળે છે. એક યુગમાં કાવ બોય ખુબ જ પ્રચલિત હતા. એક વાત નકકી છે કે જો તમે દાઢીની રોજ વ્યવસ્થિત સાફ સફાઈ ન રાખો તો ઈન્ફેકશન થવાની શકયતા વધી જાય છે. આપણે ક્રિસ- ફ્રેમ કે લીકવીડ લગાડીને લુબ્રીકેન્ટ કરીને સેવિંગ કરતા હોવાથી આપણા ચહેરાની ચામડીને નુકશાન કરતું નથી. મેડીકલ જગત પણ દરરોજ સેવિંગ કરવાથી નુકશાન થતું નથી વાત કરે છે. હેટસ્ટાઈલ, દાઢી, મૂંછ સાથે આકર્ષક વસ્રો તમારા લુકને ચાર ચાંદ લગાવતા હોવાથી આજનો યુવા વર્ગ તે બાબતે વિશેષ કાળજી લે છે. હેરકટીંગ સલુન પણ તેના ફિકસ જોવા મળે છે.

રોજ દાઢી કરવાની કોઈપણ પ્રકારનું નુકશાન થતુ નથી. પરંતુ દાઢી સાવધાની સાથે સેવ કરવી જરુરી અને સારા ટ્રીમર અને રેઝરનો ઉપયોગ કરવો જરુરી છે. દાઢીની સફાઈ સાથે ચહેરાને મોસ્ચ્યુરાઈઝ કરવું પણ ખુબ જરુરી છે. પોતાની સ્કિન પ્રમાણે સાબુ, ફેસવોશ અને કલીન્ઝરનો ઉપયોગ કરવો જરુરી છે. અઠવાડીયામાં એક વાર દાઢી સેવ કરવી ફાયદાકારક છે. તેમ ચામડીના ડોકટર સલાહ આપવામાં આવે છે. ઘણા લોકોને દાઢી કરાવ્યા બાદ બળતરા ઉપડતી હોય છે, જો કે હવે લગભગ આફટર સેવ લિકવીડ લગાડે છે.

શેવિં ક્રિમ અને જેલની પસંદગી પણ તમારી સ્કિન પ્રમાણે કરવી હિતાવહ છે, કેમ કે અમુકની ચામડી ડ્રાય કે ઓઈલી જોવા મળતી હોવાથી બાબતે કાળજી લેવી જરુરી, આજે તો દાઢીવાળો માણસ અને કલિન શેવ વાળો માસણ જોવા મળે છે. ઘણા લોકો તો દાઢી મૂંછવાળો હેવી બોડી વાળાથી ડરતા પણ જોવા મળે છે. પ્લે હાઉસ કે ધો. ૧ થી ૪ માં મોટા ભાગે સ્રી શિક્ષકોય હોય છે, પણ જો તેના વર્ગમાં દાઢી મૂંછવાળા પુરૂષ ટીચર આવે તો બાળક ડરીને રડવા માંડે છે. શું દાઢી- મૂંછ તેમને માણસ બનાવે છે. ના એક લોક વાયકા છે કે પુરૂષોએ તો દાઢી મૂંછ રાખવી જ જોઈએ. મુસ્લિમ દેશોમાં તમામ લોકો દાઢી-મૂંછ રાખતા જોવા મળે છે.

**ઘણા કિલન શેવ લુક રાખે તો કેટલાક પોતાની બોડી પ્રમાણે કે જોબ પ્રમાણે બીયર્ડ લુક રાખવાનું પસંદ કરે છેઃ ઘણાં લોકો તો સવારે ઉઠતાવેંત દાઢી કરી લે છેઃ મોટી દાઢીની રોજ વ્યવસ્થિત સફાઈ ન રાખો તો ઈન્ફેકશન લાગવાની શકયતા વધી જાય છે**

અમુક લેડીઝને પણ આછી રૂવાટી વાળી દાઢી-મુંછ ઉગતી હોય છે. હોર્મોન્સમાં ફેરફારને લીધે આવું બનતું હોય છે. આજકાલ તો લેસર ટ્રીટમેન્ટથી અણગમતા વાળને કાયમી દૂર કરી શકો છો. પૃથ્વીના લગભગ બધા જ વિસ્તારોમાં રહેતા લોકોમાં દેખાવની બાબતે દાઢી મહત્વનું સ્થાન ધરાવે છે. આપણાં દેશમાં પૌરાણિક કાળથી દાઢી ધરાવતા ઋષિમુનિઓ અને રાજવીઓના વર્ણન ચિત્રલ જોવા મળે છે. અત્યારે ચાલી રહેલા કુંભ મેળામાં લાંબી જટા વાળા અને દાઢી વાળા સાધુ-મહાત્માઓ જોવા મળી રહ્યા છે. જો યુવાન વયે પણ તેમને દાઢી ન ઉગે તો ડોકટરની સલાહ લેવી જરુરી છે.



**નોલેજ કોર્નર**

**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

### આજે દાઢી અને વાળની એક નવી સ્ટાઈલ ચલણમાં

આજે તેમને જાત જાતની હેરસ્ટાઈલ, દાઢી મૂંછની જાત જાતની સ્ટાઈલ જોવા મળે છે. જે અગાઉ કયારેય જોવા મળતી ન હતી. બોલીવુડની અસર સાથે ફેશન યુગની પણ અસર જોવા મળતા આજે દાઢી અને વાળની એક નવી સ્ટાઈલ ચલણમાં છે. આજે યુવાધનમાં ૧૫ દાઢીઓની સ્ટાઈલનો અનેરો ક્રેઝ જોવા મળે છે, જેમાં તમારી દાઢીને કેવી રીતે આકાર આપવો સાથે તમારા ચેહરાને અનુરુપ શૈલી પસંદ કરવી પડે છે. કેટલીક સ્ટાઈલમાં સર્કલ દાઢી, રોયલ દાઢી, ગોટી, પેટી ગોટી, વેન ડાઈક દાઢી, ટુંકી બોકસવાળી, બાલ્બો, એન્કર, શેવરોળ, સ્ટબલ, ઘોડાની મૂંછ, મૂળ સ્પેચ, મટન ચોપ્સ, ગન્સલિંગર, ચિન સ્ટ્રીપ વિગેરે સ્ટાઈલ જોવા મળે છે. અગાઉ ઋષિ મુનીઓ લાંબા વાળને જટા રાખતા હોવાથી સૂર્યના કિરણોની સીધી ગરમી ચારણીની જેમ ચળાઈને આવતા નુકશાન ઓછું કરતા હતા.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ભરૂચ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ઉદ્‌ઘાટનના બન્યા સાક્ષી



**અબતક, રાજકોટ**

ભરૂચમાં સ્વામી પરમાત્માનદજી સરસ્વતીની ઉપસ્થિતિમાં વાલિયા ઈન્ડ્રસ્ટ્રીયલ પાર્કના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, સ્થાનિક આગેવાનો તેમજ ઈન્ડસ્ટ્રીયલો ઉપસ્થિત રહેલ. વિજયભાઈ રૂપાણીએ ઔદ્યોગીક વિકાસની ઝડપ માટે વડાપ્રધાનના અભિગમને યશભાગી ગણાવ્યું હતું.

ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા

# રોબોફેસ્ટ ગુજરાત ૪.૦નો આજથી ચાર દિવસ અમદાવાદમાં ગ્રાન્ડ ફિનાલે

## ગુજરાતના ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ રોબોટિકસમાં અદ્યતન પ્રગતિના સાક્ષી બનશે

**અબતક,રાજકોટ**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આયોજિત ભારતની સૌથી મોટી રોબોટિકસ સ્પર્ધા, રોબોફેસ્ટ ગુજરાત ૪.૦, તેનો ગ્રાન્ડ ફિનાલે આજથી ૨૪ જાન્યુઆરી,દરમિયાન ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે.આ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક કાર્યક્રમનું ઉદઘાટન શ્રીમતી મોના ખંધાર, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમનાં ઉદઘાટન સમારંભ દરમિયાન નિલેશ એમ. દેસાઈ, અને ડો. રાજુલ ગજ્જર, ઉપસ્થિત રહ્યા હતા.

આ રાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ નવીનતા, ટેકનોલોજી અને સર્જનાત્મકતાની ઉજવણી છે, જે સમગ્ર ગુજરાતમાંથી ૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને રોબોટિકસમાં અદ્યતન પ્રગતિના સાક્ષી બનશે.

વિદ્યાર્થીઓ સાત કેટેગરીમાં આ રોબોટીક સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છેઃ હેકસાપોડ રોબોટ, રોવર, સ્વોર્મ, ટુ-વ્હીલ્ડ સેલ્ફ-બેલેંસીંગ રોબોટ, ફન-રોબોટીક્સ, સબમરીન અને અંડર-વોટર રોબોટ્સ અને એપ્લિકેશન-આધારિત રોબોટ્સ. દરેક કેટેગરી વાસ્તવિક દુનિયાની સમસ્યાઓને ઉકેલવા માટે રોબોટિકસની એપ્લિકેશનને હાઈલાઈટ કરે છે અને હેન્ડસ-ઓન લર્નિંગને પ્રોત્સાહન આપે છે.

૧,૨૮૪ પ્રારંભિક નોંધણીઓમાંથી, ૧૬૯ ટીમોને લેવલ-૧ની વિજેતા તરીકે પસંદ કરવામાં આવી હતી, જેમાં દરેકને રૂ. ૫૦,૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી..

આમાંથી, ૧૦૦ ટીમોએ પ્રોટોટાઈપ સ્ટેજ પર આગળ વધીને સામૂહિક રીતે રૂ. ૨ કરોડની ઈનામી રકમ મેળવી. આ પ્રોટોટાઈપ્સ ગ્રાન્ડ ફિનાલેમાં પ્રદર્શિત કરવામાં આવશે, જે મુલાકાતીઓને નવીન રોબોટિક સોલ્યુશન્સનાં લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા એક અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરશે.

સ્પર્ધામાં રોબોટિકસ પ્રોટોટાઈપ્સનું પ્રદર્શન પણ છે, જે વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા અને ટેકનિકલ કૌશલ્ય ઉદ્યોગજગત, શિક્ષણવિદો અને સાથી સહભાગીઓને પ્રદર્શિત કરવાની તક પૂરી પાડે છે.

વધુમાં, ઈવેન્ટની સાથે ઈન્ટરેકિટવ વર્કશોપ અને નિષ્ણાતોની સાથે વાર્તાલપ યોજવામાં આવશે, જે ઉપસ્થિતોને રોબોટિકસ અને કૃત્રિમ બુદ્ધિમત્તામાં પ્રગતિનું સંશોધન કરવા પ્રેરણા આપશે. ગ્રાન્ડ ફિનાલે કાર્યક્રમ અને ઈનામ વિતરણ ૨૪ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ યોજાશે.

રોબોફેસ્ટ-ગુજરાત ૪.૦ એ ભારતના રોબોટિકસ લેન્ડસ્કેપમાં પરિવર્તનશીલ પ્રવાસનું પ્રતિનિધિત્વ કરે છે, જે સ્ટીમ ક્ષેત્રોમાં ભાવિ નેતાઓને ઉછેરવા માટે ગુજકોસ્ટના વિઝનને સાકાર કરે છે.કુલ રૂ. ૫ કરોડની રકમ સાથે., આ સીમાચિહ્નરૂપ ઈવેન્ટ ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા અને સહયોગ માટે નવા માપદંડો સ્થાપિત કરવા માટે તૈયાર છે, જે નવીનતા અને વૈજ્ઞાનિક પ્રગતિના હબ તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

# સિક્યુરિટીઝ ટ્રાન્ઝેકશાન ટેક્સ નાબૂદ કરોઃરોકાણકારો-શેરબ્રોકરોની માંગ

## કોમોડિટીઝ ટ્રાન્ઝેક્શાન ટેક્સ પણ નાબૂદ થવો જોઈએઃ શેરબજાર પર અનેક પ્રકારના ટેક્સનો બોજ છે

## ઈન્કમટેક્સ, શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ટેક્સ,જી.એસ.ટી બધી જ પ્રકારના ટેક્સ છે તો એસ.ટી.ટી અને સી.ટી.ટી શા માટે..?

**અબતક, રાજકોટ**

હાલ શેરબજારમાં ટ્રેડ કરવાથી કે પછી આવક થવાથી લાગતા ટેક્સ જોવા જઈએ તો અનેક પ્રકારના ટેક્સ શેરબજાર પર લાગી રહ્યા છે.શેરબજારના ટ્રેડિંગ પર સિકયુરિટીઝ ટ્રાન્સેક્શન ટેક્સ,જી.એસ.ટી, એકસચેન્જ તરફથી લગાવવામાં આવતો ટર્નઓવર ચાર્જ, સેબી ફી , શેરબ્રોકરોની બ્રોકરેજ,બ્રોકરેજ પર જી.એસ.ટી અને ડિમેટના ચાર્જીર્સ તો લાગે જ છે.

ઉપરાંત આવકવેરો,શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ટેક્સ પણ લાગે છે અને આવા વેરા ભરવાની જવાબદારી શેરબજારમાં રોજબરોજ ટ્રેડિંગ કરતા કે પછી રોકાણ કરનારા નાના કે મોટા રોકાણકારોને લાગે છે.તેઓને ટેક્સ ભરવાની જવાબદારી આવે છે.

આવી અનેક પ્રકારની વેરાની જવાબદારીને કારણે આપણા ભારતમાં ઘણા ઓછા લોકો એટલે કે વસ્તીના પ્રમાણમાં ફક્ત ૧૦% થી ઓછા લોકો શેરબજારમાં નાણા રોકી રહ્યા છે. જ્યારે અમુક દેશોમાં આ આંકડો ૪૦% થી વધુ જોવા મળી રહ્યો છે.

જો એસ.ટી.ટી એટલે કે સિક્યુરિટીઝ ટ્રાન્સેક્શન ટેક્સ નાબૂદ કરવામાં આવે તો શેરબજારને વેગ મળે અને નાના-નાના રોકાણકારો શેરબજાર તરફ વળશે અને સરવાળે દેશના આર્થિક વિકાસને વેગ મળશે.

ઘણા સમય પહેલા એસ.ટી.ટી એટલે કે સિક્યુરિટીઝ ટ્રાન્સેક્શન ટેક્સ આવકવેરા સામે મજરે બાદ મળતો હતો એટલે કે સેટ ઓફ થતો હતો. એ નિયમ બરાબર હતો. હવે તો એસ.ટી.ટી પણ ભરવાનો, આવકવેરો પણ ભરવાનો અને બીજા ટ્રેડ ને લગતા ખર્ચાઓ પણ સહન કરવાનો વારો શેરબજારના રોકાણકારો પર છે. હાલમાં જ્યારે વિદેશી નાણાકીય સંસ્થાઓ ભારતીય શેરબજાર માંથી પોતાનું રોકાણ હટાવીને બીજા દેશોમાં રોકાણ કરી રહી છે. ત્યારે જો ભારતનો ખુદનો રોકાણકાર જ શેરબજાર તરફથી વિમુક્ત થશે તો શું હાલત થશે ? મ્યુચ્યુઅલ ફંડમાં મોટું રીડમપ્સન આવશે તો શું થશે?



આવી પરિસ્થિતિમાં એસ.ટી.ટી અને કોમોડિટીઝ પર લાગતો સી.ટી.ટી હટાવો ખૂબ જ જરૂરી છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી શેરબજારમાં શરૂ થયેલી તેજીને જો બ્રેક ન લાગવા દેવી હોય તો બજારને બુસ્ટ મળે તેવા પગલાની સખ્ત જરૂર છે.શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર શેરબજારમાં ખાસ કરીને પ્રાઈમરી માર્કેટમાં જે રીતે બુમ ચાલે છે એ ટકાવવા અને સેકન્ડરી માર્કેટને મંદીમાંથી બચાવવા ટેક્સની જવાબદારીઓ ઘટાડવી ખૂબ જ જરૂરી બનશે. છેલ્લા બે ત્રી-માસિક ગાળાના કંપનીઓના પરિણામો પણ સારા આવી રહ્યા નથી. વિદેશી નાણાકીય સંસ્થાઓ નેટ વેચવાલી પર જ છે અને શેરો વેચી રહી છે. વ્યાજ દરમાં પણ કોઈ રાહતના સમાચાર નથી. તેવા તબક્કે નાના રોકાણકારો, ડેઈલી ટ્રેડિંગ કરતો વર્ગ અને શેરબ્રોકરો ની માંગણી છે કે સી.ટી.ટી અને એસ.ટી.ટી નાબૂદ થવા જોઈએ.

આમ પણ સરકારને જી.એસ.ટીની તો તોતીંગ આવક થઈ રહી છે. બીજા અન્ય વેરાઓથી સરકારી તિજોરી છલકાઈ રહી છે. ત્યારે શેરબજારના રોકાણકારોની રાહતની માંગણી વ્યાજબી છે.

આવનારા બજેટમાં જો આ અંગે જાહેરાત થાય તો શેરબજારમાં ફરીથી ફૂલ ગુલાબી તેજી થઈ શકે છે.કોઈપણ પ્રકારના વેરામાં જો રાહત આપવામાં આવશે તો શેરબજારમાં ફરીથી મોટી તેજી જોવા મળશે. રોકાણકારો અને શેરબ્રોકરોને મોટી આશા આવનારા બજેટ પર છે. જે ૧ લી ફેબ્રુઆરીએ રજૂ થશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૧-૨૦૨૫ મંગળવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બેનામી ખીર)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (જીવન વીમા)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૧-૨૦૨૫ બુધવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૨-૧-૨૦૨૫ બુધવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | પોષ વદ આઠમ વિરદાદા જશરાજ જયંતી |
| **નક્ષત્ર** | સ્વાતી |
| **યોગ** | શૂલ **કરણ**: તેતિલ |
| **સુર્યોદય** | ૭.૨૮ **સુર્યાસ્તઃ** ૬.૨૮ |
| **ચંદ્ર રાશી** | તુલા |
| **રાશિ અક્ષર** | ર.ત |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૩ થી ૧.૧૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | | ૮ | | ૩ |
| | | ૮ | | | | ૧ | ૪ | |
| | | ૩ | | ૪ | ૫ | | ૯ | |
| | | | | ૨ | | | | |
| | | ૧ | | | ૩ | ૯ | | |
| ૫ | ૬ | | | | | | | |
| ૨ | | | | | | ૬ | ૩ | |
| | | | | ૭ | ૮ | | | |
| ૪ | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૧.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, પોષ વદ આઠમ, સ્વાતિ નક્ષત્ર, શૂળ યોગ, તૈતિલ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

- મેષ (અ,લ,ઈ) : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય,શુભ દિન.
- વૃષભ (બ,વ,ઉ) : સવાર બાજુનો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
- મિથુન (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
- કર્ક (ડ,હ) : જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
- સિંહ (મ,ટ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
- કન્યા (પ,ઠ,ણ) : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
- તુલા (ર,ત) : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
- વૃશ્ચિક (ન,ય ) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
- ધન (ધ,ભ,ફ,ઢ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
- મકર (ખ,જ) : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્રીવર્ગ માટે ઉત્સાહજનક,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
- કુંભ (ગ,સ,શ) : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.
- મીન (દ,ચ,ઝ,થ) : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય,ધાર્યા કામ પાર પાડી શકો.

## ૫૦ વર્ષથી જન પ્રતિનિધિઓની ગ્રાન્ટ બાકડાં મુકવા, દિશા સૂચક બોર્ડ અને પેવિંગ બ્લોકના કામો માટે જ વપરાતી હતી

# કોર્પોરેટરો હવે ૭૧ જેટલા વિકાસ કામો માટે ગ્રાન્ટ વાપરી શકશે

### રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ પાસે કોર્પોરેટરોની ગ્રાન્ટ ક્યાં કામ માટે વાપરવામાં આવે છે તેની યાદી મંગાવતા સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર: ચાલુ વર્ષથી જ અલગ-અલગ ૭૧ પ્રકારના કામો માટે જન પ્રતિનિધિઓની ગ્રાન્ટ ઉપયોગમાં લેવા અધિકારીઓને સૂચના

### આગામી દિવસોમાં કોર્પોરેટરો સાથે સંકલન બેઠક કરી ક્યાં કામો માટે ગ્રાન્ટ વાપરી શકાય તેની યાદી પણ આપી દેવાશે: વોર્ડ દીઠ મળે છે રૂ.૮૦ લાખની ગ્રાન્ટ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને પોતાના વોર્ડમાં વિકાસ કામો માટે મળતી ગ્રાન્ટ છેલ્લા ૫૦ વર્ષોથી બાકડાં મુકવા, પેવિંગ બ્લોક ફીટ કરવા, દિશા સૂચક બોર્ડ મૂકવા સહિતના ૬ થી ૭ કામો માટે જ વપરાતી હતી. હવે નગરસેવકો પોતાની ગ્રાન્ટ ૭૧ જેટલા કામો માટે વાપરી શકશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે તાજેતરમાં રાજ્યની સાત મહાનગરપાલિકાઓ પાસે કોર્પોરેટરોની ગ્રાન્ટ ક્યા-ક્યા કામોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેની યાદી મંગાવી હતી. જેના આધારે શોર્ટીંગ કર્યા બાદ ૭૧ કાર્યો માટે આ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાય છે. તેવી યાદી તૈયાર કરી છે. ચાલુ વર્ષથી જ કોર્પોરેટરોની ગ્રાન્ટ ૭૧ પ્રકારના કામો માટે ઉપયોગમાં લેવા અધિકારીઓને તાકીદ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં કોર્પોરેટરો સાથે સંકલન બેઠક કરી ક્યા કામો માટે તેઓ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકશે તેની યાદી પણ આપી દેશે.

પત્રકારોએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટાયેલ કોર્પોરેટરને પ્રત્યેક નાણાકીય વર્ષ દરમિયાન ફાળવવામાં આવતી ૨૦ લાખની ગ્રાન્ટ વોર્ડમાં ૭૦ કામો માટે વાપરી શકાશે. જેમાં ઝુંપડપટ્ટીમાં પાણી, ગટર, સ્ટોન પેવીંગ, વરસાદી પાણીના નિકાલ માટે લાઇન, રબર મોલ્ડ, પેવર બ્લોક, ડામર રોડ, આર.સી.સી.રોડના કામ નાની શેરીઓ/ગલીઓમાં ડામર કામ, રસ્તાઓ ઉપર મેટલ-ડામર રોડ તથા ટ્રાફીક નિયમન માટે રોડ ડીવાઈડર અને સ્પીડ બ્રેકરનું કામ.

કોર્પોરેશન હસ્તકના જીમ્નેશીયમ, અર્બન હેલ્થ સેન્ટર, સીટી સીવીક સેન્ટર, સ્વીમીંગ પુલ, હેલ્થ મસ્ટર સ્ટેશન, આર.એમ.ટી.એસ., સ્કુલ બોર્ડના બિલ્ડીંગો, વિવિધ હોસ્પિટલોના બિલ્ડીંગોમાં, લાયબ્રેરી, લાયબ્રેરી/વાચનાલય બિલ્ડીંગમાં, મ્યુનિસિપલ સ્મશાનગૃહ બિલ્ડીંગોમાં, મ્યુનિસિપલ બગીચાઓમાં ગ્રાન્ટ વાપરી શકાશે.



મ્યુ.મિલકતમાં ટ્યુબલાઇટ, પંખા, લાઈટના થાંભલા, સોલર લાઇટ, સોલર વોટર હીટર, સોલર પ્લાન્ટ, એલ.ઈ.ડી. લાઇટના કામ.

૧૨૫ ચોરસ મીટર સુધીનું બાંધકામ ધરાવતા લેટસ, રો-હાઉસ, ખાનગી સોસાયટીઓમાં ટેનામેન્ટસ હાઉસીંગ બોર્ડના મકાનો, સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતો વિગેરેની પાણી, ગટર, રસ્તા, પેવર, બ્લોક, પત્થર પેવિંગ, ફૂટપાથ તથા વરસાદી લાઇન (સ્ટોમ વોટર ડ્રેઈન), વિજળીકરણની સુવિધા કોમન પ્લોટસ તથા કોમન વપરાશની ખુલ્લી જગ્યાઓમાં કર્વડ પાર્કિંગ એરીયા તથા હોલોપ્લીન્થની નીચેની જગ્યાઓમાં પેવર બ્લોક, પથ્થર પેવીંગ વિગેરેની સુવિધાઓ પુરી પાડવા માટે ૧૦૦% ખર્ચ પેટે કાઉન્સીલર દ્વારા રૂ.૫ લાખની મર્યાદામાં બજેટ ફાળવી શકાશે.

કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં શૌચાલય, મુતરડી, પાણી, કંપાઉન્ડ વોલ/વાયર ફેન્સીંગ, વિજળીકરણ, પંખાના કામો, બાલક્રિડાંગણ આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રમત-ગમત તેમજ અંગ કસરતનાં સાધનો વસાવવા, આંગણવાડીના મકાનોનું બાંધકામનું કામ, હેલ્થ સફાઇ માટે હેલ્થ ખાતા ધ્વારા નિયત થયેલ પ્રતિ નંગ રૂ.૧૦૦૦/-ની મર્યાદાવાળા ૨૦% લોકફાળો, તથા ૮૦% મ્યુ.કાઉન્સીલર ફંડમાંથી ફાળવી ડસ્ટબીન મૂકવાના કામ કરી શકાય તથા ચાલી અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૧૦૦% ફાળો મ્યુનિ.કાઉન્સીલર પ્રતિ નંગ રૂ.૧૦૦૦/-ની મર્યાદામાં ડસ્બીન ફાળવવાના કામ માટે ફાળવી શકશે. હોસ્પિટલમાં આરોગ્ય વિષયક સાધનો મુકવા. કોર્પોરેશન બગીચાના વિકાસના કામો માટે ગ્રાન્ટ વાપરી શકાશે.

કોર્પોરેશનમાં બગીચા, સ્કુલ બોર્ડના બિલ્ડીગો, લાઈબ્રેરી સહિતની ફાઈબરનાં ચબૂતરા બનાવવા, કોર્પોરેશન હસ્તકના અંતિમ ધામોમાં રોડ, ગટર, પાણી, લાઇટ, કમ્પાઉન્ડ વોલ કેમપાઉન્ડનો મુખ્ય દરવાજા તથા શૌચાલય બનાવવાના કામ માટે, ફિઝીયોથેરાપી સેન્ટર તથા હેલ્થ ક્લબમાં સાધનો નવા મુકવા માટે બજેટ ફાળવી શકાય. મ્યુનિસિપલ શાળાઓ માટે તથા મધ્યાહન ભોજન યોજના માટે પાથરણા, આસન, પટ્ટા, બેન્ચિસ, ટેબલ, કોમ્પ્યુટર ફર્નિચર, પુસ્તકો માટે બજેટ ફાળવી શકાય. અંતિમ ધામોમાં પ્રાથમિક સુવિધાના કામો માટે બજેટ ફાળવી શકાય. ઈડબલ્યુએસ કોલોનીમાં જે-તે બ્લોકની પાણી/ડ્રેનેજની પીવીસી લાઈનોમાં લીકેજના પ્રશ્નો હોય તેવી લાઈનોના સંદર્ભે સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ખાસ કિસ્સામાં જરૂરીયાત મુજબ પાઈપલાઈનો બદલવા માટે મ્યુનિસિપલ કાઉન્સીલરના બજેટ હેડ હેઠળ ફંડ ફાળવી શકાશે.

સ્માર્ટ આંગણવાડીનું બાંધકામ, અંગ્રેજી માધ્યમ અને જુનિયર અને સિનિયર કે.જી. અને ધોરણ ૧ થી ૫ તથા મહાનગરપાલિકા હસ્તકની શાળાઓ માટે સ્પોર્ટસ પ્રવૃતિ તથા શૈક્ષણિક સાધન સામગ્રી, અર્બન હેલ્થ સેન્ટરોમાં દર્દીની સુવિધા માટે બાંધકામ, સાધનોની ખરીદી. સર્કલોનું થીમ આધારીત નવીનીકરણ તથા વૃક્ષારોપણ સંબંધિત વસ્તુઓ. રોડ-રસ્તા વિકસાવવાનું કામ ઓર્નામેન્ટલ ગ્રીલ કરવી, બ્યુટીફિકેશન, વૃક્ષારોપણ કરવું, ટ્રી-ગાર્ડ, પ્લાન તથા કુંડા મુકવા, સરકારી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં, આંગણવાડીઓમાં પીવાના પાણીના સંગ્રહ માટે પી.વી.સી. ટાંકી, તેને સંલગ્ન મર્યાદિત ફિટિંગ વગેરેના કામ. સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે બેસવા માટેની બેંચ તથા શૈક્ષણિક હેતુ માટેની વસ્તુઓ. બંધ પડેલી સોલાર લાઈટોની નિભાવણી-રીપેરીંગ માટે ગ્રાન્ટ વાપરી શકાશે. પાણીની સુવિધા માટે પાઈપલાઈન તથા પાણીના નિકાલ માટે ગટર લાઈનની વ્યવસ્થા કરવા, જમીન અને વન વિભાગ પર વૃક્ષારોપણ કરી તેનું બ્યુટીફીકેશન જાળવવા માટે તાર-ફેન્સીંગ અને ચેઈન લિંક ફેન્સીંગ કરવા મહાનગરપાલિકા વિસ્તારમાં કરી શકાશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કિ કરેલી આરોગ્યને લગતી વસ્તુઓ તથા મશીનરીઓ. સરકારી આંગણવાડીમાં રમત ગમતના સાધનો તથા શૈક્ષણિક સાધનો મૂકવા માટે ગ્રાન્ટ વાપરી શકાશે.

મહાનગરપાલિકાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં નિભાવણી અને સુરક્ષાની જવાબદારી સ્વીકારવા તૈયાર હોય સામાજિક સંસ્થાઓ/ જાહેર સ્થળો/ ધાર્મિક સ્થળોએ બગીચાઓમાં રમત-ગમતના સાધનો, અંગ કસરત સાધનો, વોટર કુલર, આર.ઓ. ટ્રી-ગાર્ડ તેમજ જરૂરી અન્ય આવશ્યક ચીજવસ્તુઓ/સાધનો અને વિદ્યાર્થીઓ માટે બેન્ચીસ અને ધાર્મિક સ્થળોએ નવા પંખા નાખવા, નવા બારી-બારણા બનાવવા, પીવીસી પાણીની ટાંકી મુકવાની વ્યવસ્થા કરવી તથા નિભાવણી અને સુરક્ષાની જવાબદારી જે તે ધાર્મિક સંસ્થાની રહેશે.

બગીચાઓમાં તથા સોસાયટીમાં ખુલ્લી જગ્યાઓમાં તથા પબ્લિક પ્લેસમાં જરૂરી સગવડો જેમ કે રમત ગમતના સાધનો તથા બગીચાને લગતી અન્ય સાધન-સામગ્રી, ટ્રી-ગાર્ડ તથા શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે તે માટે અંગકસરતની સાધનો મુકવા, સેવાભાવી સંસ્થાઓ, સામાજીક તથા ધાર્મિક સંસ્થાઓમાં વોટર કુલર, આર.ઓ. પ્લાન્ટ, પંખા, પ્લાસ્ટિક ખુરશી આપવા, સ્વચ્છતા અભિયાન અંતર્ગત બજેટની ગ્રાન્ટમાં નક્કી થયેલ રકમ રૂ.૧.૫ લાખની ગ્રાન્ટ સફાઈને લગતી તમામ પ્રવૃતિઓ જેવી કે ડસ્ટબીન વિતરણ, મોબાઈલ ટોયલેટ વાન વગેરેમાં ફાળવી શકાશે. અર્બન હેલ્થ સેન્ટરોમાં દર્દીઓની માટે બેસવાની પાટલીઓ, પંખા, પલંગ, સ્ટીલના કબાટ અને મેડિકલના સાધનો આપવા, મહાનગરપાલિકા વિસ્તારમાં ડસ્ટબીન અને સફાઈના સાધનો આપવા.

પદાધિકારીઓ અને સભાસદોઓની ગ્રાંટમાંથી પાવડર કોટેડ એમ.એસ.ના બાંકડા સંસ્થાઓને આપી શકાય છે.

સોલાર લાઈટ આપી શકાય. વિદ્યાર્થીઓ માટે ધાર્મિક, શૈક્ષણિક તેમજ પર્યટન સ્થળોએ પ્રવાસમાં આવવા-જવા તેમજ અન્ય આનુષંગીક સેવાઓ માટેનો

ખર્ચ કરી શકાશે. ક્વોટાની ફાળવણીની સભાસદ દીઠ મંજૂર થયેલી રકમના ૨૦% સુધીના ખર્ચની મર્યાદામાં માટી પુરાણ, સાકડા તથા ટીગાર્ડના સૂચનો માટે ખર્ચ કરી શકાશે. પાણી વિતરણની પાઇપલાઇન નાખવા, નવીન હેન્ડપંપની સુવિધા આપવી, ડ્રેનેજ લાઈન નાંખવા અથવા હયાત ડ્રેનેજ લાઈન ટેકનિકલી શક્ય હોય ત્યા લંબાવી આપવા, જાહેર સંડાસ બનાવી આપવા, નવીન વરસાદી ગટર નાંખતી અથવા હયાત વરસાદી ગટર લંબાવી આપવી, કાચા રસ્તા પાકા કરવા અને મેટલ ગ્રાઉટીંગવાળા રસ્તા પર કાર્પેટ કરવા અને જાહેર સ્થળોએ પથ્થર પેવીંગ કરવા ગ્રાન્ટ વાપરી શકાશે.

આ ઉપરાંત કોર્પોરેટરો પોતાની વાર્ષિક ગ્રાન્ટ કાચા રસ્તા પર હાર્ડ પુરમ કરવા, જ્યાં સ્ટ્રીટલાઇટની સુવિધા ન હોય ત્યાં રસ્તાની પહોળાઈ મુજબ સ્ટ્રીટલાઇટની સુવિધા આપવી, નવિન ડસ્ટબીન, ૬ ડબ્બાની હાથલારી તથા સાદી હાથલારી આપવાની કામ પણ કરી શકાશે.

જાહેર સ્થળો જેવા કે કચરાપેટીના સ્થળો, ધાર્મિક સ્થળો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સંચાલિત સ્કુલોના ઓપન વિસ્તારોમાં સ્વચ્છતાને ધ્યાને લેતા પથ્થર પેવીંગ-પેવર બ્લોકની કામગીરી કરી શકાશે.

(અનુ. આઠમા પાને)


## હિમોફિલિયા લોહીનો વારસાગત રોગ

# રાજ્ય સરકારે બે વર્ષમાં ૧૧ હજારથી વધુ દર્દીઓને હિમોફિલિયાના ઈન્જેકશન મફત આપ્યા

### ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિમોફિલિયાના દર્દીઓને નિ:શુલ્ક ઈન્જેકશન આપવાની શરૂઆત કર્યા બાદ વિકલાંગતાના કેસમાં નોંધપાત્ર ઘટાડો થયો: હાલ ગુજરાતમાં હિમોફિલિયાના ૩૦૦૦ દર્દીઓ, એકમાત્ર હિમોફિલિયા કેર સેન્ટર સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં કાર્યરત

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં લાખો લોકો દુર્લભ હિમોફિલિયાની બીમારીથી પીડાય છે. હિમોફિલિયા એ લોહીનો વારસાગત રોગ છે, જેમાં લોહી યોગ્ય રીતે ગંઠાતું ન હોવાથી રક્તસ્ત્રાવ થાય છે. આ રોગનો કાયમી ઈલાજ નથી એટલે તેને નિયંત્રણમાં રાખવો અને દર્દીઓને સમયસર સારવાર આપવી જરૂરી છે. હાલમાં ગુજરાતમાં ૩,૦૦૦થી વધુ હિમોફિલિયાના દર્દીઓ છે જેમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર વિનામૂલ્યે ઈન્જેકશન પ્રદાન કરી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હિમોફિલિયાના દર્દીઓને વિના મૂલ્યે ઈન્જેકશન આપવાની




શરૂઆત કરી હતી, જેના કારણે હિમોફિલિયાના દર્દીઓ આજે વધુ સ્વસ્થ અને સક્રિય જીવન જીવી રહ્યા છે.

હિમોફિલિયા બીમારીમાં ક્લોટિંગ ફેક્ટરની અછત હોય છે એટલે લોહી જલદી જામતું નથી. લોહીમાં કુલ ૧૩ પ્રકારના ક્લોટિંગ ફેક્ટર હોય છે જેમાંથી ફેક્ટર ૮ અને ૯ ફેક્ટર ખામીયુક્ત હોય તો હિમોફિલિયા થવાની શક્યતા રહે છે. હિમોફિલિયાના અ, ઈ અને ઈ એમ ત્રણ પ્રકાર છે અને તેમાં ગંભીરતા પ્રમાણે સિવિઅર, મોડરેટ અને માઈલ્ડ એમ ત્રણ પ્રકારના દર્દીઓ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં દર ૧૦,૦૦૦ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિને હિમોફિલિયા થાય છે.

હિમોફિલિયાના દર્દીઓને લોહી વહેતું બંધ થાય એ માટે જરૂરી ફેક્ટરના ઈન્જેક્શન આપવામાં આવે છે. અગાઉ હિમોફિલિકને રક્તસ્રાવને કાબૂમાં લેવા માટેની સારવાર મળવી મુશ્કેલ હતી. જોકે, ૨૦૧૨માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે સિવિલ હોસ્પિટલોમાં હિમોફિલિયાના દર્દીઓને મફત ઈન્જેકશન આપવાનું શરૂ કર્યું હતું જેના થકી દર્દીઓની લાઈફ સ્પાન એટલે કે તેમનું આયુષ્ય વધ્યું છે અને તેમના માટે રોજિંદી પ્રવૃત્તિઓ કરવી સરળ બની છે. હિમોફિલિક વ્યક્તિને આપવામાં આવતા એક ઈન્જેકશનની કિંમત ₹૨૫થી ૩૦ હજાર હોય છે જેનો ખર્ચ સરકાર દ્વારા પૂરો પાડવામાં આવે છે. હાલ સમગ્ર રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં આ ઈન્જેકશન ઉપલબ્ધ છે. છેલ્લા ૨ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૧૧,૮૦૦થી વધુ ફેક્ટર વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આજે ગુજરાતમાં ૩,૦૦૦ થી વધુ હિમોફિલિયાના દર્દીઓ છે જેમાંથી ૫૦૦ થી વધુ દર્દીઓ સુરતમાં છે. સુરતમાં 'હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટર' હિમોફિલિયાના દર્દીઓ પીડામુક્ત જીવન જીવી શકે અને લોકોમાં આ રોગ વિશે જાગૃતિ ફેલાય એ માટે કાર્ય કરી રહી છે. વર્ષ ૨૦૧૫માં આ સંસ્થા અને નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી સુરત સ્થિત નવી સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયા કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી. આ ગુજરાતનું એકમાત્ર હિમોફિલિયા સમર્પિત

(અનુ. આઠમા પાને)

### દુર્લભ રોગ સામે લડીને હિમોફિલિયાના દર્દીઓ ડોકટર, સીએ અને વકીલ બન્યા

હિમોફિલિયા સોસાયટી સુરતના સહયોગના પરિણામે હિમોફિલિયા કેર સેન્ટર આજે દર્દીઓ માટે આશાનું કિરણ બન્યું છે. આ દુર્લભ રોગ સાથે જીવતા લોકો માત્ર સ્વસ્થ જીવન નથી જીવી રહ્યા, પણ પોતાના સપનાં પણ સાકાર કરી રહ્યા છે. સુરતમાં જ હિમોફિલિયાના ઘણાં દર્દીઓ ડોક્ટર, સીએ, વકીલ જેવા વ્યવસાયોમાં ફરજ બજાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જીએસઆઈઆરએફ રેન્કિંગમાં ૪ સ્ટાર મેળવ્યો




### ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને કે.સી.જી. દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રેટીંગ આપવામાં આવ્યું: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જીએસઆઈઆરએફમાં ૫ માંથી ૩.૯૯ ગ્રેડ મળ્યા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ GSIRF રેન્કીંગમાં ફોર સ્ટાર મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને કે.સી.જી. દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રેટીંગ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ આઈક્યૂએસીના





કોઓર્ડીનેટર ડો. સંજયભાઈ મુખર્જીને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રદાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમગ્ર વર્ષના શિક્ષણ, સંશોધન, સ્ટાર્ટઅપ્સ, સેમીનાર, કોન્ફરન્સ, પ્રકાશન, પેટન્ટ, ફેસીલીટીઝ અને પ્રવૃત્તિઓમાં કરેલા શ્રેષ્ઠ કાર્યને પ્રતિબિંબિત કરે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જીએસઆઈઆરએફમાં ૫ માંથી ૩.૯૯ ગ્રેડ મળેલ છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી રાજ્યની કોલેજો અને યુનિવર્સિટીઓને સ્ટેટ રેન્કિંગ આપવાનો પ્રારંભ કરાયો છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આ રેન્કિંગમાં રાજ્યમાં ફોર સ્ટાર મેળવ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ પ્રો.ડો ઉત્પલ જોશીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક અને વિકાસલક્ષી કાર્યપદ્ધતિને રેન્કિંગમાં સ્થાન મેળવવામાં સહયોગી થનાર સત્તામંડળના સદસ્યો તથા યુનિવર્સિટી પરિવારનો આભાર વ્યક્ત કર્યો છે.

### G.S.I.R.F. રેન્કિંગ કેવી રીતે અપાય છે?

ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટશનલ રેટીંગ ફ્રેમવર્કમાં ટીચીંગ, લર્નિંગ એન્ડ રિસોર્સીસમાં, રિસર્ચ એન્ડ પ્રોફેશ્નલ પ્રેક્ટિસમાં, ગ્રેજ્યુએશન આઉટકમમાં અને આઉટરીચ એન્ડ ઈન્કલુસીવિટી જેવા માપદંડોને આધારે રેન્કિંગ અપાય છે. આ સાથે રિસર્ચ, ટીચીંગ ક્વોલીટીપ્લેસમેન્ટ, રીઝલ્ટસ, સ્ટુડન્ટ સ્ટ્રેન્થ વગેરે જેવા આધારને પણ ધ્યાને લેવામાં આવે છે.

### આ રીતે રેટિંગ અપાય છે

ટીચિંગ એન્ડ લર્નિંગ, સ્ટુડન્ટ સ્ટ્રેન્થ, પ્લેસમેન્ટ, રિસર્સ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસીસ, ગ્રેજ્યુએશન આઉટ કમ્સ, આઉટરિચ એન્ડ ઈન્કલુસિવિટી

# ફ્લેક્સિનીટી જીમના પ્રથમ બ્રાન્ચને ભવ્ય પ્રતિસાદ મળતા આકાશવાણી ચોક ખાતે બીજી બ્રાન્ચનો શુભારંભ

## ફ્લેક્સિનીટી જીમની એપ્લિકેશન દ્વારા લોકો વર્કઆઉટ માટે જાગૃત થશે : દીક્ષિત વિરડીયા



ફ્લેક્સિનીટી જીમના માલિક દીક્ષિત વિરડીયા સાથેની વાતચીત દરમિયાન માહિતી આપતા જણાવ્યું હતું કે ફ્લેકસીનિટી જીમની પ્રથમ બ્રાન્ચ ૧૫૦ ફૂટ રોડ પર આવેલ છે જ્યાં લોકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. ત્યારે બીજી બ્રાન્ચનું ઓપનિંગ આકાશવાણી ચોક ખાતે કરવામાં આવ્યું છે. અમારો ગોલ છે કે લોકોને સારા સાધનોની સાથે સાથે સારી ફેસિલિટી મળી રહે તેમ જ અમારા જીમમાં સર્ટિફાઈડ ટ્રેનર છે જેથી લોકો સરળતાથી વર્કઆઉટ કરી શકે છે. અમારે અહીં આવતા લોકો કંટાળો ના અનુભવે તે માટે અમે ખાસ ઈન્ટિરિયર ડિઝાઈન કરવામાં આવ્યું છે અને ફિટનેસને લઈને એક પ્રોગ્રામ પણ કરવામાં આવ્યો છે તેમજ અમારી એપ્લિકેશન પણ છે જેમાં અહીં આવતા લોકો પોતાનું રીઝલ્ટ ચેક કરી શકે. એપ્લિકેશનમાં તમામ પ્રકારની ડીટેલ્સ મળી રહે છે અને તેમને મોબાઈલમાં પણ નોટિફિકેશન આવે છે જેથી લોકો જાગૃત થશે .

## ફ્લેક્સિનીટી જીમમાં ક્વોલિફાઈડ ટ્રેનર દ્વારા લોકોને માર્ગદર્શન આપશે : દીક્ષિત વિરડીયા






**અબતક, રાજકોટ**

રાજકોટ યુનિવર્સિટી રોડ પરના આકાશવાણી ચોક ખાતે ફ્લેક્સિનીટી જીમ ની બીજી બ્રાન્ચનું રવિવારના રોજ ગ્રાન્ડ ઓપનિંગ કરવામાં આવ્યું હતું. ફ્લેકસીનીટી જીમ નું મુખ્ય બ્રાન્ચ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ છે જેમાં લોકોનો ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો. ફ્લેક્સિનીટી જેમના મુખ્ય બ્રાન્ચ ખાતે સાત મહિના દરમિયાન ૮૦૦થી વધુ મેમ્બર્સ જીમમાં જોડાયા હતા. રવિવારના રોજ બીજી બ્રાન્ચનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારે ઉદઘાટન પ્રસંગ દરમિયાન મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ફ્લેક્સીનીટી જીમ ખાતે દરેક પ્રકારના સાધન સહિત જીમના ક્વોલીફાઈડ ટ્રેનર તેમજ મહિલા ટ્રેનરની તેમ પણ રાખવામાં આવી છે. વધુમાં જીમના માલિકે 'અબતક' મીડિયા સાથેની વાતચીતમાં જીમ, ડાયટ પ્લાન, ટ્રેનર વિશે ની માહિતી આપી હતી. વધુમાં ફ્લેક્સિનીતિ જીમના માલિકે જણાવ્યું હતું કે લોકો હાલ ફિટનેસ માટે જાગૃત થઈ રહ્યા છે અને પોતાના શરીર માટે યોગ કસરત તેમજ જીમ માં જઈને વર્કઆઉટ કરે છે અમારા જીમમાં વિવિધ પ્રકારના આધુનિક સાધનો જેવા કે વ્હાઈટ લિફ્ટિંગ , સાયકલ , ટ્રેડમિલ , રોઈંગ મશીન , ટેસ્ટ પ્રેસ મશીન , એબ્સ મશીન , વગેરે ફ્લેક્સી જેમ ખાતે ઉપલબ્ધ છે અહીં અમારા ટ્રેનર ન્યુટ્રીશ્યન માં પણ સર્ટિફાઈડ છે ફ્લેક્સી જેમ ખાતે ડાયટ માટેનું પણ પૂરતા પ્રમાણમાં ધ્યાન આપવામાં આવે છે. ફ્લેક્સિનીટી જીમ ખાતે મહિલાઓ માટે મહિલા ટ્રેનર પણ ઉપલબ્ધ છે.

## મહિલાઓ પોતાના સ્વાસ્થ્ય માટે સજાગ બની છે : દિયા પોપટ



ફ્લેક્સિનીટી જીમ ના માલિક દિયા પોપટે અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમારી આ બીજી બ્રાન્ચ છે પ્રથમ બ્રાન્ચમાં સાત મહિના દરમિયાન ૮૦૦ જેટલા મેમ્બર્સ જોડાઈ ગયા છે જેમાં ફિમેલ પણ મોટા પ્રમાણમાં જોડાઈ ગયા છે. હાલ રાજકોટમાં ફિમેલ્સ હેલ્થને લઈને તકેદારી રાખી રહી છે ત્યારે અમે આ બીજી બ્રાન્ચ ખાતે સ્પેશિયલ મહિલાની ટીમ રાખવામાં આવી છે જેથી મહિલાઓ પણ વર્કઆઉટ સારી રીતે કરી શકે. ડોક્ટર પણ વર્કઆઉટ કરવા માટેનું કહેતા હોય છે ત્યારે અમારી મહિલા ટીમ પણ તેમને વર્ક આઉટ કરાવવા માટે અહીં હાજર રહે છે.

# જૂનાગઢના સક્કરબાગ ઝુમાં પ્રથમવાર આફ્રીકન પ્લેન ઝેબ્રાનું આગમન

## નવા મહેમાનોને નિયત સમય સુધી ક્વોરેટાઈન રખાયા બાદ ખુલ્લા પાંજરામાં મૂકાશે

**અબતક, ચિરાગ રાજયગુરૂ**
**જૂનાગઢ**



સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ ખાતે સૌપ્રથમ વાર આફ્રીકન પ્લેન ઝેબ્રા નું આગમન થયેલ છે. જે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ તથા વન વિભાગ ગુજરાત રાજ્ય માટે પણ ગૌરવ ની વાત છે. રાધે કૃષ્ણ ટેમ્પલ એલીફંટ વેલ્ફેર ટ્રસ્ટ,જામનગર'' તરફથી એક જોડ આફ્રીકન પ્લેન ઝેબ્રા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ ખાતે મેળવવામાં આવેલ છે.આફ્રીકન પ્લેન ઝેબ્રા એ આફ્રીકા ઉપખંડ માં બોત્સ્વાના માં જોવા મળે છે. તે તેમના કુળનાં અન્ય ગ્રીવ્સ ઝેબ્રા થી નાના અને માઉંટેન ઝેબ્રા થી મોટા કદ ના હોય છે. પ્લેન ઝેબ્રા ની લાક્ષણીકતાઓ માં મુખ્ય શરીર પર સ્પષ્ટ ઓળખી શકાય તેવા સફેદ કાળા પટ્ટા હોય છે. ગરદન પર ટુંકા અને ઉભા વાળ હોય છે. ઘટ્ટ ગુચ્છાદાર પુંછડી, ટુંકા અને મજબુત પગ, ૫૦ થી ૫૫ સે.મી. ઉંચાઈ, ૮૫ થી ૯૭ સે.મી. નાક થી પુંઠ અને ૧૮ થી ૨૨ સે.મી. પુંછડી ની લંબાઈ અને નર નું વજન ૨૧૦ થી ૩૨૨ કિ.ગ્રા. અને માદાનું વજન ૧૭૫ થી ૨૫૦ કિ.ગ્રા. વિગેરે છે. પ્લેન ઝેબ્રા મુખ્યત્વે તૃણાહારી પ્રાણીઓ ના મોટા ઝુંડ સાથે રહેવાનું પસંદ કરે છે. તથા આહાર માં આફ્રીકન ટુંકા ઘાંસ પર નિર્ભર રહે છે. આ સિવાય અન્ય વનસ્પતિ પણ દુષ્કાળ સમયે ઉપયોગ માં લે છે.આ નવા મહેમાનો ને સેંટ્રાલ ઝુ ઓથોરીટી દ્વારા નિયત સમય માટે ક્વોરંટાઈન ફેસેલીટી માં રાખવાનો નો સમય પૂર્ણ થયા બાદથી મુલાકાતીઓ માટે ખુલ્લા મુકવામાં આવેલ છે. અક્ષય જોશી, નિયામક સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ દ્વારા જણાવેલ હતું.

લોહાણા સમાજના કુળદેવતા શહીદ વીરદાદા જશરાજજીના શૌર્ય દિન નિમિતે

# કાલે રઘુવંશીઓના મહાકુંભમાં લાખો લોકો મહાપ્રસાદ ગ્રહણ કરશે: તડામાર તૈયારીઓ

## રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નાત જમણમાં આર્શિવાદ આપવા સહ પરિવાર પધારવા હાકલ





**અબતક,રાજકોટ**

ભારતની ભુમિએ શૌર્યભુમિ છે. સંતોના પગરવથી પવિત્ર થયેલી આ ભૂમિ છે. દેશની સંસ્કૃતિ તથા હિંદુ ધર્મને બચાવવા કેટલાય શુરવીરોએ પોતાની જાતને ન્યોછાવર કરી છે. એવા એક શુરવીર યોધ્ધા સુર્યવંશના વંશજ લોહરાણા કુળમાં જન્મેલા લોહરગઢના મહારાણા વીરદાદા જશરાજે ગાયોની રક્ષા કાજે શહીદી વ્હોરી હતી. આ નિમિતે રાજકોટના રેસકોર્ષના મેદાનમાં લાખો રઘુવંશીઓનો મહાકુંભ યોજાશે. રઘુવંશીઓ એક સાથે મહાપ્રસાદ ગ્રહણ કરશે. સાથે જ રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ જ્ઞાતિજમણ મહાપ્રસાદમાં અંદાજીત લાખો રઘુવંશીઓ પ્રસાદ લેશે. રઘુવંશી પરિવાર દ્વારા નાત જમણમાં આર્શીવાદ આપવા અને સહ પરિવાર પધારવા આહવાન કરાયું છે જ્યારે વયોવૃધ્ધ, અશક્ત તેમજ દિવ્યાંગો માટે ખુરશી ટેબલ પર પ્રસાદની વ્યવસ્થા પણ રાખેલ છે. રેસકોર્સ મેદાનમાં તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. જ્યારે ટ્રસ્ટીઓ દ્વારા નાતજમણ કાર્યક્રમની તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો છે.રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિત્તે તા. ૨૨ને બુધવારે સમસ્ત લોહાણા જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામા આવેલ છે. જેને અનુસંધાને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા સંગીત સંધ્યા, ભજન, બાઈક રેલી સહીતના કાર્યક્રમો યોજાયા હતા. આ નાત જમણના કાર્યક્રમને સફળ બનાવવા માટે છેલ્લા એક મહિનાથી આયોજકો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# કેન્સરની અદ્યતન સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલમાં 'ઉર્જા' લિનેક ટેકનોલોજીનો આરંભ

## બ્રેસ્ટ, બ્રેઈન, કરોડરજ્જુ, માથા, ગરદન, ફેફસા, ત્વચા, લીવર અને પ્રોસ્ટેટ સહિતના કેન્સર સામે લડતા દર્દીઓને રેડિએશન થેરાપી મળશે







તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

શહેરની એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ દ્વારા 'ઉર્જા'નું લોન્ચીગ કરવામા આવ્યું છે.અત્યાધુનિક લિનેક (લિનિયર એકિસલરેટર) છે, જે રાજકોટ જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર અને જામનગરનો સમાવેશ થાય છે – ત્યાંના લોકો માટે અત્યાધુનિક રેડિયેશન થેરાપી અને કોમ્પ્રિહેન્સિવ કેન્સર કેર કરાશે

''ઉર્જા', અત્યાધુનિક લિનેક ટેકનોલોજી બેસ્ટ, બ્રેઈન, કરોડરજ્જુ, માથા, ગરદન, ફેફસા, સ્ત્રીરોગ, ત્વચા, ગુદામાર્ગ, લીવર અને પ્રોસ્ટેટ કેન્સર સહિત વિવિધ પ્રકારના કેન્સર સામે લડતા દર્દીઓને રેડિયેશન થેરાપી પૂરી પાડશે.

લોન્ચિંગ દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી ઝહાબિયા ખોરાકીવાલા એ જણાવ્યું હતું કે, ''અત્યાધુનિક લિનેક ''ઉર્જા ની સ્થાપના કોઈ નાની સિદ્ધિ નહોતી. છેલ્લા ૧૧ મહિનામાં, એન.એમ વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ,રાજકોટે (એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા પ્રમાણિત, ઉચ્ચતમ ધોરણો સાથે સલામતી અને પાલન સુનિશ્ચિત કરવા માટે એક વિશિષ્ટ બંકર બનાવવામાં નોંધપાત્ર પ્રયાસ કર્યો છે. કેન્સર સામેની લડાઈમાં નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતામાં અડગ રહેવા માટે ઉત્સાહિત છીએ.

વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના સીઈઓ ડો. પરાગ રિંદાણીએ જણાવ્યું હતું કે, ''આ રિવોલ્યુશનરી મશીન આ પ્રદેશમાં પ્રથમ છે, જે હેલ્ધી પેશીઓનું રક્ષણ કરતી વખતે અજોડ ચોકસાઈ સાથે ટ્યુમરને ચોક્કસ રેડિયેશન આપે છે. ''ઉર્જા'' એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સની સર્વાંગી કેન્સર સંભાળ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે, જે એક જગ્યાએ નીચે સર્જરી, રેડિયેશન થેરાપી, કીમોથેરાપી અને પ્લાસ્ટિક સર્જરી સહિતના અદ્યતન સારવાર વિકલ્પો પ્રદાન કરે છે.

એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સના કન્સલ્ટન્ટ રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડો. રાહુલ મિશ્રાએ જણાવ્યું હતું કે, ''આ અદ્યતન તબીબી ઉપકરણોના ઉદઘાટન સાથે, રાજકોટમાં વિશ્વ કક્ષાની રેડિયેશન થેરાપી લાવી રહ્યા છીએ. ''ઉર્જા'' નામ ઊર્જા અને જીવનશકિતનું પ્રતીક છે, જે કેન્સરના દર્દીઓને તેમના સ્વસ્થ થવાના માર્ગ પર જરૂરી શક્તિ અને સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. આ લોન્ચ ફક્ત નવીન ટેકનોલોજી વિશે જ નહીં પરંતુ કેન્સરનો સામનો કરી રહેલા વ્યકિતઓના હિંમતનું સન્માન કરવા અને કરુણાપૂર્ણ સંભાળ, નવીન સારવાર અને વ્યકિતગત ધ્યાન દ્વારા તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ થવા વિશે પણ છે.

# 'હિન્દુ સ્પિરિચ્યુઅલ એન્ડ સર્વિસ ફેર' આધ્યાત્મિકતા, સેવા અને ભારતીય સંસ્કૃતિનો મિલાપ : ડો. વલ્લભભાઈ કથીરિયા

**અબતક, રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ૨૩ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આયોજિત હિંદુ સ્પિરિચ્યુઅલ એન્ડ સર્વિસ ફેરમાં ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને સેવા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી રજૂ કરવામાં આવશે. આ મેળો ભારતીય પરંપરાઓ અને મૂલ્યોને સમજવા તેમજ સમાજકલ્યાણ માટેની પ્રવૃત્તિઓને ઊજાગર કરવા માટે એક અનોખું મંચ પુરુ પાડે છે તેમ જીસીસીઆઈ ના સ્થાપક ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું.

ગ્લોબલ કોન્ફેડરેશન ઓફ કાઉ-સેન્ટ્રિક ઈન્સ્ટિટ્યુશન્સ એ ગૌ માતાના વિવિધ આર્થિક, પર્યાવરણીય અને સામાજિક મહત્વને સમજીને દેશમાં ગૌ આધારિત વિકાસ માટે કાર્યરત એક અગ્રણી સંસ્થા છે.

HSSF માં GCCIનો સ્ટોલ નંબર ૧૭૬ મુખ્ય આકર્ષણ રહેશે, જયાં ગૌ આધારિત વિવિધ પ્રોજેક્ટ્સ અને ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવશે.ડો. કથીરિયાએ જણાવ્યું હતુ કે ગૌમાતાના ગોબર પર આધારિત પ્રોડક્ટ, ઉત્પાદનો જેમ કે ગોબરના દીવા, અગરબત્તી સ્ટેન્ડ, તેમજ ગણેશ-લક્ષ્મી મૂર્તિઓ. પંચગવ્ય પર આધારિત ઉત્પાદનો, ઔષધિય અને કૃષિ ઉપયોગ માટેના જૈવિક ઉત્પાદનો ડિસ્પ્લે કરવામાં આવશે. તેમજ ગૌઆધારિત ખેડુત અને ગૌશાળા સંચાલકો માટે તાલીમ કાર્યક્રમો,ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતા મહત્વ વિશે GCCI ની કામગીરી વિશે માહિતી આપવામાં આવશે.

ડો. કથીરિયા એ જણાવ્યું હતુ કે GCCI વિવિધ ગૌ આધારિત ક્ષેત્રોને આવરી લે છે, જેમાં મોડલ ગૌશાળા, કુદરતી ખેતી, ગૌચર વિકાસ, જૈવ ઉર્જા, ગૌઆધારિત ધર્મ-આધ્યાત્મિક ચિંતન, યુવા-મહિલા તાલીમ, પર્યાવરણ સંરક્ષણ જેવા અનેક આયામોને આવરી ને કાર્યરત છે.ડો. કથીરિયા એ GCCI દ્વારા જાહેર જનતાને મેળામાં હાજરી આપવા અપીલ કરી છે જેથી ગૌ આધારિત ઉદ્યોગો અને ભારતીય સંસ્કૃતિ માટેના સંગઠનના પ્રદાનને નજીકથી જોઈ શકાય.

વધુ માહિતી માટે GCCIના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી, તેજસ ચોટલિયા (મો. ૯૪૨૬૯૧૮૯૦૦), મીનાક્ષી શર્મા (મો. ૮૩૭૩૯ ૦૯૨૯૫) પર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભાષા રચના વિચાર મંચ 'ભારવિ' દ્વારા ભાષા સાહિત્યમાં નિષ્ણાંતોએ કર્યુ 'મનોમંથન'

## ભારવી મંચમા કાવ્ય અને નાટય કલાનો સર્જાયો અદભૂત સમન્ય

**અબતક, રાજકોટ**




ભારવિ' એ ભાષા, રચના અને વિચારોને પ્રેરતા સાહિત્ય સાથે જોડાયેલો મંચ છે જ્યાં દરેક માસના બીજાં રવિવારે યોજાતી બેઠકમાં રસિકજનો મુક્ત રીતે કોઈપણ ભાર વિના ભાષા, સાહિત્ય, કલાની ચર્ચા કરે છે.સમયાંતરે સાહિત્ય જગતનાં ખ્યાતનામ વ્યક્તિઓને આમંત્રિત કરી વિશેષ સંવાદો અને શિબિરોનું આયોજન પણ આ મંચ દ્વારા કરવામાં આવે છે.ત્રણ વર્ષથી સાતત્યપૂર્વક ચાલતી આ પ્રવૃત્તિનીપાંત્રીસમી બેઠકમાં બે વિશિષ્ટ પ્રસ્તુતિઓ થઈ.

કવિ યોગેશ વૈદ્યના ટૂંક સમયમાં પ્રકાશ્ય અને ગીરનાં જીવન તેમ જ પર્યાવરણ પર આધારિત દીર્ઘકાવ્ય 'નેખમ'નું ભાવવાહી વાચિકમ સુખ્યાત નાટ્યકલાકારો રાજુ યાજ્ઞિક, પલ્લવી વ્યાસ અને જ્વલંત છાયા દ્વારા કરાયું. ગુજરાતી સાહિત્યમાં પહેલી વાર પ્રકાશન પૂર્વે કરાયેલી આ પ્રકારની પ્રસ્તુતિને કવિ યોગેશ વૈદ્ય, વરિષ્ઠ નાટ્યગુરુ ભરતભાઈ યાજ્ઞિક તેમ જ ઉપસ્થિત ભાવકોએ ભરપૂર માણી.બીજી પ્રસ્તુતિમાં જાણીતા નાટ્યકર્મી મનીષ પારેખ (નેમ આર્ટ્સ) દ્વારા સ્વામી વિવેકાનંદનાં જીવન-કવનને આધુનિક દષ્ટિકોણથી મુલવતા દ્વિઅંકી નાટક અવેઈક અરાઇઝ નાં નાટ્યાંશો કલાકાર શ્રીનીલ જાનીના સહયોગમાં પ્રભાવક રીતે ભજવાયા જેને ઉપસ્થિત દર્શકોએ ઉત્સાહથી વધાવ્યા.

ગાયક-સ્વરકાર ભરત પરમાર દ્વારા સ્વરનિયોજિત અને સ્વકંઠે ગવાયેલી કવિ યોગેશ વૈદ્યની ગઝલથી પ્રારંભ થયેલ બેઠક ભરત યાજ્ઞિકના આશીર્વચન અને શુભેચ્છાઓ સાથે સંપન્ન થઈ. કવિ યોગેશ વૈદ્ય, કવિ મહેન્દ્ર જોશી, કવિ સંજુ વાળાએ પ્રાસંગિક વકતવ્યો આપીને ઉપક્રમને ગરિમા બક્ષી હતી.

તંત્રી લેખ

# નાણાના અભાવે ગુજરાતનો વિકાસ નહિં અટકે

ભારત માટે વિકાસ મોડેલ બની ગયેલું ગુજરાત રાજ્ય સતત વિકાસની વાટે આગળ ધપી રહ્યું છે. નાણાના વાંકે ગુજરાતનો વિકાસ રૂંધાય નહિં તેવા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા સતત કરવામાં આવી રહ્યા છે.

નગરો અને શહેરોમાં વસવાટ કરતા નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા એક જ દિવસમાં વિકાસ કામો માટે રૂ.૬૦૫.૪૮ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યની ભાજપ શાસિત સરકાર એકમાત્ર ઉદેશ છે કે રાજ્યના વિકાસને સતત વેગ મળતો રહે. માત્ર શહેરી વિસ્તાર નહિં પરંતુ યાત્રાધામોનો પણ વિકાસ થાય તે માટે સરકાર સતત કટીબધ્ધ છે.

રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોના વિકાસ માટે તાત્કાલીક રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૨૬૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે સાંકડા માર્ગોને પહોળા કરવા માટે પણ ૪૬૭ કરોડ રૂપિયા ફાળવાયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની આચાર સંહિતા લાગૂ થયા બાદ રાજ્યમાં વિકાસ કામો પર વિપરિત અસર ન પડે તે માટે સરકારે આગોતરી ચિંતા કરી લીધી છે.

ચૂંટણીની તારીખ જાહેર થાય તે પૂર્વે તમામ સેક્ટર માટે માતબર નાણા ફાળવી દેવામાં આવ્યા છે. બજેટમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અંગત રસ લઇને તમામ નગરોની ખેવના કરી રહ્યા છે. જે સૌથી સારી બાબત છે. ગુજરાતનો વિકાસ ક્યારેય નાણાના અભાવે અટકશે નહિં તે વાત વધુ એકવાર પ્રસ્થાપિત થઇ ચુકી છે.

# પુરૂષાર્થ સ્કુલના 'ભવ તું ભવ્ય ભારતમ' કાર્યક્રમમાં લોક સંસ્કૃતિ થઇ સજીવન



**અબતક, રાજકોટ**

પુરૂષાર્થ સ્કુલ અને પાઠક ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા ભવ તુ ભવ્ય ભારતમ નું ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ. આ ભવ્ય પ્રદર્શનમાં વૈદિક આશ્રમ, હિમાલય દર્શન, ફેરી લેન્ડ, સૌર મંડળ, ભાષા કલા, એન્ટ્રીક સંગ્રહ કોર્નર, હેલ્થ અને ન્યુટ્રીશન આઈ.ટી. ગેલેરી, ગેઈમ ઝોન, વિજ્ઞાન ગણિત પ્રદર્શન આત્મ નિર્ભર ભારત, વસુધૈવ કુટુંબકમ ગોકુળિયું ગામ પ્રાચીન ભારત ગાંધી જીવનદર્શન, મારા સ્વપ્નનું ભારત તેમજ ભારત દર્શન જેવા અલગ અલગ વિભાગોમાં ભારતની સંપૂર્ણ ગાથાના વર્ણન કરવામાં આવેલ. પ્રદર્શનની સાથે સાથે ગુજરાતી યુ ટયુબ કોમેડિયન ધનસુખભાઈ ભંડેરી ઉર્ફે (વિજુડી) અને રાજેન્દ્ર પંચાલ ઉર્ફે (રાજીયો) ખાસ ઉપસ્થિત રહ્યા તેમના દ્વારા બાળકો અને વાલીઓને જ્ઞાન સાથે ગમ્મત અને હાસ્ય અભિનય દ્વારા મનોરંજીત કર્યા. દેશભકિતના ગીતો દ્વારા સ્ટેજ પરફોર્મન્સ તેમજ ક્રાંતિકારીઓની વેશભૂષ થી સજજ બાળકોએ સમગ્ર માહોલને દેશભકિતના રંગે રંગવા સનિષ્ઠ પ્રયાસ કર્યો સાથે પપેટ શો અને મેજીક શો દ્વારા દર્શકો ખુબ જ આનંદિત થયાં.

# અવકાશી ગ્રહોની પરેડનું લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ટેલિસ્કોપ દ્વારા કરાયું નિદર્શન



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત ઓ વી શેઠ પ્રાદેશિક લોકો વિજ્ઞાન કેન્દ્રની બિગ બેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા ૧૮ જાન્યુ.ના રાત્રે ૭ થી ૯ દરમ્યાન હાલમાં સાંજના આકાશમાં દેખાય રહેલ સૌરમંડળના ગ્રહો નું અદ્યતન અને વિશાળ ટેલિસ્કોપ દ્વારા જાહેર જનતાને બતાવવામાં આવ્યું હતું. દ્રશ્યમાન ગ્રહો પૈકી શુક્ર, શનિ, ગુરુ અને મંગળ ગ્રહોને કલબના ટેલિસ્કોપ્સ દ્વારા કલબના સભ્યોએ નાગરિકોને બતાવ્યા તેમજ જે તે ગ્રહ અને આ ઘટના વિશે વૈજ્ઞાનિક માહિતી પણ પુરી પાડી. ત્યારે ૧૫૦૦ થી વધુ લોકોએ ગ્રહ દર્શન નો લાભ લીધો હતો. અવલોકન દરમ્યાન લોકોએ શુક્ર ગ્રહની કળાઓ, શનિના વલયો, ગુરુના ઉપગ્રહો તેમજ મંગળ પરના બરફાચ્છાદિત ધ્રુવો સ્પષ્ટ નિહાળ્યા તેમજ આ ખગોળીય ઘટના વિશે જ્ઞાનગુષ્ટી કરી. કલબ દ્વારા બે ૮ ઈંચ, એક ૧૦ ઈંચ અને એક ૧૨ ઈંચ ના વિશાળ ટેલિસ્કોપ આ કાર્યક્રમ માટે આકાશ તરફ માંડવામાં આવ્યા હતા. ખગોળ માં રસ ધરાવતા લોકો જો પોતાના ફોન પર ખગોળ વિશે એક માહિતી તેમજ કલબના કાર્યક્રમો વિશે જાણવા માગતા હોય તો તેઓ ૯૪૨૬૪ ૭૩૩૯૪ પર કલબના નિલેશ ભાઈ રાણા નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## બુધવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારનાં રોજ
# ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે સંગીત સંધ્યાનો માણશે જલ્સા

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૨૨/૦૧/૨૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ઝનકાર મ્યુઝિકલ ગ્રુપ '' દ્વારા અને તા.૨૪/૦૧/૨૫ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે જ્યા મ્યુઝીકલ ગ્રુપ દ્વારા તા.૨૫/૦૧/૨૫ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરીલી સાંજ દ્વારા તેમજ તા.૨૬/૦૧/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે બાસરી મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે .આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે .તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી .કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા , હરનેશભાઈ સોલંકી , સલીમભાઈ ચાનીયા, હિનાબેન હિરાણી, મુકેશભાઈ માહી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# નવનાત વણિક સમાજના મેડિકલ કેમ્પમાં ૧૦૦થી વધુને અપાયો સેવા લાભ

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેર નવનાત વણિક સમાજ દ્વારા જ્ઞાતિજનો માટે મેડિકલ કેમ્પ નું દશા સોરઠીયા વાડી માલવિયાની વાડી ખાતે આયોજન કરવામાં આવેલ હતું આ કેમ્પમાં કાયાપલટ વેઈટ લોસ. નાં ડો વિરલભાઈ ગોરડીયા ભાવનગર તથા ડેન્ટીસટ ડો. ફોરમ વૈદ તથા જાપાની ટેકનોલોજી મશીનથી શરીર નાં ૪૨ રિપોર્ટ કરવામાં આવેલ હતાં...આ કેમ્પમાં ૧૩૦ લોકો કેમ્પમાં રિપોર્ટ કરવામાં આવેલ..

આ મેડિકલ કેમ્પમાં અતિથિ વિશેષ દિપ પ્રાગટ્ય નવનાત વણિક સમાજ નાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રશાંતભાઈ શાહ અજીતભાઈ જોશી નાયબ મામલતદાર રાજકોટ ભરતભાઈ નાથાણી બ્લડ બેંક લલિતભાઈ કુરાણી માલવિયા વાડી ટ્રસ્ટી તથા વાઢરા સમાજ રાષ્ટ્રીય પ્રમુખ હરેશભાઈ ચૌહાણ તથા રાજકોટ જીલ્લા નવનાત વણિક સમાજ નાં પ્રમુખ યોગેશભાઈ બાવીસી મહામંત્રી જીજ્ઞેશભાઈ વાગડીયા વિરેનભાઈ મહેતા જસ્મીનભાઈ દેસાઈ નરેન્દ્રભાઈ સોરઠીયા નવનાત વણિક સમાજ નાં મહિલા પ્રમુખ સ્વીટીબેન મહેતા નમ્રતાબેન શાહ રમીલાબેન શાહ આશાબેન ગોસલિયા વિગેરે હોદ્દેદારો દ્વારા આ મેડિકલ કેમ્પ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભાજપ-જૈન અગ્રણી મયુર શાહને આશિર્વચન પાઠવતા નમ્રમુનિ મ.સા.




**અબતક, રાજકોટ**

શહેર ભાજપના ખજાનચી અને જૈન અગ્રણી મયુરભાઈ શાહે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ પુજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબના અંતરથી આશીર્વાદ મેળવ્યા હતા. રવિવારે રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મહારાજનું રાજકોટમાં આગમન થયું હતું. તેમણે માનવતાલક્ષી સેવાકીય પ્રકલ્પોની ઘોષણા કરી હતી.

પ્રમુખસ્વામી ઓડિટોરીયમમાં ઉવસગ્ગહરંના જાપ સાથે જૈન સમાજના સાધર્મિકોને ૩૬ ઓટો રીક્ષા અર્પણ કરી હતી. સોમવારે પૂ.નમ્રમુનિ મહારાજે અમદાવાદ જવા પ્રસ્થાન કર્યું હતું. પૂ.ગુરૂદેવને શેષકાળનો લાભ આપવા રાજકોટના સ્થાનકવાસી જૈન સંઘોએ વિનંતી કરી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટ જાગૃતિ અભિયાનમાં મળ્યું ૬૧૮નું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



ઉષાબેન જવાહરભાઈ ગાંધીનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૧૮મું ચક્ષુદાન થયેલ છે. જાન્યુઆરી ૨૦૨૫ મહીનામાં પાંચમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન મૈત્રીબેન ઉદાણીના સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા અનુરોધ કરાર્યો છે.

# સી.એસ. ચેપ્ટર ઓફ WIRC ઓફ ICSI ચેરમેનપદે વિવેક પટેલની નિમણૂંક

**અબતક, રાજકોટ**

ઈન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા ચેપ્ટર ઓફ WIRC ઓફ ICSI નવા ચેરમેન તરીકે થી વિવેક મોલિયાની નિમણૂંક કરવામાં આવી છે,

આ તકે નવનિયુક્ત ચેરમેન વિવેક મોલીયા દ્વારા જાહેર કર્યું હતું કે, રાજકોટમાં કંપની સેક્રેટરીના અભ્યાસ માટે સરળ અને સચોટ વ્યવસ્થા ઉભી કરવા અને વિદ્યાર્થીઓને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તમામ પ્રયાસો કરાશે. જે સંદર્ભે ટૂંક સમયમાં રાજકોટના ૧૫૦ ફીટ રીંગ રોડ મિલેનિયમ બિલ્ડિંગ ખાતે નવી ચેપ્ટર ઓફિસ શરૂ કરાશે, જે શ્રેષ્ઠ ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ રહેશે. આ નવો ચેપ્ટર ઓફિસ ICSIના તમામ માનક પરિબળોને અનુલક્ષીને અભ્યાસક્રમને વધુ આકર્ષક બનાવશે, જેમાં તાલીમ કાર્યક્રમો, કાર્યશાળાઓ, અને શૈક્ષણિક કાર્યક્રમોનો સમાવેશ થશે. જે મારફતે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ICSIના સમગ્ર દેશમાં ૭૩ ચેપ્ટર ઓફિસો છે અને કુલ ૭૫,૦૦૦ થી વધુ સભ્યો અને ૨૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે આ સંસ્થા કંપની સેક્રેટરીઝનું સૌથી મોટું નેટવર્ક ધરાવે છે.



રાજકોટના વિદ્યાર્થીઓને આવરી લેતી આ નવી યોજનાઓ વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અને શૈક્ષણિક વિકાસમાં વિશાળ યોગદાન આપશે. પ્રોજેક્ટ માટેનું મુખ્ય ધ્યાન માત્ર શિક્ષણ પૂરું પાડવામાં નહિ પરંતુ વિદ્યાર્થીઓ માટે વ્યવસાયની નવી તકો ઊભી કરવાને પણ રહેશે. આ સંસ્થા ભારતના સામાજિક-આર્થિક વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. પરંતુ આગામી દિવસોમાં ગુજરાતના વિકાસ માટે આ ચેપ્ટર મહત્વની ભૂમિકા ભજવશે, જેમાં વ્યાવસાયિકોને ઉચ્ચ ગુણવત્તાવાળા ધોરણો પૂરા પાડવામાં આવશે. ICSIના પ્રવૃત્તિઓમાં સૌની ભાગીદારી સુનિશ્ચિત કરશે. ચેરમેન તરીકે નિમણૂક થતાં તેવોને મો. (૮૩૨૦૯૬૫૮૪૬) પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# સહકાર ગ્રુપના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પિન્ટુભાઈ ખાટડી)નો જન્મદિવસ

સહકાર ગ્રુપના માધ્યમથી અવિરત સેવાપ્રવૃતિ કરતા મૂળ સુરેન્દ્રનગરના ખાટડીના વતની અને રાજકોટને કર્મભૂમિ બનાવનાર અને સહકાર ગ્રુપના પ્રમુખ તેમજ ભારત સરકારના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગુજરાતના સલાહકાર સમિતિના સભ્ય ધર્મેન્દ્રસિંહ વનરાજસિંહ ઝાલા (પિન્ટુભાઈ ખાટડી)નો આજે જન્મ દિવસ છે. સેવા અને દાન કરી ગુજરાતભરમાં નામના મેળવનાર ધર્મેન્દ્રસિંહ વનરાજસિંહ ઝાલા (પિન્ટુભાઈ ખાટડી)એ કોરોના લોકડાઉન સમયે જરૂરતમંદ પરિવારોને ઘરે ઘરે ભોજન પહોંચતુ કરી સેવાનું ઉતમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. માં અંબાના પરમ ભક્ત પિન્ટુભાઈ ખાટડીએ નિરાધાર દિકરીના લગ્ન, રક્તદાન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પના આયોજનો થકી અનેક લોકસેવાના કર્યો કર્યા છે. પિન્ટુભાઈ ખાટડીએ નાની ઉંમરમાં લોકસેવાના માધ્યમથી અનેરી લોકચાહના હાંસલ કરી છે. આજે જન્મ દિવસે તેઓને મો. ૯૭૧૪૩ ૧૧૧૧૧ ઉપર ઠેરઠેરથી શુભેચ્છાવર્ષા થઈ રહી છે.



# સમાજ સેવા સંગઠક યશવંત જનાણીનો આજે જન્મદિવસ



સમાજ સેવા સંગઠક યશવંત જનાણીનો જન્મદિવસ છે. સદાબહાર યુવાનેતા તરીકે સાથી કાર્યકર્તાઓ અને શુભેચ્છક વર્તુળમાં સ્થાન ધરાવતા આ પાયાના કાર્યકર ૮૧ વર્ષ પુસ કરી ૮૨મા વર્ષમાં પ્રવેશ કરે છે. તા. ૨૧.૧.૧૯૪૪ નાં રોજ અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ઉંટવડ ગામે મામાના ઘરે જન્મ્યા હતા.

સૌરાષ્ટ્રમાં ગુજરાતમાં નવા નેતૃત્વના નિર્માણ માટે અથાગ પ્રયત્ન કરેલ તેઓ સામાજિક સાંસ્કૃતિક ક્રાંતિમાં માનતા જેના કારણે લોકનાયક જયપ્રકાશ નારાયણનાં અનન્ય પ્રશંસક બની રહ્યા ગુજરાત સ્ટેટ યુથ કાઉન્સિલ,સૌરાષ્ટ્ર યુવક સંઘ રાજકોટ જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, ઈન્સ્ટીટટ્યૂટ ઓફ પોલીટીકલ સાયન્સ, રાજકોટ જીલ્લા યુવક સંઘ અપંગ માનવ મંડળ રાજકોટ સીટી યુથ કાઉન્સિલ જેવી સંસ્થાઓના સ્થાપક તથા મુખ્ય હોદેદાર રહ્યા છે. તેઓએ લોકશાહી મુલ્યોની રક્ષા માટે ડેમોક્રેટિક એકસના ગ્રુપની રચના કરેલ છે.

તેઓ ઈન્ડિયન એડલ્ટ એજ્યુકેશન એસોસીએશન અને ઈન્ડિયન સોસાયટી ફોર કોમ્યુનીટી એજ્યુકેશનન જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકળાયેલ છે તેમના માધ્યમ દ્વારા અનેક રાષ્ટ્રીય આંતરાષ્ટ્રીય કોન્ફરના મા ભાગ લીધેલ છે તથા બ્રિટન કેન્યા થાઈલેન્ડ મલેશિયા સિંગાપુર જેવા દેશોનો પ્રવાસ કરેલ છે. તેમને જન્મદિવસ નિમિતે ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૫૨૭ પર શુભેચ્છાનો વરસાદ થઈ રહ્યો છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા જી.પી.એસ.સી.પ્રિલીમ્સનાં કોચીંગ વર્ગો યોજાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી - જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સી.સી.ડી.સી.ના તાલીમવર્ગોને અને કાર્યશાળાઓના સફળ આયોજનને બિરદાવેલ છે. એપ્રિલ-૨૦૨૫ માસમાં યોજાનાર જી.પી.એસ.સી. દ્વારા જુદી-જુદી જગ્યાઓ માટે ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ૨ ની ભરતી કરવામાં આવનાર છે. આ ભરતીની જાહેરાતનાં અનુસંધાને આગામી સમયમાં યોજાનાર પ્રિલીમ્સની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સી.સી.ડી.સી. દ્વારા ૦૬-૦૨-૨૦૨૫ ને ગુરૂવારથી પ્રિલીમ્સના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની વિવિધ જગ્યાઓ માટેના ફેરફાર કરેલ નવા અભ્યાસક્રમ મુજબ ''સામાન્ય અભ્યાસ''ના પ્રિલીમ્સનાં સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રૂફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવા રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. તેમ યાદીમાં જણાવ્યું છે.

# જાણીતા યુવા ઉધોગપતિ કિરીટ આદ્રોજાનો જન્મદિવસ



મુળ મોરબી પંથકના વતની રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર કડવા પટેલ સમાજના યુવા અગ્રણી શહેરના જાણીતા ઉધોગપતિ કુશળ નેતૃત્વ શકિત ધરાવતા મેનેજમેન્ટ ગુરુ તરીકે ઓળખાતા સર્વ પ્રિય મળવા માણવા અનુભવવા જેવા એંજલ પંપના મેનેજીંગ ડીરેકટર કીરીટભાઈ આદ્રોજાના આજે જન્મદિન છે. અતિ શાંત, સરળ, સૌમ્ય, નાની વયે પીઢ અને ધીર ગંભીર કોઈપણ કાર્યને સંપુર્ણ ન્યાય આપવો એ જેમનો સ્વભાવ છે.

કીરીટભાઈ આદ્રોજા રાજકોટ શહેરની અને સૌરાષ્ટ્રની વિવિધ સંસ્થાઓ દીકરાનું ઘર ઢોલરા, સરગમ કલબ યુવ કલબ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ સહીતની સંસ્થાઓ ઉપરાંત જામનગરની સુપ્રસિદધ આણદાબાવા સેવા સંસ્થાના ટ્રસ્ટી, સીદસર ઉમિયા માતાજી મંદિરના ટ્રસ્ટી તરીકે જોડાયેલા છે. દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ પરિવાર દ્વારા પ્રતિ વર્ષ યોજાતા માતા પિતા વિહોણી ૨૨ દિકરીઓના વહાલુડીના વિવાહના સફળ આયોજક સંયોજક તરીકે મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. કીરીટભાઈ ને ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા બ્રિટીશ પાર્લામેન્ટમાં યોજાયેલ કાર્યક્રમમાં સફળ ઉધોગપતિ તરીકેનો એવોર્ડ પણ મેળલ છે. તેઓના જન્મદિવસે તેઓના મો.નં. ૯૮૨૪૨ ૮૪૪૦૪ પર શુભેચ્છાઓ મળી રહી છે.

# કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં ગાંધી નિર્વાણ દિન નિમિતે વકૃતત્વ સ્પર્ધાનું આયોજન

**અબતક, રાજકોટ**

ઉદયાયલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ગાંધી નિર્વાણદિન તા. ૩૦ જાન્યુઆરી ના રોજ રાજકોટ શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતા દિકરા-દિકરીઓ માટે ગાંધી મૂલ્યાંના જતન અને સંવર્ધન માટેની વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે નિવૃત ટ્રેઝરી ઓફીસર નરેન્દ્ર વિઠલાણી તથા અતિથિ વિશેષ તરીકે સુપ્રસિદધ દૈનિક ફુલછાબ ના તંત્રી જવલંત છાયા ઉપસ્થિત રહેનાર છે. જેથી દરેક શાળાના આચાર્યઓને વિનંતી કે તેઓની શાળાની એન્ટ્રી તા. ૨૫-૧ સુધીમાં શાળાને મળે તેમ બિનચુક મોકલી આપવા વિનંતી છે. ઓનલાઈન એન્ટ્રી મોકલવા માટે અમારા ઈમેલ એડેસ ukjkotechagirlshighschool.@gmail.com પર પણ એન્ટ્રી મોકલી શકાશે.

# કેકેવી ચોકમાં પોમોસ પીઝામાં પકડાયો કદડો: ૧૪ કિલો અખાદ્ય ખોરાકનો નાશ

## વાગડ ચોકડી પાસે રજની ઢોસામાંથી પણ વાસી ખોરાક મળી આવ્યો: કાલાવડ રોડ પર મીત રેસ્ટોરન્ટને નોટિસ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકીંગ દરમિયાન કેકેવી ચોકમાં પોમોસ પીઝા (એસ.એન.ફૂડ્સ)માં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્થળ પર સંગ્રહ કરવામાં આવેલો મન્ચૂરીયન, નુડલ્સ, પાસ્તા અને સોસનો ૧૪ કિલોનો જથ્થો અખાદ્ય જણાતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા, યોગ્ય સ્ટોરેજ કરવા અને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત વાગડ ચોકડી પાસે મવડી પાળ રોડ પર આવેલી રજની ઢોસા નામની પેઢીમાં ચેકીંગ હાથ ધરાતા વાસી





મન્ચૂરીયન અને ભાજીનો સાત કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જે અખાદ્ય જણાતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને નોટિસ આપવામાં આવી હતી. કાલાવડ રોડ પર કોટેચા ચોકમાં મીત રેસ્ટોરન્ટને પણ નોટિસ અપાઈ છે. રૈયા રોડ પર ફૂડ વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં ગંગોત્રી ડેરી, રવિ રેસ્ટોરન્ટ, સંતોષ ભેળ, ચામુંડા સેન્ડવીચ, શ્રી ફૂડ ઝોન, સુપર ચાઈનીઝ-પંજાબી અને ખત્રી ઘુઘરાવાળાને નોટિસ આપવામાં આવી હતી.

## મોહિની અને ચાંદની સિઝન સ્ટોર્સમાંથી ચીકીના નમૂના લેવાયા

ફૂડ શાખા દ્વારા શહેરના સરદારનગર શેરી નં.૧માં શિવમ બિલ્ડીંગમાં આવેલી મોહિની સિઝન સ્ટોર્સમાંથી લુઝ શીંગ-ગોળની ચીકી, તલ-ગોળની ચીકી જ્યારે જાગનાથ પ્લોટમાં સીટી શોપ બિલ્ડીંગ સ્થિત ચાંદની સિઝન્સમાંથી લૂઝ દાળીયા-ગોળની ચીકી અને કાળા તલ-ગોળની ચીકીના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરોમાં મોકલવામાં આવ્યા છે.

# સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત શહેર ભાજપ કાર્યાલય ખાતે કાલે યોજાશે પ્રબુધ્ધ નાગરિક સંમેલન

## રાષ્ટ્રીય કિશાન મોરચાના મહામંત્રી બાબુભાઈ જેબલીયા ઉપસ્થિત રહી વક્તવ્ય આપશે

**અબતક, રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ યાદીમાં જણાવાયું હતું કે છેલ્લાં ૭૫ વર્ષમાં કોંગ્રેસ દ્વારા ડો.ભીમરામ આંબેડકરજીની સતત અવગણના જેમ કે, દશકો સુધી તેઓને ભારત રત્ન ન આપવું, જુની સંસદના સેન્ટ્રલ હોલમાં તેમનું તૈલી ચિત્ર ન લગાવવું, આપાત કાલ અને સામાજીક વિભાજનની રાજનીતિ દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરજી અને તેઓની ધરોહરને અપમાનિત કરવા વિગેરે ડો.ભીમરાવ આંબેડકરજીને માન સન્માન મળવા જોઈએ તેના બદલે સત્તામાં રહી અડચણો ઉભી કરવી અને તેમની અવગણના કરવી રહી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડો.બી. આર. આંબેડકરજીની ૧૨૫ મી જન્મજયંતીના દિવસથી સંવિધાન દિવસની શરૂઆત કરવામાં આવી. આ સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત નાગરિક સંમેલનનું આયોજન શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ ૨૨ જાન્યુઆરીના રોજ રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે સાંજે ૫.૩૦ કલાકે રાષ્ટ્રીયકિશાન મોરચાના બાબુભાઈ જેબલીયા ઉપસ્થિત રહીડો. બાબાસાહેબ આંબેડકરએ ભારત દેશ માટે આપેલ યોગદાન વિશે વકતવ્ય આપશે. રાજકોટ મહાનગરના સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, સહસંયોજક શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર અને મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડાને જવાબદારી સોંપવામાં આવી છે. તેથી આ પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં રાજકોટ શહેર ભાજપના તમામ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ અનુરોધ કર્યો છે.

## આવાસ ભાડે ચડાવી દેનાર ૬ લાભાર્થીઓના ફ્લેટ સીલ કરાયા

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવ્યા છે. જે પૈકી શ્રી રામ ટાઉનશીપ - સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે અને શ્રી જીજાબાઈ ટાઉનશીપ, પરશુરામ મંદીર પાસે આવેલ આવાસ યોજનામાં ફિલ્ડટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા હોવાનું માલુમ પડેલ હોય તેવા ૯ સીલ કરવામાં આવેલ છે. જેમાં શ્રી રામ ટાઉનશીપમાં ૩ અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમા ૬ આવાસોને તાળા લગાવી દેવાયા છે.

# કોઠારિયા રોડ પર રામપાર્ક પાસે ગાર્ડન હેતુના પ્લોટ પર ખડકાયેલું દબાણ હટાવાયું

## પતરાવાળી ત્રણ ઓરડીઓ પર બુલડોઝર ફેરવી દઈ ૫૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવાય







**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન ક્ચેરીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલીશનમાં શહેરના વોર્ડ નં.૧૭માં કોઠારિયા રોડ પર રામપાર્ક વિસ્તાર નજીક ગાર્ડન હેતુના પ્લોટ પર ગેરકાયદે ખડકાયેલા દબાણનો કડુસલો બોલાવી દેવામાં આવ્યો હતો.

મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાના આદેશ બાદ એડીશ્નલ સિટી એન્જીનીયર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ આજે વોર્ડ નં.૧૭માં કોઠારિયા રોડ પર આવેલા રામપાર્ક વિસ્તારમાં ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અનામત પ્લોટ નં.૫૧ જે ગાર્ડન હેતુ માટેનો છે. તેના પર ત્રણ પતરાવાળી ઓરડીનું દબાણ હતું. જે દૂર કરવામાં આવ્યું છે. અંદાજે બજાર કિંમત મુજબ ત્રણ લાખની ૫૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવવામાં આવી છે. આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખાના તમામ સ્ટાફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહ્યા હતા.

# શહેરમાં નજીવી બાબતે ચાર હુમલાના બનાવમાં પાંચ યુવકો ઘવાયા

## ગાંધીગ્રામ, તાલુકા, આજીડેમ પોલીસમાં હુમલાની ઘટનામાં ૧૦ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં તદ્દન નજીવી બાબતે હુમલાની ઘટનાઓ દરરોજ સામે આવતી હોય છે. ત્યારે હુમલાની વધુ ચાર ઘટનાઓ સામે આવી છે. જે ઘટનાઓમાં કુલ પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાં છે જયારે અલગ અલગ પોલીસ મથકમાં ૧૦ શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પ્રથમ બનાવમાં ત્રંબા ગામે ત્રિવેણી ગેટ નજીક રહેતા વિપુલભાઈ નરસિંહભાઈ જેસાણી (ઉ.વ.૩૫) નામના વેપારીએ આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા ઘરની સામે જ મહાદેવ નામની પાનની દુકાન ધરાવું છું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આજે રાત્રીના દોઢેક વાગ્યા આસપાસ હું તથા મારો મિત્ર અજય મોરવાડિયા મારી દુકાનના દરવાજા પાસે ઉભા હતા. ત્યારવા અમારા ગામમાં રહેતા ભુપત ઉર્ફે હકો પરબતભાઈ બાવળીયા અને તેના બે દીકરા સતીષ અને બલદેવ આવેલ હતા. ત્યારે હકાએ મને કહ્યું હતું કે, મારો દીકરો સતીષ તારી દુકાને આવેલ તો કેમ તેને સંતાવવા દીધો નહીં અને માર કેમ માર્યો? જેથી મેં કહેલ કે, મેં કોઈ માર માર્યો નથી. જે બાદ હકાએ મને બેફામ ગાળો આપી હતી અને ગાળો આપવાની ના પાડતા હકાએ લાકડા મણા ધોકા વડે હુમલો કરી શરીરે અનેક ઘા માર્યા હતા. તેના બંને પુત્રોએ બેફામ ગાળો આપી ઢીંકાપાટુનો માર માર્યો હતો.

દરમિયાન મને છોડાવવા અજય વચ્ચે પડવા જતા હકાએ તેને પણ શરીરે લાકડાના ધોકા વડે માર માર્યો હતો. તેમજ અજયને માથાના ભાગે પણ ધોકો મારી દીધેલ હતો જેના લીધે માથું ફાટી ગયું હતું. દરમિયાન હકાની પત્ની રેખાબેન આવ્યા હતા અને તેમણે અમને બચાવ્યાં હતા. જે બાદ બંનેને સારવાર અર્થે ખસેડવમાં આવ્યા હતા. જે બાદ હકા અને તેના બે પુત્રો વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

બીજા બનાવમાં શહેરના ભગવતીપરા ૩/૧૩માં રહેતા વિજયભાઈ જયંતીભાઈ ગોહિલ(ઉ.વ.૩૫)ને તેના કાકાના દીકરા અમિત મનસુખભાઈ ગોહિલ(ઉ.વ.૩૦)એ છરી વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર કૌટુંબિક મામલે અગાઉ બોલાચાલી થયાં બાદ અમિત ગોહિલે વિજયભાઈ ગોહિલ પર છરી વડે હુમલો કરતા ગાલના ભાગે છરીનો ઘા વાગ્યો હતો. છરીનો ઘા ઝીંકી હુમલાખોર નાસી ગયો હતો ને બાદ પરિજનોએ ઈજાગ્રસ્તને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. મામલામાં સિવિલ ચોકીના સ્ટાફે ઘટનાની જાણ બી ડિવિઝન પોલીસને કરતા પોલીસે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

### તું કેમ આપણી સાથે નોકરી કરતી છોકરીઓની મજાક કરે છે? કહી યુવકને માર મરાયો

હુમલાની અન્ય એક ઘટના તાલુકા પોલીસના ચોપડે નોંધાઈ છે. જેમાં વિજય નથુભાઈ વાળા(ઉ.વ.૨૭ રહે મોટા મૌવા, કાલાવડ રોડ)એ નોંધાવેલી ફરિયાદમાં ચાર અજાણ્યા શખ્સોંના નામ આપ્યા હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે, હું ગઈકાલે સાંજે સાડા સાત વાગ્યાં દરમિયાન ન્યારી રોડ પર હતો ત્યારે ચાર શખ્સોં ધસી આવ્યા હતા અને તું કેમ આપણી સાથે કામ કરતી છોકરીઓની મજાક કરે છે કહી બેફામ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં કમરપટા વતી શરીરે માર માર્યો હતો. જે મામલે ગુનો નોંધાતા પીએસઆઈ એલ બી ડીંડોરએ તપાસ શરૂ કરી છે.

### 'તારૂ ઈન્સ્ટાગ્રામમાં ખુબ ચાલી ગયું છે' કહી યુવક પર છરી વડે હુમલો

ગાંધીગ્રામ પોલીસમાં અજય ઉર્ફે અજુ સંજયભાઈ સોલંકી (ઉ.વ. ૨૦ રહે-ચુનારાવાડ ચોક, શેરી નં-૧)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારી પત્નિ તનીશા તથા મારા દિકરા રાજવીર ઉ.વ.૧૧ માસ સાથે રહું છું. હું છેલ્લા દોઢેક વર્ષથી મુસ્કાન નામની યુવતી સાથે મિત્રતા ધરાવું છું. દરમિયાન ગઈકાલે સવારના ચારેક વાગ્યાં આસપાસ હું અને મારી મિત્ર સપના કનોજીયા કાલાવડ રોડ જય સીયારામ ચાની હોટેલ ખાતે બેઠા હતા. ત્યારે મુસ્કાનનો ફોન આવેલ અને મને રેલનગર ખાતે તેડવાં બોલવા બોલાવ્યો હતો. ત્યારે સ્વેચી હોટલ ખાતે પહોંચી મુસ્કાનને મળેલ ત્યારે મુસ્કાન સાથે તેનો પતિ સાહીલ વાઘેર, રહીશ ખાટકી ઉર્ફે અબુ મહોમદભાઈ ભાડુલા તેમજ બીજા બે અજાણ્યા વ્યક્તિઓ હાજર હતા. ત્યારે રહીશે કહેલ કે, તારુ ઈસ્ટાગ્રામમાં બઉ હાલી ગયુ લાગે છે તેમ કહી છરી વડે માથામાં છરકો મારી દીધો હતો. જયારે બે અજાણ્યા શખ્સોંએ ઢીંકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન રહીશે છરી વડે શરીરે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. દરમિયાન ટોળું એકત્ર થઈ જતાં હુમલાખોરો નાસી ગયાં હતા.

### તે કેમ મારા દીકરાને માર માર્યો કહી ત્રંબામાં પાનના ધંધાર્થી સહીત બે યુવક પર પિતા-પુત્રોનો હુમલો

# આત્મીય યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ૧૯૫૯ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત

## ત્યાગવલ્લભ સ્વામીએ આવશ્યક ઘટકો તરીકે ટેકનીકલ શિક્ષણની સાથે મુલ્ય આધારિત શિક્ષણ પર મહત્વપૂર્ણ ભાર મુક્યો

**અબતક,રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી દ્વારા પંચમ દીક્ષાંત સમારોહ સંપન્ન થયો. જે વિદ્યાર્થીઓને તેઓના જીવનના સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે. આ કાર્યક્રમમાં અતિથી વિશેષજ્ઞ તરીકે આત્મીય યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રમુખ ત્યાગવલ્લભ સ્વામીજીની સાથે ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન ના મહાનિર્દેશક તરીકે ડો. ઉપેન્દ્ર કુમાર સિંહ ઉપસ્થિતિ રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટ્ય અને પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ આત્મીય યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ ડી. વ્યાસે આવેલ સૌ મહેમાનોનું સ્વાગત - પ્રવચન કર્યું હતું. ડો. વ્યાસે દીક્ષાંત થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ શૈક્ષણિક પ્રવૃતિઓમાં સહાયરૂપ વિદ્યાર્થીઓના વાલીઓ, તમામ ફેકલ્ટી સભ્યો તથા સ્ટાફ મિત્રોને





વિદ્યાર્થીઓની આ જવલંત સફળતા બદલ બિરદાવ્યા હતા.

અતિથી વિશેષજ્ઞ ડો. ઉપેન્દ્રકુમાર સિંહે પ્રેરણાદાયી સંબોધનમાં સ્નાતકોને નવીનતા અપનાવવા, નૈતિક મુલ્યોને જાળવી રાખવા તેમજ રાષ્ટ્રની વૃધ્ધિ અને વિકાસમાં યોગદાન આપવા હેતુએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું તેમજ ભવિષ્યને ઘડવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

ડિપ્લોમાં અન્ડર ગ્રેજ્યુએટ, અનુસ્નાતક, અને ડોક્ટરલ પ્રોગ્રામ સહિત વિવિધ વિદ્યાશાખાના કુલ ૧૯૫૯ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગની વિશેષતા એ હતી કે ઘણા વર્ષોથી જીવન વિદ્યાને સમર્પિત અભ્યાસ તેમજ પ્રચાર અને તેનો પ્રસાર કરનાર શ્રીમતિ સુવર્ણા યોગેશ શાસ્ત્રીને જીવન વિદ્યા વિષય પર માનદ ડોકટરલ ડિગ્રી પ્રદાન થઈ હતી. તેઓએ જીવન વિદ્યાનો અભ્યાસ શરુ કરવા માટેની પ્રેરણા કેવી રીતે મળી તેમજ આ અનોખા વિષય પર ડોકટરેટની ડિગ્રી પર તેઓએ કરેલ અથાગ પરિશ્રમની તેઓએ વાત કરી હતી. તેમજ મળેલ સમર્થન સબબ તેઓએ સૌનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો. તેઓએ લોકોના હિત માટે જીવન વિદ્યાની પહોચ વિસ્તારવા માટેની ભવિષ્યની યોજનાઓ રજુ કરી હતી.

# ૪૪ પ્રવાસન સ્થળોના માર્ગોની સુધારણા માટે રૂ.૨૨૬૯ કરોડ ફાળવાયા

## મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સર્કિટના વિકાસથી પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી વધારવાનો સર્વગ્રાહી અભિગમ



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને વધુ ગતિશીલ બનાવીને પ્રવાસીઓને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાનો વ્યુહ અપનાવ્યો છે.

તેમણે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગના કામો માટે ૨૨૬૮.૯૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પ્રવાસન સ્થળોના કુલ ૫૮ માર્ગો પર અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને બહેતર અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે.

આ ઉપરાંત મુસાફરીનો સમય અને ખર્ચ પણ ઘટવા સાથોસાથ કનેક્ટિવિટીના વધારાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારોનો આર્થિક વિકાસ થશે તેમજ નવી રોજગારીની તકોનું સર્જન થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને 'વોકલ ફોર લોકલ' ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃધ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોના જીવન ધોરણમાં પણ ઉન્નતિ થશે.

### સાંકડા પુલો-સ્ટ્રકચર્સને પહોળા કરવા રૂ.૪૬૭.૫૦ કરોડ મંજૂર

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને લોકોને અને ઉદ્યોગ વ્યાપારને ઈઝ ઑફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો સુચારુ અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રકચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ૪૬૭.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે.

નાગરિકોને વાહનવ્યવહાર માટે સરળ અને સલામત માર્ગો મળે તથા પરિવહન ઝડપી બનાવી શકાય તેવો હેતુ મુખ્યમંત્રીએ આ માર્ગો-પુલોના સ્ટ્રેન્ધનીંગ અને વાઈડનીંગમાં રાખ્યો છે.

તેમણે આ અગાઉ સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા ૨૦ રસ્તાઓના કામો માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે હવે વધુ ૧૧ માર્ગોને પહોળા કરવા ૪૬૭.૫૦ કરોડ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા છે. આના પરિણામે ૧૧ સ્થળોએ બોટલનેક પરિસ્થિતિનું નિવારણ આવશે તથા વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ૧૮૯.૯૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તદ્દનુસાર, પાંચ રસ્તાની ૭.૪૫ કિ.મી લંબાઈમાં કાચા થી પાકા રસ્તા માટે અંદાજે રૂ. ૮.૮૦ કરોડ, ૮ માર્ગોની ૩૦.૬૮ કી.મી લંબાઈના મજબૂતીકરણ માટે રૂ. ૪૭.૩૦ કરોડ તેમજ ૧૬ માર્ગોની ૮૮.૫૦ કી.મી. લંબાઈને જરૂરિયાત મુજબ વાઈડનિંગ કરવા આસરે ૧૩૩.૭૦ કરોડ રૂપિયા ફાળવવા નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ દૂરોગામી નિર્ણયને પરિણામે ક્વોરી મટીરીયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે.

એટલું જ નહીં, ભવિષ્યમાં ઓદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા માર્ગોની જરૂરી સુધારણાના હેતુસર આ નાણાકીય વર્ષમાં ૭૩ કામો માટે ૧૬૪૬.૩૪ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે.

# નવાગામથી રાજકોટમાં ઘુસાડાતું ૮૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક પકડાયું

## કોર્પોરેશનની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમે વોંચ ગોઠવી ભાવનગર રોડ પર છકડો રીક્ષા ભરીને આવતા પાન પીસનું પ્લાસ્ટીક જપ્ત કર્યું: રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો

અબતક, રાજકોટ

કોર્પોરેશનની સોલીડ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક પકડવા માટે છેલ્લા ઘણા સમયથી ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી હોય અમૂક વેપારીઓ દુકાનમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં પ્લાસ્ટીકનો જથ્થો રાખે છે. કોર્પોરેશનની હદ બહાર એટલે કે આસપાસના વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો રાખવામાં આવે





છે. નવા ગામમાંથી રાજકોટ શહેરમાં ઘુસાડવામાં આવતા ૮૭૫ કિલો પ્લાસ્ટીકના જથ્થાને આજે કોર્પોરેશન દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યું હતું. માલિકને રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. પ્રથમવાર રેકોર્ડબ્રેક કહી શકાય તેટલું ૮૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો પકડાયો છે. આ પ્લાસ્ટીક ક્યા મોકલવામાં આવતું હતું અને ક્યાંથી વિતરણ થતું હતું તેની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો કેટલાક મોટા માથાના નામો પણ ખુલ્લી શકે છે. આજ સવારે ૧૧:૧૫ કલાકે ભાવનગર રોડ પરથી છકડો રીક્ષામાં પાનપીસ દેખાતા તેની તપાસ કરતા ૮૭૫ કિલો જેવું પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ છે. જેના માલીક પિયુષભાઈ ખત્રી હતા. જે નવા ગામથી આ પ્લાસ્ટીક રાજકોટ શહેરમાં વિતરણ મોકલતા હતા. તે પહેલા જ વોર્ડ નં.૬ની ટીમ દ્વારા વોંચ રાખી ઈસ્ટ ઝોન ડે.પર્યાવરણ ઈજનેર વિરલભાઈ ચાવડા, પટેલ, સિંઘવ તેમજ વોર્ડનાં એસએસઆઈ મહેશભાઈ ગાંગાણી, રાજેશભાઈ બોરીચા તેમજ એસઆઈ મિતેષભાઈ જેઠવા દ્વારા આ કામગીરીમાં જોડાયેલા હતા તેમજ પ્લાસ્ટીક બાય લોજ હેઠળ રૂ.૧૦,૦૦૦નો દંડ કરવામાં આવેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### આઈટી વિવાદ...

૨૦૨૪ ની કલમ ૯૮ ની પેટા-કલમ (૧) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કેન્દ્ર સરકાર આથી મુશ્કેલી દૂર કરવા માટે આદેશ આપ્યા છે.હવે જો કોઈ વ્યક્તિનો આદેશ નિર્દિષ્ટ કે ૨૨ જુલાઈ, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં પસાર કરવામાં આવ્યો હોય તો આવી વ્યક્તિના કિસ્સામાં, ઉપરોક્ત અપીલ ઉપરોક્ત યોજનાના હેતુઓ માટે ૨૨ જુલાઈ, ૨૦૨૪ ના રોજ પેન્ડિંગ ગણવામાં આવશે. આવી વ્યક્તિને ઉપરોક્ત યોજનાના હેતુઓ માટે અપીલકર્તા તરીકે ગણવામાં આવશે. આવા આદેશના સંદર્ભમાં અપીલ ઉપરોક્ત તારીખ પછી આવી અપીલ દાખલ કરવા માટે લાગુ પડતા નિર્ધારિત સમયની અંદર દાખલ કરવામાં આવી હતી

આવા કિસ્સામાં, વિવાદિત કરની ગણતરી આવી અપીલના આધારે કરવામાં આવશે.

અપીલ વિલંબ માફી માટે કોઈપણ અરજી વિના દાખલ કરવામાં આવે છે.

ઉપરોક્ત યોજનાની જોગવાઈઓ અને તેના હેઠળ રચાયેલા નિયમો આવા કિસ્સામાં તે મુજબ લાગુ પડશે.

''આ નવા આદેશ સાથે, હવે વધુ કરદાતાઓ ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ યોજના, ૨૦૨૪ માટે અરજી કરવા પાત્ર છે. આ આદેશ મુજબ હવે જો કોઈપણ આદેશ સામે અપીલ વિલંબ માફી માટે કોઈપણ અરજી વિના દાખલ કરવામાં આવે છે, તો વિવાદ સે વિશ્વાસ યોજના, ૨૦૨૪ ના નિયમો લાગુ પડશે. મુખ્ય લાભાર્થી તે લોકો હશે જેમનો આદેશ ૨૨ જુલાઈ ૨૦૨૪ પહેલા પસાર કરવામાં આવ્યો હતો પરંતુ અપીલ દાખલ કરવાની સમય મર્યાદા તેમના માટે ઉપલબ્ધ હતી અને તેમણે સમય મર્યાદામાં અપીલ દાખલ કરી હતી.

### ડ્રગ્સ...

અને મોટા બંદરો દાણચોરો માટે આકર્ષક પરિવહન કેન્દ્ર છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ગુજરાતના દરિયાઈ માર્ગો તેને અન્ય રાજ્યોમાં મોકલવામાં આવતા માલને ઉતારવા માટે પ્રથમ પસંદગી બનાવે છે.

જોકે, કેન્દ્રીય એજન્સીના એક અધિકારીએ ગુજરાતમાં ડ્રગના વપરાશની શક્યતાને નકારી કાઢવા સામે ચેતવણી આપી હતી. જો હેરોઈન અને કોકેઈન જેવા ડ્રગ્સ રાજ્યમાં પ્રવેશવા લાગ્યા છે, તો આ ડ્રાય સ્ટેટમાં સ્થાનિક વપરાશને નકારી શકાય નહીં.

(ત્રીજા પાનાનું ચાલું)

### કોર્પોરેટર...

જુની પોળો, સાંકડી ગલીઓમાં પથ્થર પેવીંગ તથા પેવર બ્લોકની કામગીરી કરી શકાશે. નવા સમાવિષ્ટ ગામની ગલીઓમાં જ્યાં રોલર કે વ્હીકલ જઈ શકે તેમ ન હોય તેવી ગલીઓ, પોળો તળાવના કિનારાઓ ઉપર પથ્થર પેવીંગ તથા પેવર બ્લોકની કામગીરી કરી શકાશે. સરકાર દ્વારા નિર્માણ પામેલ ૨૫ ચો.મી.ના મકાનોની હાઉસીંગ સ્કીમોના તમામ રોડ, ગલીઓ તથા કોમન પ્લોટમાં પથ્થર પેવીંગ તથા પેવર બ્લોકની કામગીરી કરી શકાશે.

ગ્રાન્ટ અંગે પ્રાથમીક સુવિધાના નવા કામો તથા મરામત/જાળવણી કામો જ સુચવી શકાશે આ ગ્રાન્ટમાંથી કોઈ સંસ્થાને અનુદાન કે ગ્રાન્ટ ફાળવી શકાશે નહી.

કોર્પોરેટરને ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ઉપયોગ કોઈપણ વ્યક્તિગત કામ માટે સૂચવી શકાશે નહી. આ ગ્રાન્ટ માત્ર સામુહિક સુવિધાના ઉપયોગ માટે ફાળવી શકાશે.કોર્પોરેટર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ સામે સુચવવામાં આવેલ કામગીરીની શાખા અધિકારી દ્વારા ખરાઈ થયા બાદ જો જરૂરીયાત જણાયે મંજૂરી આપવામાં આવશે અન્યથા ફેર વિચારણા અર્થે પરત મોકલવામાં આવશે.

કોર્પોરેટર દ્વારા સૂચવવામાં આવતા કામ અંગે પોતાના લેટર પેડ ઉપર સહી કરી માંગણી રજૂ કરવાની રહેશે. જેમાં કરવાની થતી કામની ચોક્કસ જગ્યા(સરનામું) દર્શાવવાનું રહેશે. કોર્પોરેટર દ્વારા સૂચવવામાં આવેલ કામ અંગે દિન-૧૫માં જરૂરી વહિવટી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

### હિમોફિલિયા...

કેન્દ્ર છે. નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સૌથી વધુ હિમોફિલિયા દર્દીની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી છે. એટલું જ નહીં, તે ભારતનું પ્રથમ એવું કેર સેન્ટર છે જે ૨૪ કલાક કાર્યરત હોય છે.

સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં દર્દીઓને વિના મૂલ્યે સંભાળ, રક્ત પરીક્ષણ અને સારવાર આપવામાં આવે છે. અહીં મેડિકલ એક્ઝામિનેશન રૂમ, મેનેજમેન્ટ રૂમ, કાઉન્સેલિંગ રૂમ, લેબોરેટરી, નર્સિંગ રૂમ, ફિઝિયોથેરાપી રૂમ, રેકોર્ડ રૂમ અને દર્દીઓની સંભાળ માટેનો વોર્ડ ઉપલબ્ધ છે. આ સંસ્થા દ્વારા સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે, જેમાં જરૂરી રક્ત પરીક્ષણો વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. ઉચ્ચ કક્ષાની સારવાર અને સંભાળ ઉપલબ્ધ હોવાને કારણે અન્ય રાજ્યો તથા ભારત ઉપરાંત ઝામ્બિયા, દુબઈ જેવા દેશોમાંથી પણ દર્દીઓ સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં સારવાર હેતુ આવે છે.

હિમોફિલિયા કેર સેન્ટરના મેનેજર નિહાલ ભાતવાલા જણાવે છે, ગુજરાતની સંવેદનશીલ સરકાર તથા નવી સિવિલ હોસ્પિટલ સુરતના સહયોગ વિના દર્દીઓની સારવાર અશક્ય છે. હાલ ૯૪ જેટલા હિમોફિલિયા દર્દીઓને અહીં પ્રોફાઈલ એક્સેસ સારવાર (રક્તસ્ત્રાવ થતાં પહેલાં જ આપવામાં આવતી સારવાર) આપવામાં આવી રહી છે જેના કારણે દર્દીઓને રક્તસ્ત્રાવ થવાની સંભાવના નહિવત્ થઈ છે. આ સારવારના કારણે દર્દી વિકલાંગ થવાની સંભાવના પણ રહેતી નથી અને જીવનું જોખમ પણ ઓછું રહે છે.

(૧૧મા પાનાનું ચાલું)

### બી.એડ. અભ્યાસક્રમમાં

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અનુદાનિત ૬ કોલેજો ના આચાર્યો અધ્યાપકોએ ડો નિદત્ત બારોટનું સન્માન કરવા લાગણી વ્યક્ત કરી હતી. ડો નિદત્ત બારોટે સન્માન ની સાથે એનઈપી ૨૦૨૦, અને તેની સાથે ભારતીય જ્ઞાન પરંપરા ના વિનિયોગ વિષય સાથે વિચાર ગોષ્ઠિ નું આયોજન કરવા સૂચવ્યું હતું.

આ સન્માન અને ગોષ્ઠિ ના કાર્યક્રમ માં સૌરાષ્ટ્રની જુદી જુદી અનુદાનિત બી એડ કોલેજોના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં આલિયાબાળા જામનગર થી ડો આશા પટેલ, ડો પ્રશાંત ચૌહાણ, પી ડી માલવિયા બી એડ કોલેજમાં થી ડો દિગ્વિજયસિંહ ગોહિલ, ડો ઈલા વિરાણી, જે જે કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ રાજકોટ થી ડો નિશા રાણીંગ, ડો ચિરાગ માઢક , ડો અલ્પેશ નાકરાણી, વઢવાણ બી એડ કોલેજ થી આચાર્ય ડો ગમન પટેલ, ડો હરેશ બાંભણીયા, ડો હિતેશ સોલંકી, ઉપરાંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ ના તમામ અધ્યાપકો ડો નેહલ શિંગાળા, ડો હિમાંશુ આચાર્ય, ડો સ્મિતા ગઢવી, ડો તરન્નુમ બુખારી, ડો દક્ષા ડાંગર, જ્યોતિ તડવી અને દીપિકા પટેલ સહિત તમામ બી એડ કોલેજના મોટાભાગના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. રોશની બહેન આયતોડા દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન મૈત્રી વિદ્યાપીઠ સંચાલિત સી એચ શાહ બી એડ કોલેજના કાર્યકારી આચાર્ય ડો કેતન ગોહિલ દ્વારા તમામ અનુદાનિત બી એડ કોલેજના અધ્યાપકોને સાથે રાખીને કરવામાં આવ્યું હતું.

### એઈમ્સના

હાજર રહ્યા હતા. ઈન્ડિયન એકેડેમી ઑફ ફોરેન્સિક મેડિસિન, ઈન્ડિયન એકેડેમી ઑફ મેડિકો લીગલ એક્સપર્ટ્સ અને ઈન્ડિયન સોસાયટી ઓફ ટોક્સિકોલોજીના નેશનલ પ્રેસીડન્ટ્સ ઓએ આવા આયોજન માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રીય સ્તરે આવી ઈવેન્ટનું આયોજન કરવાના મહત્વને આવકાર્યું હતું. તબીબી સમુદાયના હિતમાં આવી પહેલ કરવા બદલ તેઓએ રાજકોટના એઈમ્સ ફોરેન્સિક મેડિસિન વિભાગની પ્રશંસા કરી હતી સી.એમ.ઈ માં ત્રણ અલગ-અલગ એઈમ્સના ફોરેન્સિક વિખ્યાત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રો. ડો. દિનેશ રાવ (એઈમ્સ જમ્મુ) એ 'મેડિકલ નેગ્લિજન્સ' પર સેશન લીધું હતું. પ્રો. ડો. કૃષ્ણદત્ત ચાવલી (એઈમ્સ રાયપુર) એ મેડિકો લીગલ કેસોના મેનેજમેન્ટ પર અને પ્રો. ડો.જયંતિ યાદવે (એઈમ્સ ભોપાલ) ક્લિનિકલ પ્રેક્ટિસમાં કન્સેન્ટ પર માર્ગદર્શન આપ્યું હતું.

એઈમ્સ ફોરેન્સિક વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. ઉત્સવ પારેખ એ સહભાગી ડોક્ટસર્સના વિવિધ જટિલ પ્રશ્નો ઉઠાવ્યા જેનું વિવિધ એઈમ્સના ફોરેન્સિક એક્ષપર્ટ્સ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું આ નેશનલ સી. એમ. ઈ. ને આંતરાષ્ટ્રીય કક્ષાએ ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો તથા એઈમ્સ રાજકોટના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટે કરેલ આ પહેલ ને બિરદાવવામાં આવી. આ પ્રકારની પ્રવૃતિઓ ભવિષ્યમાં પણ થતી રહે તેવો પ્રતિસાદ જોવા મળેલ હતો અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

### ૬ મોબાઈલ મેડિકલ વેન શરુ

વધુ શ્રમયોગીઓને મોબાઈલ મેડિકલ વાન યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં જરૂરિયાત અનુસાર વધુ મોબાઈલ મેડિકલ વાન શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રમયોગી પરિવારોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ, સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે.

આ મોબાઈલ મેડિકલ વાન હાલમાં અમદાવાદ, મહેસાણા, સુરત, હિંમતનગર, ગાંધીનગર, જૂનાગઢ, વાપી, વડોદરા, આણંદ-ખેડા, ગાંધીધામ, ભાવનગર, મોરબી, વલસાડ, વાપી, નવસારી તથા રાજકોટ તેમજ આજુ બાજુ ની જીઆઈડીસીમાં કાર્યરત છે. આ યોજનાની સફળતા જોતા હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન ઉપરાંત વધુ ૬ મેડિકલ વાન થકી વધુમાં વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને યોજનાનો લાભ આપવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

### રાજયપાલ

ધૈર્ય જેવા ગુણો કેળવવાની સાથે ભૈતિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસ સાધવા ભારપૂર્વક જણાવ્યું હતું.

કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટિયાએ સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીની સિદ્ધિઓ, કામગીરીથી સૌને અવગત કર્યા હતા. કાર્યક્રમના અંતે રજીસ્ટ્રાર વાય.એચ. ઘેલાણીએ આભારવિધિ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે યોજાયેલ આ દીક્ષાંત સમારંભમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ ગુણાંક મેળવનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને કુલ- ૬૭ ગોલ્ડ મેડલ/ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ તથા ૦૧ (એક) કેશપ્રાઈઝ આપવામાં આવ્યા હતા. તેમજ કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી તથા એગ્રી-બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના કુલ-૫૮૮ વિદ્યાર્થીઓને રાજ્યપાલશ્રીના હસ્તે પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

### વિરાણી હાઈસ્કુલ

પણ અમારી રજૂઆત બાદ રદ કરવામાં આવી હતી. જેથી આ જમીન સરકારી માલિકીની છે એવો અમારો દાવો હતો અને આ સાથેનો કેસ પ્રાંત અધિકારી સમક્ષ ચાલી રહ્યો હતો. આ સાથે કલેક્ટર દ્વારા પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ પ્રાંત અધિકારી દ્વારા અમારી તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. તેનાથી નારાજ થઈને વિરાણી હાઈસ્કુલના નવા ટ્રસ્ટીઓ દ્વારા હાઈકોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો અને તેમાં તેઓની એવી રજૂઆત હતી કે, સ્થાનિક કક્ષાએથી અમોને સાંભળવામાં આવ્યા નથી. જેથી હાઈકોર્ટ દ્વારા નવા ટ્રસ્ટીઓને સાંભળવા માટે પ્રાંત અધિકારીને આદેશ અપાયો હતો.

(૧૨માં પાનાનું ચાલુ)

### ઑક્સિજન પાર્ક

ઝોનમાં ૨૯, દક્ષિણ ઝોનમાં ૩૧, પશ્ચિમ ઝોનમાં ૮૧ અને રિવરફ્રન્ટ વિસ્તારમાં ૫ મળી કુલ ૩૦૩ ગાર્ડનનો સમાવેશ થાય છે.

જે અંતર્ગત ચાલુ વર્ષે પણ શહેરની ગ્રીનરીમાં વધારો થાય અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કટિબદ્ધ છે.

આ પ્રતિબદ્ધતા ને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વધુ એક ઓકિસજન પાર્ક નું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટીના ચેરમેન દેવાંગ દાણી, મ્યુનિ. કમિશનર એમ.થેન્નારસન સહિત મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ - પદાધિકારીઓ તથા કોર્પોરેટરઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### કર્મવીર પુસ્તક વિમોચન

આહીર (બ્લીઝ આઈવીએફ), દિનેશકુમાર વાડોદરીયા (પંચશીલ સ્કુલ), કમલેશભાઈ સાવલીયા - અશ્વિનભાઈ સાવલીયા (ઈન્ડિઝોનસ મલ્ટી.), ડો. એમ.વી. વેકરીયા (સુશ્રુત પાઈલ્સ હોસ્પિ.), રમેશભાઈ પાંભર - અશોકભાઈ પાંભર (એસ.કે.પી.સ્કુલ), પિન્ટુભાઈ પટેલ (બોમ્બે સુપર હાઈબ્રીડ સીડસ), શૈલેશભાઈ પાદરીયા (પટેલ હોલીડેઝ ટ્રાવેસ સોલ્યુશન), ધર્મેશભાઈ સોની (ડી.આર.એસ. ફાયનાન્સીયલ સર્વિસીઝ), વસંતભાઈ લીંબાસીયા (વૃંદાવન ડેરી ફાર્મ), જયેશભાઈ સોરઠીયા (શૈલેશ ફોજ) કિશોરસિંહ ચૌહાણ (એ.એમ.સી. એન્ડ), નરશીભાઈ સતાણી - ગીરીશભાઈ સતાણી (દ્વારકેશ એન્જી), રણછોડભાઈ સાંગાણી - પરેશભાઈ સાંગાણી - સુનિલભાઈ સાંગાણી (એનવિટ્રો ગ્રુપ ઓફ કંપનીઝ), અજયભાઈ વાડોલીયા - નીતીનભાઈ વાડોલીયા (ભગવતી બિલ્ડર્સ) અને મેહુલભાઈ રવાણી (અરિહંત ઈન્વેસ્ટમેન્ટ)નું મહાનુભાવના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

કર્મવીર પુસ્તકના પ્રકાશન કાર્યમાં આર્થિક સહયોગ આપનાર અગ્રણીઓનું પણ મોમેન્ટો અર્પણ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજેશભાઈ ત્રિવેદી, અભયભાઈ શાહ, નવજાગૃત યુવક મંડળ રાજકોટ ધોબી સમાજ તેમજ રાજકોટ ધોબી સમાજ મહિલા મંડળ નટુભાઈ વાજા દ્વારા વિપુલભાઈ પરમારનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે ડો. યવશંત ગોસ્વામી દ્વારા આભાર વિધી કર્યા બાદ રાષ્ટ્રગીતના ગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અરવિંદભાઈ સોલંકી, નિખિલ ભાવસાર, ભાવેશ ખાનપરા, રસિકભાઈ ગોહેલ, વિપુલ બુચ, ચિંતનભાઈ ગોહેલ, દેવાંગભાઈ સોનાગરા, અભિજીત ઠક્કર સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

### સંવિધાન ગૌરવ

કરવા પર ધ્યાન કેન્દ્રિત કરેલ. એમણે કાશ્મીર મુદ્દે નેહરુની નીતિનો સખત વિરોધ કરેલ હતો. ડો.ભીમરાવ આંબેડકરજીએ નેહરૂની વિદેશ નીતિની સખત ટીકા કરતા એવી ચેતવણી આપી હતી કે નહેરૂની આ નીતિ ભારતને અલગ અલગ કરી દેશે. નહેરુએ હિંદુ કોડ બિલ પસાર કરવા માટે કોઈ પ્રતિબધ્ધતા દર્શાવી ન હતી કે જે ડો.આંબેડકર દ્વારા સમર્થિત એક મહત્વપૂર્ણ સુધારો હતો. જેનો કોંગ્રેસની સરકારે તેઓને સતત અવગર્ણા હતા. જયારે ભાજપ સરકારે બાબાસાહેબ આંબેડકરજીના જીવન સાથે સંકળાયેલ મુખ્ય સ્થળોને પંચ તીર્થ તરીકેની ઓળખ આપી, અને તેઓને એકવાર ફરી ભારતની પ્રજા સમક્ષ મુકી તેમને માન સન્માન આપવામાં આવી રહેલ છે. રાજકોટ મહાનગરના દરેક વોર્ડમાં થયેલ કાર્યશાળાને સફર બનાવવા આ કાર્યક્રમના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ અને કાર્યાલય ખાતેથી શહેર કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને સહકાર્યાલય મંત્રી શૈલેષ દવે જહેમત ઉઠાવી હતી.

### ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી

બાવડા, પંકજભાઈ નગીયા ( ચું.કે.), યોગેશભાઈ પારેખ ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત અનેક અગ્રણી ડો.જયેન્દ્ર પુરોહિત, સંઘના સેવા પ્રમુખ ભરતભાઈ કુવારીયા,જાણીના એડવોકેટ જયેશ ભાઈ જાની, ભારત તિબેટ સંઘના મહિલા પાંખના મૃણાલીની બેન ઠાકર, પ્રાંત-પ્રચાર પ્રમુખ રાજેશ ભાતેલીયા, કિરીટભાઈ પાઠક, વિનોદભાઈ પેઢડીયા, વિનોદભાઈ જોશી,જયસુખભાઈ મકાણી ઉપસ્થિત રહેલ કાર્યક્રમ ની વ્યવસ્થા નિખીલ ગોહેલ ઉષાબેન મકવાણા, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, મેઘના ગોહેલ, ડો. સંજય અગ્રાવત,હસુભાઈ મકવાણા એ કરેલ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડો. જયસુખ ભાઈ મકવાણા એ કરેલ.

### બોલબાલા

માર્ગો, બગીચાઓ, મંદિરો, મસ્જીદ પાસે, બાંધકામ ઝોન, સરકારી હોસ્પિટલો, વિવિધ ફુટપાથો, રેલ્વેસ્ટેશન, રેલ્વે પટરી નજીકના વિસ્તારો, મજુરો બાધકામ કરતા પરપ્રાંતિય વસાહતીઓ ત્યા ખોદકામ ચાલનારા વિસ્તારોમાં જઈ તેમના સ્થાન ઉપર ભોજન પીરસાય છે.

આ સેવા કાર્ય માટે બોલબલા ટ્રસ્ટ ની ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય ના માર્ગદર્શન હેઠળ ૩૫ થી વધુ કાર્યકરો અને સ્ટાફ સતત ઉપસ્થિત રહી વધુ ને વધુ ''સેવાયજ્ઞ'' દ્વારા આ યજ્ઞ ચાલુ રાખેલ છે. આ પ્રોજેકટમાં ટ્રસ્ટના કાર્યકરો, વડોલો, સ્ટુડન્ટો, સેવાર્થીઓ, દાતાઓ અને ટ્રસ્ટીશ્રી પણ આ સેવા આપી રહ્યા છે.

આ સેવા યજ્ઞમાં તન-મન-ધનથી સેવા આપવા ઈચ્છતા વધુ ને વધુ આ પ્રકારના સેવામાં મદદરૂપ ઉપયોગી બનવા બોલબાલા ટ્રસ્ટ ૯/૧૮ લક્ષ્મીવાડી રાજકોટ મો. ૯૩૭૪૧ ૦૩૫૨૫/૨૧/૧૩ ફોન નં. ૦૨૮૧ ૨૨૩૭૦૦૦, ૦૨૮૧ ૨૨૪૩૦૦૮ સંપર્ક કરવા જયેશ ઉપાધ્યાયએ અપીલ કરેલ છે.

### પંચનાથ હોસ્પિટલ

૧૯૦૪૫૨ ઈ સી જી ૭૨૩૪૪ એક્સ રે ૧૫૦૪૦૦ ૨ઉ ઈકો ૧૩૦૫૫પટી એમ ટી ૧૦૧૦૪ લેબ રિપોર્ટ ૪૫૫૯૯૮ સી ટી સ્કેન રિપોર્ટ ૫૫૨૦૧ દાંત ૨૮૨૨૧૭ તેમજ જનરલ ફિઝીશિયન ૨૬૨૦૯૯ જેટલા દર્દીઓની સારવાર કરવામાં આવી.

તેમજ ઓર્થોપેડીક યુરોલોજીસ્ટ, ગાયનેક જનરલ કાન નાક ગળાના કુલ મળીને છેલ્લા ચાર વર્ષમાં ૬૭૪૮ જેટલી સંવેદનશીલ કે અતિ સંવેદનશીલ સર્જરી બાહોશ અને નિષ્ણાત તબીબો દ્વારા સફળતાપુર્વક કરવામાં આવી.

શ્રી પંચનાથ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખશ્રી દેવાંગભાઈ માંકડ માનદ મંત્રીશ્રી મયુરભાઈ શાહ કોષાધ્યક્ષશ્રી ડી વી મહેતા ટ્રસ્ટીશ્રીઓ ડો રવિરાજ ગુજરાતી, અનિલભાઈ દેસાઈ, વસંતભાઈ જસાણી, મહેન્દ્રસિંહ ગોહેલ, નીખીલભાઈ મહેતા, નીરજભાઈ પાઠક, સંદીપભાઈ ડોડીયા, નીતિનભાઈ મણિયાર, નારણભાઈ લાલકિયા જેવા સેવાના ભેખધારીઓ રાજકોટ જીલ્લા સમેટ સૌરાષ્ટ્ર અને કચ્છની કદરદાન અને ધર્મ પ્રેમી જનતાને વધુને વધુ રાહત દરથી સચોટ નિદાન મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.

હોસ્પિટલની અન્ય માહિતી માટે પંકજ ચગ મો નં ૯૮૭૯૫ ૭૦૮૭૮ પર અથવા તો શ્રીમતી ધૃતિબેન ધડુકનો હોસ્પિટલના ત્રીજા માળે રૂબરૂમાં અન્યથા લેન્ડ લાઈન નં ૦૨૮૧૨૨૨૩૨૪૯/ ૨૨૩૧૨૧૫ પર સંપર્ક કરવા હોસ્પિટલ તંત્રની અખબારી યાદીમાં જણાવેલ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)


### નગરપાલિકા-મહાપાલિકા

કરવામાં આવી છે. જેમા સાણંદ નગરપાલિકા વિસ્તારમાં મહત્વના રસ્તાઓ પર બ્યુટિફિકેશનની કામગીરી માટે રૂ. ૧૩.૫૦ કરોડ, વિરમગામ નગરપાલિકાને તળાવ બ્યુટિફિકેશનના કામ માટે રૂ. ૬.૪૨ કરોડ અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળને ઘોઘા ગામસર તળાવના બ્યુટિફિકેશન માટે રૂ. ૬.૪૩ કરોડ ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાવનગર મહાનગરપાલિકાને કરચલિયા પરા વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો માટે રૂ. ૯૯.૮૯ કરોડ તથા માંડવી-કચ્છ નગરપાલિકાને ૧૬.૮૬ કરોડ અને મુંદ્રા-બારાઈ નગરપાલિકાને ૧.૬૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત વિવિધ નગરપાલિકાઓને શહેરી રસ્તાઓના નિર્માણ માટે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧૫.૨૯ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. તે અંતર્ગત બારડોલીને ૯૯.૫૨ લાખ, સોનગઢને ૨૯.૭૪ લાખ, વલસાડને ૧.૦૨ કરોડ, બીલીમોરાને ૭૦.૧૫ લાખ, સાણંદ નગરપાલિકાને ૪૦ લાખ, પાદરા નગરપાલિકાને ૪૨.૯૦ લાખ, બાબરા નગરપાલિકાને ૩.૬૭ કરોડ તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને ૭.૭૮ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં વડોદરા મહાનગરપાલિકાને સીસી રોડ તથા પેવર બ્લોક માટે ઉત્તર ઝોનના ૧૨ કામો માટે ૨.૦૨ કરોડ રૂપિયા તેમજ દક્ષિણ ઝોનના ૧૫ કામો માટે ૨.૦૮ કરોડ રૂપિયા મળી કુલ ૪.૧૦ કરોડ રૂપિયા તથા માણસા નગરપાલિકાને ૩૫.૨૨ લાખ રૂપિયા ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વડોદરા મહાનગરપાલિકામાં શહેરની આગવી ઓળખના વિકાસ કાર્યો માટે કુલ ૧૦૪ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યાં છે. આ કામોમાં લાલકોર્ટ ઈમારતના આધુનિકીકરણ માટે રૂ. ૪૦ કરોડ, કમાટીબાગ પાસે નવીન ફુટ ઓવરબ્રિજ માટે રૂ. ૧૨ કરોડ, ગોત્રી તળાવ ખાતે યોગ સેન્ટર અને લાઈબ્રેરી માટે રૂ. ૨.૫૦ કરોડ, હરણી તળાવ ખાતે યોગ સેન્ટર અને લાઈબ્રેરી માટે રૂ. ૨.૫૦ કરોડ, નવનાથ મંદિરોના ગેટ માટે રૂ. ૨ કરોડ, ગાંધીનગર-ગૃહના નવીનીકરણ માટે ૧૦ કરોડ, સમા ખાતે નગરગૃહ માટે રૂ. ૨૦ કરોડ, કામનાથ મંદિર અને કમાટીબાગને જોડતા વોકિંગ બ્રિજ માટે રૂ. ૧૦ કરોડ તેમજ પારેશ્વર મહાદેવ મંદિરથી ગોત્રી ગાર્ડનને જોડતા આર.સી.સી. કેબલ વોકિંગ બ્રિજના કામોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત નાગરિકોને ટ્રાફિકમાંથી મુક્તિ અપાવવા તથા યાતાયાતને વધુ સુગમ બનાવવાના હેતુથી દ્વારકા અને ધ્રાંગધ્રા નગરપાલિકાને રેલવે ઓવરબ્રિજ માટે રૂ. ૮૮.૮૮ કરોડ મંજૂર કર્યા છે. તેમાં દ્વારકા નગરપાલિકાને રૂ. ૪૯.૮૭ કરોડ અને ધ્રાંગધ્રા નગરપાલિકાને રૂ. ૩૯.૦૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

## પુર્વ સંયુક્ત માહિતી નિયામક દિપકભાઈ ભટ્ટની ગુરૂવારે અમદાવાદ ખાતે પ્રાર્થના સભા



**રાજકોટ:** પુર્વ સંયુક્ત માહિતી નિયામક દિપકભાઈ નિર્ભયભાઈ ભટ્ટ ( ઉ. વ.૭૬) તે રેખાબેન (નિવૃત્ત અધિકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) ના પતિ, તેમજ ભાર્ગવભાઈ (સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ એક્સિસ બેંક અમદાવાદ) , મૈત્રીબેન હસિતભાઈ મહેતા (રાજકોટ)ના પિતા, ઉષાબેન ચીમનભાઈ પાઠક (રાજકોટ), તરૂબેન હરીશભાઈ પાઠક (ઈંદોર), દત્તાબેન મહેન્દ્રભાઈ દવે (રાજકોટ), ભારતીબેન ભરતભાઈ દવે (રાજકોટ), પત્રકાર બંધુ હેમેન ભાઈ ભટ્ટ , નૈષધ ભટ્ટ નિકુ ભટ્ટના મોટાભાઈ અને યુવરાજના દાદા, અદિતી અને મહેકના નાનાનું મંગળવાર તા. ૨૦ના રોજ અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા અમદાવાદ ખાતે તા. ૨૩ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ સિંધુભવન હોલ, સિંધુભવન,એસ. જી. હાઈવે ખાતે રાખેલ છે.

## દુ:ખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**દ્વારકા:** ઓખા નિવાસી રામભાઈ રમણીકલાલ ભાયાણી (ઉં.વ. ૬૮) જે ગોપાલભાઈ ભાયાણી ના મોટાભાઈ, હાર્દિકભાઈ ભાયાણી, દિવ્યા હિરેનભાઈ ઝાંખરિયાના પિતા, ક્રિષ્નાના દાદાનું અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૨-૧-૨૫ ના બુધવારના દાવડા હોલ ઉષેશ્વર મહાદેવ મંદિર ઓખા ૪:૩૦ થી ૫:૦૦ સુધી રાખેલ છે મોસાળ પક્ષ ની સાદડી સાથે રાખેલ છે

**ભાણવડ:** સ્વ. દુર્લભજી ભુરાભાઈ મહેતાના ચંદ્રકાંત દુર્લભજી મહેતા (ઉ.વ.૮૧) તે સ્વ. બીપીનચંદ્રના ભાઈ, સ્વ. કુંદનબેનના દિયર, ઉપેન, પ્રિતલબેન, વૈશાલીબેનના કાકા, સોનલબેન, પ્રકાશકુમાર, ચિંતનકુમારના કાકાજી, ભવ્ય, હસ્તી, પરમ, જીલ, ઝલકના દાદાકાકાનું તા. ૨૦ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૨ ને બુધવારે સવારે ૧૦ કલાકે અને પ્રાર્થના સભા ૧૧ કલાકે શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, હર્ષદ શેરી, ભાણવડ મુકામે રાખેલ છે.

**જુનાગઢ:** સ્વ. વીરેન્દ્રકુમાર રામશંકરભાઈ ખીરા (ઉ.વ.૬૬) તે સ્વ. બળવંતરાય રામશંકરભાઈ ખીરા, ભાસ્કરરાય રામશંકરભા ખીરા તથા જનકરાય રામશંકરભાઈ ખીરા, પદામાબેન, પ્રવીણાબેનના નાનાભાઈ, નીરવ, શિવાંગીના પિતા, ભાવિનકુમાર મહેતાના સસરા, સ્વ. બચુભાઈ વલ્લભભાઈ સાતા રાજકોટ વાળાના જમાઈ, સ્વ. પ્રફુલભાઈ બચુભાઈ સાતાના બનેવીનું તા. ૧૯ નેરવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ બિલનાથ મહાદેવ મંદિર, અક્ષર મંદિર ની પાસે, વંથલી રોડ, જુનાગઢ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** રૈયા નિવાસી વાઘજીભી હરિસિંગજી ચાવડા (ઉ.વ.૬૭) તે ગંભીરસિંહ વાઘજીભી ચાવડા, લખધિરસિંહ વાઘજીભી ચાવડાના પિતાનું તા. ૨૦ ને સોમવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** રૈયા નિવાસી વાઘજીભી હરિસિંગજી ચાવડા (ઉ.વ.૬૭) તે ગંભીરસિંહ વાઘજીભી ચાવડા, લખધિરસિંહ વાઘજીભી ચાવડાના પિતાનું તા. ૨૦ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૨ ને બુધવારના રોજ સાંજે ૪ થી ૬ ખોડીયાર મંદિર, રૈયા ગામ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ બગસરા વડિયાના વતની હાલ રાજકોટ વખારીયા ચંદ્રકાંતભાઈ ગોકળદાસ (ચંદુભાઈ મેતાજી) (ઉ.વ.૭૩) તે હિરેન (રાજકોટ નાગરીક સહકારી બેંક લી), ક્રિષ્ના વત્સલભાઈ જનાણીના પિતાનું તા. ૨૧ ને મંગળવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૫.૩૦ કલાકે જાગનાથ મહાદેવ મંદિર, ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગૌ ભકિતની અનુપમ કથા સમા વીરદાદા જશરાજજીની કાલે પુણ્યતિથિ

## લગ્નના મંડપ વચ્ચેથી ઉભા થઈ જશરાજદાદા ગૌ માતાને બચાવવા નીકળી ગયા હતા

ભારત દેશમાં ગૌ માતા માટે પ્રાણ ન્યોછાવર કરનારા અનેક વિરલાઓને વંદન. તા. ૨૨મી જાન્યુઆરી દાદા જશરાજનો મહાપ્રયાણ દિન છે. પ્રચંડ પ્રભાવિક વીર યોદ્ધા મહા માનવ દાદા જશરાજે તા. ૨૨-૦૧-૧૦૫૮ રોજ ગૌરક્ષા કાજે શહીદી વહોરી, તે દિવસને લોહાણા (લોહરાણા) સમાજ દ્વારા આર્શીવાદ માટેના ખાસ દિવસ અને સમુહ પ્રસાદ-ભોજન તરીકે ઉજવવામાં આવે છે, જેમાં તમામ જ્ઞાતિ-જાતિના લોકો ભેદભાવ વગર જોડાઈને દાદા જશરાજને શ્રધ્ધાંજલી અપી તેમના બલિદાનને ગૌરવપૂર્વક યાદ કરે છે.

જયારે જયારે વસુંધરા ઉપર અધર્મીઓ કે વિધર્મીઓનો ત્રાસ અબોલ કામધેનું સમાન ગૌમાતાઓ પર થાય છે ત્યારે અધર્મીઓના નાશ માટે દાદા જશરાજ જેવા વીરપુરુષોનો આ અવની ઉપર જન્મ થાય છે. ગૌહત્યા થતી રોકવા અને સમાજમાં ફેલાતી અરાજકતાના સમયે વસ્તુપાળ અને માતા રન્નાદે ઠકરારના ખોળે દાદાનો જન્મ થાય છે. ૧૧ મી સદીમાં મધ્યભાગ સુધી લોહરાણા (લોહાણા) ઓએ અણનમ યૌદ્ધાઓની માફક સંગઠીત થઈને વિધર્મી દુશ્મનોના મુળીયા ઉખેડી નાંખેલ. હિંગળાજ માતાજીની ઉપાસના કરતા લોકોની લાજ લોહરાણાઓએ રાખેલ.

દાદાની જન્મભૂમિ લાહોર. અફઘાનીઓ લોહરાણા સામે લડી લડીને થાકી ગયા કેમ કે ૧૧ મી સદીમાં દાદા જશરાજ જેવા લોકનેતાઓએ લોહરાણાઓને ખૂબ જ સંગઠીત કર્યા હતા. તક્ષશિલા, લેહ, લદાખ, સામ્બકોટ, બીજકોટ, ઉન્ડકોટ વિગેરે લાહોર ચોવિસીમાં હિન્દુસ્તાનની સરહદે આવેલા પ્રાંતોનું સરહદનું રક્ષણ લોહરાણાઓ કરતા હતા.

દાદા વસ્તુપાળ અને એમની સેનાએ મહમદ ગઝનીને સરહદેથી ખદેડી મુક્યો હતો. મહમદ ગઝનીના પુત્ર જલાલુદીનને દાદા વસ્તુપાળ અને હરપાળે મારી ભગાવ્યો હતો. જલાલુદીનના નોકર ફિરોજખાને કાબુલ-કંદહારની હદમાં છાવણીઓ નાખી દગો, ફટકો અને કપટ કરી સમાધાન ના નામે દાદાભીસ્મ હરપાળને બોલાવી તેમની પાછળ ઘા કરી હત્યા કરી નાખી. તે વખતે હરપાળની મદદે અપંગ યોદ્ધા વીર વચ્છરાજે સામી છાતીએ લડીને ફિરોજખાનને મારી નાંખી પૃથ્વી ઉપરનો ભાર હળવો કર્યો. પરંતુ વેરની આગમાં જલી રહેલા વિધર્મીઓએ યુધ્ધના નિયમ વિરૂદ્ધ રાતના અંધકારમાં સિંધુ ખેતના કિલ્લા પર છુપો છાપો માર્યો. એટલું જ નહીં પોતાના સૈન્યની સાથે સાથે ગૌમાતાઓને પણ ભેળવી દેવામાં આવી. આથી નાછુટકે અને નાઈલાજે ગૌ માતાઓનું રક્ષણ કરવા માટે હાથોહાથની લડાઈનો જંગ જામ્યો. આ સત્યકથાની સૌથી



:: સંકલન ::
ડો. વલ્લભભાઈ કથીરિયા
પૂર્વ મંત્રી, ભારત સરકાર

આશ્ચર્ય બાબત એ છે કે આ જીવ-સટોસટના જંગમાં લોહરાણીઓ પણ ઝંપલાવે છે અને વિશ્વના ઈતિહાસમાં વિરલ વિરાંગનાપણું પણ કહી શકાય તેવું નારી વિસંગતતા પણ પ્રગટ થાય છે. લોહરાણી હરકોર, બિજલ, બ્રજકોર, લક્ષ્મી અને જયકુંવરની આગેવાની હેઠળ હજારો લોહરાણી મહિલાઓએ યુધ્ધ જીતી દેખાડયું. મહારાણા વસ્તુપાળની શહિદીનો બદલો લીધો. દાદા જશરાજના બે ભાઈઓએ પણ શહિદી વહોરી લીધી. તેમની બે બહેનો હરકુંવર અને કેશળીબાળા પણ નાની વયે સિંહના મુખમાંથી ગૌમાતાને મુક્ત કરતા - કરતા મોતને ભેટયા હતા. આવા બહાદુર કુટુંબ માં દાદા જશરાજનું પાલન પોષણ થયેલું. રાજપાઠની જવાબદારી વીર દાદા જશરાજનાં શીરે આવી. તે વખતે દાદાની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. કાચી ઉંમરે રાજ્યારોહણ થયેલું છતાં દાદા જશરાજ પોતાનો મહારાણા મુગટ અને રાજ દંડને સિંહાસન ઉપર મૂકી લાહોરને પ્રજાસતાક રાજ્ય જાહેર કરે છે અને પ્રતિજ્ઞા કરે છે કે '' વતન ઉપર છવાયેલી વિધર્મીઓની હીનવૃતિઓ અને મલીન શાસકોનો ઝડમૂળથી વિનાશ કરવામાં આવશે.

આ મહાન ગૌપ્રેમી, પરાક્રમી અને વીર પુરૂષનું અપ્રતિમ શોર્ય અને હિંમત જોઈને અફઘાનીઓ તંગ આવી ગયા. તેમને યેનકેન પ્રકારે મારી નાખવા સંસદ બોલાવીને દાદા જશરાજના માથા માટે બે લાખ અશરફીનું ઈનામ જાહેર કર્યુ. આ સમાચાર સાંભળી દાદા પોતાના વિશ્વાસુ સાથીદાર એવા સિંધુ શર્મા સાથે કાબુલ નરેશના ભરદરબારમાં પહોચે છે અને એના જ દરબારમાં એને હણીને લાહોરનો ધ્વજ ફરકાવે છે આ રીતે પોતાના પિતાની ઈચ્છાપૂર્તિ કરી પિતૃત્રૂણ અદા કરે છે.

૨૪ વર્ષે ઉંડકોટના રાજા રઘુપાલની દિકરી સૂર્યકુમારી સાથે વસંત પંચમીના રોજ દાદા જશરાજના લગ્ન નિધરિલા હતા. આ સમાચારથી અકળાયેલા વિધર્મીઓ, ઈરાનીઓ, આરબો અને ગીઝનીઓએ એકત્રીત થઈને, નાપાક કાવત્રુ રચી, લગ્નના દિવસે ગૌમાતાઓના સમુહને લૂંટારૂઓના સ્વાંગમાં લૂટયા અને ગૌ હત્યા કરવા લાગ્યા. આથી સમગ્ર પ્રાંત અને પ્રદેશમાં હિંદુઓની લાગણીઓ ખુબ દુભાણી, પરંતુ દાદાના જમણા હાથ સમાન સિંધુ શર્માએ (જે આજે ધરાદેવ તરીકે પુજાય છે) દાદા જશરાજને લગ્નમાં ખલેલ ન પહોચે એટલે ખાનગીમાં થોડા બાહોશ પણ મુઠ્ઠીભર સૈનિકોને લઈને ગૌ લૂટારાઓનો પીછો કર્યો અને ગૌ માતાને છોડાવી. પરંતુ તરંગાઈ નદીની ખીણ પાસેના ડુંગરાળ જંગલમાં સમશુદીને દગા-ફટકાથી સાજીસ રચીને પાછળથી હુમલો કર્યો, જેમાં સિંધુ શર્મા પોતાનો સ્વ-બચાવ ન કરી શકયા અને વિરગતીને પામ્યા. વિધર્મીઓ સિંધુ શર્માની લાશને ઘોડા ઉપર લટકાવીને જયાં દાદાના પરણેતરા ચાલતા હતા ત્યાં ઘાયલ ઘોડા સાથે મોકલે છે. આ દશ્ય જોઈને દાદા વ્યથિત અને ક્રોધિત થાય છે, મંડપ મધ્યે પહેરેલો સાફો ઉતારી, સ્વસુર પક્ષની બે હાથ જોડી વિદાય લઈ, પોતાના પ્રિય અશ્વલાલુ સાથે, તલવાર, ભાલા, ઢાલ, બખ્તર લઈ સવાર થઈને જંગે ચડયા અને મુખ્ય કાવત્રાખોર સમશુદીનનો ખાત્મો બોલાવ્યો. દુશ્મન દળોએ ફરીથી દગો અને કાવત્રુ કર્યુ. એક વિધર્મી ભારતીય સૈનિકોનો બનાવટી વેશ ધારણ કરી ઠાકુરના પહેરવેશમાં આવ્યો અને પ્રપંચથી દાદા ઉપર પીઠ પાછળથી કરેલા ઘા દવારા દાદાના મસ્તકને કાપી ધડથી અલગ કરી નાખ્યું. કપાયેલું ધડ બે દિવસ સુધી લડતું રહયું. આ પરમ શકિતના અવતારને શાંત કરવા માટે, ધડ ઉપર પવિત્ર જળ છાંટી લોહરાણા સરદારોએ પ્રતિજ્ઞા કરી કે હવેથી લોહરાણાઓ લગ્ન સમયે સફેદ પાઘડી ધારણ કરશે અને તેના ઉપર કંકુ-ચોખાના છાંટણા કરશે. જયારે લોહરાણીઓએ સફેદ પાનેતર પહેરી દાદા-જશરાજની શહિદીનો અંતરથી શોક મનાવ્યો. ત્યારે દાદાનું ધડ શાંત થયું. આવા કલ્યાણકારી, પરમ પાવક, ગૌભકત અને લોહાણા સમાજના ઈષ્ટદેવ દાદા જશરાજનું તા. ૨૨-૦૧-૧૦૫૮ના રોજ અવસાન થયું. દાદાનો પ્રિય અશ્વ લાલુ, પ્રિય સેનાપતિ સિંધુ શર્મા અને ત્યાર બાદ દાદાનું પૂજન થાય છે.

### મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન અને સીઝન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે

# સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતી સુગમ સંગીત સ્પર્ધામાં ગુજરાતી ગીતની સ્પર્ધામાં કલાકારા વચ્ચે થશે જોરદાર ટકકર

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગરમાં શિક્ષણ અને કલાક્ષેત્ર નું સુવર્ણયુગ ચાલી રહ્યો છે, અને સીજન સ્કવેરદ્વારા ઓપન સૌરાષ્ટ્ર સુગમ સંગીત સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે, અબતક ની મુલાકાતે આવેલા ભુસિતભાઈ શુકલ, ડો, પુલકિતભાઈ બક્ષી, ડો , સુધીરભાઈ પંડ્યા, પર્જન્ય ભાઈ પંડયા, અને જોગીનભાઈ પંડ્યાએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે રાજકોટમાં મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન અને સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુકત ઉપક્રમે ઓપન સૌરાષ્ટ્ર - કચ્છ સુગમ સંગીત સ્પર્ધા - ૨૦૨૫નું રાજકોટ ખાતે



અબતકની મુલાકાતમાં સીઝન સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનોએ સ્પર્ધાની આપી વિગતો

આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં સિઝન્સ સ્કવેરના આયોજકો અજયભાઈ જોશી, કૌશિકભાઈ મહેતા, અલ્કાબેન વોરા, ભરતભાઈ દુદકિયા, શૈલેષભાઈ પંડયા તથા અન્ય આયોજકોએ જહેમત ઉઠાવી છે. આ સ્પર્ધા બે કેટેગરીમાં યોજાશે. ૧૫ વર્ષ સુધીનું એક ગ્રૂપ અને ૧૬ વર્ષથી ઉપરનું ગ્રૂપ એમ બે કેટેગરી રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ગૂગલ ફોર્મ ભરીને મોકલવાનું રહેશે. અને એન્ટ્રી તા.૬-૨-૨૦૨૫ સુધીમાં મોકલવાની રહેશે. સ્પર્ધા માટે કોઈ ફી નથી, નિશુલ્ક છે. ફૂલ ત્રણ રાઉન્ડમાં સ્પર્ધા થશે. પ્રાથમિક, સેમીફાઈનલ અને ફાઈનલ રાઉન્ડ, સ્પર્ધક પોતાના ખર્ચે રાજકોટના નક્કી થયેલા સ્થળે આવવાનું રહેશે.

સ્પર્ધામાં કોઈ હિન્દી ફિલ્મના ગીત, ગરબા, દુહા છંદ કે ભજન માન્ય નહિ રહે. માત્ર ગુજરાતી ગીતો જ માન્ય ગણાશે. વિડીયો વધુમાં વધુ ત્રણ મિનીટનો હોવો જોઈએ. નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે. વિજેતાઓનું સન્માન કરવામાં આવશે. વધુ વિગત માટે સંપર્ક કરો ભૂષિત શુકલ - ૯૦૧૬૬૯૬૩૮૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

# નયારા એનર્જીએ મોબાઈલ હેલ્થ સર્વિસીઝનું ઉદ્ઘાટન રેડિયોગ્રાફી ફેસિલિટીને અપગ્રેડ કરાય

**અબતક, રાજકોટ**




નયારા એનર્જીએ તેની મોબાઈલ હેલ્થ સર્વિસ લોન્ચ કરીને કમ્યૂનિટી હેલ્થકેરને મજબૂત બનાવવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આ સર્વિસનું નયારા એનર્જીના ચેરમેન શ્રી પ્રસાદ પાનિકર, શ્રી અમર કુમાર (હેડ, રિફાઈનરી) તથા રિફાઈનરી લીડરશિપ ટીમ (આરએલટી)ના સભ્યો દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતરિયાળ અને સુવિધાઓથી વંચિત સમુદાયોને જરૂરી એવી પ્રાથમિક હેલ્થકેર સેવાઓ પૂરી પાડવા માટે તૈયાર કરવામાં આવી છે જે હેલ્થકેરના મહત્વના અંતરને પૂરે છે અને ગ્રામીણ લોકો માટે મેડિકલ સુવિધાઓની સમાન પહોંચ સુનિશ્ચિત કરે છે. મોબાઈલ હેલ્થ સર્વિસ નયારા એનર્જીના ઓપરેશનલ એરિયામાં અને તેની ફરતે ૫૦,૦૦૦થી વધુ લોકો સુધી પહોંચે તેવી સંભાવના છે જે નિવારાત્મક સંભાળ, આરોગ્યની જાગૃતતા તથા બીમારીના વહેલા નિદાનને મહત્વનો ટેકો પૂરો પાડશે. આ ઉપરાંત, જામનગરમાં ડિસ્ટ્રીકટ ટ્યૂબરકયુલોસિસ સેનટ્ર (ડીટીસી) ખાતે અપગ્રેડ કરવામાં આવેલી કમ્પ્યૂટરાઈઝ્ડ રેડિયોગ્રાફી ફેસિલિટી પણ ખુલ્લી મૂકવામાં આવી હતી જે નિદાનની ક્ષમતાઓને નોંધપાત્ર વધારે છે. આ કાર્યક્રમમાં ટીબી ફિલ્ડ સ્ટાફ માટે પેશન્ટ મોનિટરિંગ અને ડેટા મેનેજમેન્ટને સરળ બનાવવા માટે એક ટ્રુનેટ મશીન, ચાર એલએકસ ૪૦૦ એલઈડી માઈક્રોસ્કોપ અને ૨૭ એન્ડ્રોઈડ ટેબ્લેટ્સ સહિત આધુનિક ડાયગ્નોસ્ટિક ટૂલ્સ પણ સુપરત કરવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રીજીએ જશે પ્રયાગરાજ

## મહાકુંભ મેળામાં શાહી સ્નાન કરી પૂણ્યનું ભાથું બાંધશે

**અબતક,રાજકોટ**



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળો ચાલી રહ્યો છે. ગત ૧૩મી જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં અત્યાર સુધીમાં ૯ કરોડથી વધુ લોકોએ ધર્મલાભ લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી ત્રીજી ફેબ્રૂઆરીના રોજ પ્રયાગરાજ જઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.તેઓ મહાકુંભ મેળામાં શાહી સ્નાન કરશે.

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળાએ માત્ર ભારત જ નહી વિશ્વભરના લોકોને આકર્ષીત કર્યા છે. માત્ર ૯ દિવસમાં જ ૯ કરોડ લોકોએ આસ્થાભેર પ્રયાગરાજની મૂલાકાત લીધી છે. અને સ્નાન કરી પૂણ્યનું ભાથુ બાંધ્યું છે. સતત ભાવિકોનો પ્રવાહ પ્રયાગરાજ તરફ આવી રહ્યો છે. સોશિયલ મીડિયા પર પણ હાલ મહાકુંભ મેળો જ છવાયેલો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી ત્રીજી ફેબ્રુઆરીના રોજ પ્રયાગરાજમાં ચાલતા મહાકુંભ મેળાની મૂલાકાત લેશે તેઓ પરિવાર સાથે મહાકુંભ મેળામાં શાહી સ્નાન કરશે. ગુજરાત સરકારના મંત્રી મંડળના અન્ય સભ્યો પણ મહાકુંભ મેળામાં જાય તેવી શકયતા હાલ નકારી શકાતી નથી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ પ્રયાગરાજ મહાકુંભ મેળામાં પધારે તેવી ચર્ચાઓ પણ થઈ રહી છે.

# રાજભવનના સ્ટાફ માટે સરસ્વતી સદનમ્ અને 'એશ્વર્યમ્' આવાસનું લોકાર્પણ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વર્ષ ૨૦૨૨ માં ભૂમિ પૂજન કર્યું : તેઓએ અંગત રસ લઈને કામની ઝડપ અને ગુણવત્તા બંને માટે વિશેષ કાળજી લીધી

**અબતક,રાજકોટ**



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરમાં રાજભવનના કર્મચારીઓ-અધિકારીઓ માટેના આવાસીય પરિસરમાં સરસ્વતી સદનમ્ (કોમ્યુનિટી હોલ) અને 'એશ્વર્યમ્'માં ૩૨ આવાસનું લોકાર્પણ કર્યું હતું. આચાર્ય દેવવ્રતજીએ રાજભવન સ્ટાફ પરિવારને દિવ્ય-ભવ્ય આવાસ અર્પણ કરતાં આ આવાસમાં નિવાસ દરમિયાન સૌનું જીવન સુખમય, શાંતિમય અને સંપૂર્ણ સ્વસ્થ રહે એવી શુભકામનાઓ પાઠવી હતી. આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિવારના સૌ સભ્યો અને તેમના પરિવારજનોને સંપીને-એક પરિવારની જેમ રહેવા, આવાસીય પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને બાળકોના વિકાસ માટે સારું શિક્ષણ અને સંસ્કારી વાતાવરણ આપવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાજભવન આવાસીય પરિસરની સ્વચ્છતા અને સુંદરતા જાળવવાની જવાબદારી અહીં વસતા પરિવારોની છે. આ પરિસરને એવું આદર્શ અને આખા રાજ્ય માટે ઉદાહરણીય બનાવો કે બહારના લોકોને આ પરિસરની મુલાકાત લેવાનું અને પ્રેરણા લેવાનું મન થાય.

રાજભવન આવાસીય પરિસરમાં રૂપિયા ૪૮.૦૪ કરોડના ખર્ચે છ-ટાઈપના ૯૬ આવાસ અને ઘ-ટાઈપના ૩૨ આવાસનું નિર્માણ કરાયું છે.

રાજભવન સ્ટાફ કવાર્ટર્સને ૩૦૦ લોકોની ક્ષમતાવાળા કોમ્યુનિટી હોલ-સરસ્વતી સદનમ્ નું પણ નિર્માણ કરાયું છે. આ પરિસરમાં અદ્યતન દવાખાનું પણ કાર્યરત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જર્જરીત થઈ ગયેલા સ્ટાફ કવાર્ટર્સના પુનનિર્માણ કાર્યનું વર્ષ ૨૦૨૨ માં ભૂમિ પૂજન કર્યું હતું. તેમણે અંગત રસ લઈને કામની ઝડપ અને કામની ગુણવત્તા બંને માટે વિશેષ કાળજી લીધી હતી. વર્ષ ૨૦૨૩ માં ૧૭મી સપ્ટેમ્બરે પ્રથમ તબક્કાના કામનું સમાપન થતાં કર્મચારીઓને નવા આવાસો મળ્યા હતા. હવે બીજા તબક્કામાં ૩૨ આવાસનું નિર્માણ અને લોકાર્પણ કરાયું છે.

'એશ્વર્યમ્' નામ આપવામાં આવ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અહીં નિવાસ કરતા પરિવારો વિચાર, સંસ્કાર અને સંપત્તિથી ઐશ્વર્યવાન બને એવી વિભાવના છે. સરસ્વતી સદનમ્ ના પ્રવેશદ્વાર પર તકતીનું અનાવરણ કરીને રાજ્યપાલએ આવાસીય પરિસર અને સરસ્વતી સદનમ્ નું લોકાર્પણ કર્યું હતું. આ અવસરે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજી રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા અને માર્ગ-મકાન વિભાગના અધિક સચિવ અને મુખ્ય ઈજનેર પતંજલિ મિશ્રા તથા માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અને રાજભવન સ્ટાફના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૨૦ નકસલીઓ ઠાર

## સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા:કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી: ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો

**અબતક, નવી દિલ્હી**

છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૨૦ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે.અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે સવારે વધુ ૨૦ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરૂદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસમાં વધુ નક્સલવાદીઓના શબ મળવાની સંભાવના છે. હાલ જપ્ત કરવામાં આવેલા મૃતદેહોની ઓળખ થઈ રહી છે. છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરૂણ સાઉએ ગારિયાબંદ એન્કાઉન્ટર વિશે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલ મુક્ત દેશ બનાવવા માગે છે. જેના ભાગરૂપે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ૧૪ નક્સલીઓને ઠાર મારવાની કવાયત પ્રશંસનીય છે.'

# ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા દિલ્હીમાં વર્લ્ડ ફોરમ ઓફ એકાઉન્ટ યોજાશે

## ૩ દિવસીય સેમીનારમાં ૪૦ દેશના ૧૮ હજાર પ્રતિનિધિઓ માટે ૧૫૦ નિષ્ણાંતોના ૪૦ સત્ર યોજાશે

**અબતક, રાજકોટ**

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થાને વિશ્વ એકાઉન્ટન્ટ્સ ફોરમ ૨૦૨૫નું આયોજન નવી દિલ્હી ખાતે યશોભૂમિ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન કરવાનું છે.

વિષય Accountability Meets Innovation (AI): For A Sustainable Planet જે પ્રધાનના વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક પ્રગતિ, પર્યાવરણીય ટકાઉપણું અને સુશાસન જેવા દ્રષ્ટિવીક્ષોઓને સમર્પિત છે.

આ ઈવેન્ટમાં વિશ્વભરના ૮૦૦૦થી વધુ નેશનલ અને ઈન્ટરનેશનલ પ્રતિનિધિઓ ભાગ લેશે, જેમાં ઈન્ટરનેશનલ એકાઉન્ટિંગ ઓર્ગેનાઈઝેશન્સ, ફર્મ્સ, નિયમનકારો, આર્થિકશાસ્ત્રીઓ, પ્રાધ્યાપકો, વ્યાપાર જૂથો, વ્યાવસાયિક નેતાઓ, નીતિ નિર્માતા અને જીવનક્ષેત્રનાં અન્ય અગ્રણીઓ સામેલ રહેશે.

વૈશ્વિક ફોરમનું ઉદ્ઘાટન રાજનાથ સિંહ, સંરક્ષણ મંત્રી દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરવામાં આવશે. સીએ. રણજીત કુમાર અગરવાલ, આઈસીએઆઈના પ્રમુખે જણાવ્યું કે WOFA ૨૦૨૫ પ્રોફેશનલ્સ માટે એક અનોખું અને યોગ્ય પ્લેટફોર્મ છે, જ્યાં તેઓ એકત્ર થઈના ખાતા વ્યવસાયના વિકાસમાં દેખાતા પડકારો અને તકઓ પર મહત્ત્વપૂર્ણ ચર્ચાઓમાં ભાગ લઈ શકે છે. ''જેમ જેમ વૈશ્વિક

નાણાકીય પરિભ્રમણ ઝડપથી પરિવર્તન પામી રહ્યું છે, તેમ WOFA ૨૦૨૫ શીખવા, શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવા અને સહકાર સ્થાપિત કરવા માટે એક મહત્વપૂર્ણ માધ્યમ બને છે, જે નાણાકીય ક્ષેત્રના ભવિષ્યને ઘડવામાં મદદરૂપ થશે. ઈવેન્ટ ડિજિટલ પરિવર્તન, સ્થાયિત્વ સંબંધિત નજારો, નાણાકીય સુધારાઓ અને વૈશ્વિક નાણાકીય પ્રણાલીઓને સ્થિર અને સકારાત્મક પરિવર્તન લાવવામાં ખાતાના વ્યાવસાયિકોના મહત્વપૂર્ણ ભૂમિકા પર કેન્દ્રિત ઉભરતા રુઝાનો અને નવીનતાઓ અંગે મૂલ્યવાન જાણકારી આપશે. આ કાર્યક્રમ ભારત માટે ગૌરવપૂર્વકનો તહેવાર છે, જે ભારતમાં વિશ્વના ખાતાશાસ્ત્ર હબ તરફ ભારતના કદમોને ઉજવશે.

૪૦+ સત્રો ટેકનિકલ ચર્ચાઓ ઈન્ડિયા ફાઈનાન્સ ભવિષ્યનું આકાર આપતા વિષયો પર પ્રસ્તુતિઓ ટકાઉ વિકાસ માટે આર્થિક ફેરફારોની ચર્ચા

વિશેષ વ્યાખ્યાતામાં શ્રીમતી મધબી પુરી બૂચ, ચેરપર્સન, સેબી અજય ભૂષણ પાંડે, ચેરમેન, NFRA ટોમ સેડેનસ્ટીન, IAASBના અધ્યક્ષ અને અન્ય પ્રખ્યાત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સીએ. ચરણજોત સિંહ નંદા, આઈસીએઆઈના ઉપપ્રમુખે ઝડપથી બદલાતા ડિજિટલ લેન્ડસ્કેપ સાથે લયબદ્ધ થવાની જરૂરિયાત પર ભાર મુકયો. :WQFA ૨૦૨૫ પ્રોફેશનલ્સ માટે ડિજિટલ પરિવર્તન, નાણાકીય સુધારાઓ અને સ્થાયિત્વ પર અસરકારક ચર્ચાઓ માટે મહત્વપૂર્ણ માધ્યમ પૂરું પાડશે.

# ટ્રમ્પના સત્તારૂઢ થવાથી અમેરિકાનો સુવર્ણકાળ શરૂ થશે ?

## ટ્રમ્પે ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવાની સાથે જ ધરખમ ફેરફારો લાવવાના શરૂ કરી દીધા



**અબતક, નવી દિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. અનેક કારોબારી નિર્ણયોની જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકાનો સુવર્ણ યુગ હવે શરૂ થાય છે. શપથ ગ્રહણ બાદ એક ઉગ્ર સંબોધનમાં, ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીને મુક્તિ દિવસ તરીકે ઓળખાવ્યો. તેમણે કહ્યું કે હવે અમેરિકા માટે સારા દિવસો શરૂ થશે અને પરિવર્તન ખૂબ જ ટૂંક સમયમાં આવશે.

રિપબ્લિકન પાર્ટીના નેતા ટ્રમ્પ એક મજબૂત નેતૃત્વ અને શકિતશાળી રાષ્ટ્રપતિ પદના વિઝન સાથે વ્હાઈટ હાઉસમાં પાછા ફર્યા છે. તેમણે ઈમિગ્રેશન, ટેરિફ અને ઉર્જા સહિત ઘણા ક્ષેત્રોમાં યુએસ નીતિઓમાં આક્રમક ફેરફાર કરવાનું વચન પણ આપ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ દૂત તરીકે શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. ટ્રમ્પે પોતાના ભાષણમાં જણાવ્યું કે અમેરિકા પૃથ્વી પર સૌથી મહાન, સૌથી શકિતશાળી, સૌથી આદરણીય રાષ્ટ્ર તરીકે તેનું યોગ્ય સ્થાન પાછું મેળવશે, જેનાથી દેશ સમગ્ર વિશ્વમાં પ્રશંસા મેળવશે. આજથી આપણો દેશ ફરીથી સમૃદ્ધ થશે અને સમગ્ર વિશ્વમાં તેનું સન્માન થશે. દરેક દેશ આપણી ઈર્ષ્યા કરશે અને અમે ક્યારેય કોઈને આપણો ફાયદો ઉઠાવવા દઈશું નહીં.

વર્ષોથી વાણી પર ગેરકાયદેસર અને ગેરબંધારણીય પ્રતિબંધો પછી, હું અમેરિકામાં તમામ સેન્સરશીપનો અંત લાવવા અને અભિવ્યકિતની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરવા માટે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીશ. ન્યાયના ત્રાજવા ફરીથી સંતુલિત કરવામાં આવશે. ન્યાય વિભાગ અને સરકારનું ક્રૂર, હિંસક અને અન્યાયી શસ્ત્રીકરણ સમાપ્ત થશે. આપણે નિષ્ફળ જઈશું નહીં. આજથી, અમેરિકા એક મુક્ત, સાર્વભૌમ અને સ્વતંત્ર રાષ્ટ્ર બનશે. ભવિષ્ય આપણું છે અને આપણો સુવર્ણ યુગ હવે શરૂ થાય છે. અમેરિકાનો સુવર્ણ યુગ હમણાં જ શરૂ થયો છે. એક નવા રોમાંચક યુગની શરૂઆત થઈ રહી છે. એક રાષ્ટ્ર જે પહેલા કરતાં પણ વધુ મહાન, મજબૂત અને અસાધારણ છે.

આપણી સાર્વભૌમતૃ પાછી મેળવીશું. આપણી સુરક્ષા પુનઃસ્થાપિત કરવામાં આવશે. ન્યાયના ત્રાજવા ફરીથી સંતુલિત કરવામાં આવશે. આપણી ટોચની પ્રાથમિકતા એવા રાષ્ટ્રનું નિર્માણ કરવાની રહેશે જે ગર્વિત, સમૃદ્ધ અને સ્વતંત્ર હોય. આપણી પાસે એક એવી સરકાર હતી જે વિદેશમાં વિનાશક ઘટનાઓ ચાલુ રહેતી વખતે ઘરે એક સામાન્ય કટોકટીનો પણ સામનો કરી શકતી ન હતી. તેમણે કહ્યું કે સરકારે અમેરિકન સરહદોના ભોગે કાયદાનું પાલન કરનારા નાગરિકોને બદલે ખતરનાક ઈમિગ્રન્ટ્સનું રક્ષણ કરવાનું ચાલુ રાખ્યું. પરંતુ તે વિદેશી સરહદોનું રક્ષણ કરે છે અને કટોકટીના સમયમાં મૂળભૂત સેવાઓ પણ પૂરી પાડી શકતા નથી. આજથી આ બધું બદલાશે, અને તે ખૂબ જ ઝડપથી બદલાશે.

## ટ્રમ્પ ગેરકાયદેસર રહેતા ૭.૨૫ લાખ ભારતીયોનો દેશ નિકાલ કરશે

### વ્હાઈટહાઉસમાં બીજા કાર્યકાળ માટે સત્તા રૂઢ ટ્રમ્પ ઈમિગ્રેશન પોલીસી વધુ આકરી બનાવવાના મૂડમાં

અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપ્રમુખ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પ ની ઈમીગ્રેશન પોલીસી વધુ આક્રમણ બનાવવાની કવાયત સૌથી વધુ અસર અમેરિકામાં અવેધ રીતે રહેતા સવા સાત લાખ ભારતીયોને થશે, ટ્રમ્પ ગેરકાયદેસર રહેતા સવા સાત લાખ ભારતીયોને દેશ નિકાલ કરશે તેમને ઉદઘાટન ભાષણમાં ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસતા લોકો સામે આકરી કાર્યવાહીના નિર્દેશો આપ્યા છે તેમણેજણાવ્યું હતું કે અમે ગેરકાયદેસર રીતે થતા ઈમીગ્રેશન કાયમ માટે બંધ કરીશું અમેરિકા પર હવે કોઈ આક્રમણ નહીં થાય, અમેરિકા પર કોઈનો કબજો નહીં થાય, કોઈ આપણા પર વિજય નહીં બની શકે, આપણે ફરી એકવાર સ્વતંત્ર અને ગૌરવસાળી રાષ્ટ્રનું નિર્માણ કરશે, એક અહેવાલમાં અમેરિકામાં બિન દસ્તાવેજી રીતે સવા સાત લાખ ભારતીયો વસી રહ્યા છે જે મેક્સિકોના ૪૦ લાખ અને સાલવા રોડ પછી ન ત્રીજા ક્રમે આવે છે

અમેરિકામાં ૧૧ થી ૧૪મિલિયન લોકો ગેરકાયદેસર વસે છે તેમાં અડધાને ટ્રમ્પ સિવાય છેલ્લા ત્રણ રાષ્ટ્રપતિઓએ અમેરિકામાં રહેવા રજા આપી હતી. અમેરિકામાં અત્યારે માત્ર ૪૦૦૦૦ લોકો જે લમાં છે અમેરિકા માંથી અન અધિકૃત રીતે રહેતા લોકોને દેશ નિકાલ કરવા માટે ૧૫૦ ફ્લાઈટની જરૂર પડશે પરંતુ બધાને ભેગા કરવા માટે ૫૦૦૦ થી વધુ ફ્લાઈટ ઉડાડવી પડશે

તમ્પના આકરા વલણથી ગેરકાયદેસર વસાહતીઓમાં વપરાટ ફેલાયો છે ટ્રમ્પ ૧૭૯૮ ના અધિનિયમનો ઉપયોગ કરી તમામ વિદેશી કોને દૂર કરવા કમર કસ શે ગેરકાયદેસર રીતે રહેતા સવા સાત લાખ ભારતીયોનો દેશ નિકાલ નો શાસનમાં તકતો ગોઠવાઈ રહ્યો છે

## પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકા નીકળી ગયું

ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધા પછી તરત જ, વ્હાઈટ હાઉસે પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકાના ખસી જવાની જાહેરાત કરી.

વ્હાઈટ હાઉસે એક નિવેદન જારી કરીને કહ્યું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફરી એકવાર અમેરિકાને પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી બહાર કાઢવા જઈ રહ્યા છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધાના થોડા કલાકો પછી કેપિટલ વન એરેના ખાતે તેમના પ્રથમ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે હું તાત્કાલિક અન્યાયી એકપક્ષીય પેરિસ ક્લાઈમેટ કરારમાંથી ખસી રહ્યો છું. જ્યારે ચીન પ્રદૂષણ ફેલાવવાનું ચાલુ રાખશે ત્યારે અમેરિકા તેના ઉદ્યોગોને નુકસાન નહીં પહોંચાડે.

# ‘‘વલ્લભીપુર’’ ભણતરની સાથે સાથે આધ્યાત્મિકતાની પણ સદીઓ પુરાણી નગરી!!!

## ઈન્ડિયન સોસાયટી ઓફ રીમોટ સેન્સીંગ જનરલમાં વલભીપુરને રાજધાની બંદર અને વિદ્યાનગરી તરીકેનો ઈતિહાસ કરાયો ઉજાગર

**અબતક રાજકોટ**

ગુજરાતની વૈભવ વિરાસત માં વલ્લભીપુરનું સદીઓથી અનેરૂ મહત્વ રહેલું છે વલભીપુરમાં ભણતરની સાથે સાથે આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો પણ ધમધમાટ હતોભાવનગર થી ૪૦ કિલોમીટર દૂર વલભીપુરમાં ૧૫૦૦૦ ની વસ્તી છે અને નાના શહેર તરીકે જાણીતા વલ્લભીપુરનો ભવ્ય વારસો ત્રણથી આઠમી સદી દરમિયાન સમગ્ર પ્રદેશના શાસકો માટે મહત્વનું કેન્દ્ર હતું

તાજેતરમાં ઈન્ડિયન સોસાયટી ઓફ રીમોટ સેન્સિંગના જનરલમાં બેંગ્લોરના નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ સ્ટડી ના આર્ય એસ પ્રદીપ અને એમબી રાજાણી દ્વારા વલભીપુર ની ભવ્ય વિરાસત નું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું,

વલ્લભીપુર શહેર યુનિવર્સિટી વલભી વિદ્યાપીઠ માટે માટે જાણીતું હતું જેની તુલના સાતમી સદીમાં ચીનના પ્રવાસી યુએન સંગ એ નાલંદા યુનિવર્સિટી સાથે કરી હતી સેટેલાઈટ છબીમાં વલભીપુરના પ્રાચીન અવશેષો ઉજાગર થયા છે

એનઆઈએએસ ના પ્રોફેસર રજની એ જણાવ્યું હતું કે ઈસરો સાથે પુરાતતૃ વિભાગ ના પ્રોજેક્ટ સાથે રાજ્યમાં એવી જગ્યાઓ પસંદ કરવામાં આવી છે જ્યાં ભૂસ્તર સંશોધન માટે ગંગા ગોદાવરીના તટવિસ્તાર અને વલ્લભીપુરમાં સંશોધન કરવામાં આવશે

તાજેતરના સંશોધનમાં આર્કિટેક પ્રતિકે જણાવ્યું હતું કે વલ્લભીપુર એક સમયે રાજધાની અને બંદરનું શહેર ભણતરની સાથે સાથે આધ્યાત્મ પ્રવૃત્તિ પર થતી હતીતુભૌગોલિક પરિવર્તનના કારણે તેની કાયાપલટ થઈ ગઈ , વલ્લભીપુર પ્રાચીન સ્થળ અને મહત્વપૂર્ણ સંસ્કૃતિ કેન્દ્રો ધરાવતું શહેર હતું

વલ્લભીપુર નજીકના બે ટેકરા જેને એમ વન અને એમ ટુ નામ આપવામાં આવ્યું છે એમ વનમાં ૩૫૦૬૩૫૦ ચોરસ ફૂટઅને કિલ્લેબંધી વાળો ભાગ માનવામાં આવે છે અહીં વિદ્યાપીઠો ની સાથે સાથે આધ્યાત્મિક મઠ અને ધર્મસ્થળો નું મોટું કેન્દ્ર હતું પુરાતતૃવિદોએ બે અલગ અલગ ટેકરા સુધી કાઢ્યા છે જેમાં એમ વન ૩૫૦ મીટર ની લંબાઈ વાળો સીધી રેખા વાળો સંકુલ હોવાનું માનવામાં આવે છે વલ્લભીપુરમાં અનેક મઠો અને અગ્રણી ધર્મસ્થળો હતા તેવા અવશેષો મળી રહ્યા છે અનેક પુરાવાઓ દેખાઈ રહ્યા છે પુરાતતૃ પ્રોફેસર વીએસએ જણાવ્યું હતું કે વલ્લભીપુરમાં હડપ્પા અને મોહન જો દડો સંસ્કૃતિ જેવી ભવ્ય પુરાતતૃ વારસો ધરાવે છે

વલ્લભીપુરમાં સંશોધકોને મોટા મોટા બે ટેકરા મળ્યા છે જેમાં ભવ્ય ભૂતકાળ સંકળાયેલો છે વલ્લભીપુર રાજધાની, બંદર શહેર અને વિદ્યાપીઠ નો વારસો ધરાવતો હતો નવા સંશોધનમાં વલ્લભીપુર અંગે અનેક રહસ્ય ઉજાગર થાય અને આ વિસ્તાર પણ પુરાતતૃ સંશોધન અને આર્કિટેક્ચર કલ્ચર ટુરીઝમ તરીકે વિકાસ ની ઉજળી તકો ધરાવે છે

### બજેટ ૨૫: ખુલજા સીમ સીમ

# સ્વચ્છ પ્રોજેક્ટસ માટે ગ્રીન ફંડિંગના દરવાજા ખુલશે!!!

## આ યોજના લોન લેનારાઓ માટે ઓછા વ્યાજ દરોને સક્ષમ કરવા માટે લોનની બાંહેધરી આપશે

**અબતક, રાજકોટ**

ગ્રીન ફાઈનાન્સિંગને પ્રોત્સાહન આપવા અને કલીનર એનર્જીમાં સંક્રમણ કરતી કંપનીઓને ટેકો આપવા માટે સરકાર ૧ ફેબ્રુઆરીના બજેટમાં ક્રેડિટ ગેરંટી ફંડ રજૂ કરી શકે છે.

જાહેર ક્ષેત્રની સંસ્થાઓ આ પહેલમાં સામેલ થઈ શકે છે, જેનો ઉદ્દેશ્ય નીચા વ્યાજ દરો અને જોખમ મૂલ્યાંકન તરફ સંરચિત અભિગમ પ્રદાન કરવાનો છે. અહેવાલો અનુસાર, ભારતને તેના ૨૦૭૦ નેટ-શૂન્ય લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ૧૦.૧ ટ્રિલિયનના કુલ રોકાણની જરૂર પડશે.

આ અંગે યોજનાથી વાકેફ લોકોના જણાવ્યા અનુસાર, આ યોજના જાહેર ક્ષેત્રની સંસ્થાઓ જેમ કે નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની અથવા ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝિસને ફંડ સ્થાપવા માટે જોડવામાં આવી શકે છે જે લોન લેનારાઓ માટે ઓછા વ્યાજ દરોને સક્ષમ કરવા માટે લોનની બાંયધરી આપશે.

આ સાથે આ અંગે એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘આ દરખાસ્ત ગ્રીન ફાઈનાન્સિંગને પ્રોત્સાહન આપવાની એકંદર વ્યૂહરચનાનો એક ભાગ છે,

જે ધિરાણકર્તાઓ અને સહાયક કંપનીઓને સ્વચ્છ ઉર્જા સ્રોતો તરફ સંક્રમણ કરવા અને તેમના કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે તક પૂરી પાડે છે.‘‘

નેટ-ઝીરો ૨૦૭૦ પાથવે હેઠળ કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર (CEEW) ના અહેવાલ મુજબ, ભારતને કુલ ૧૦.૧ ટ્રિલિયનના રોકાણની જરૂર પડશે અને રોકાણનો તફાવત ૩.૫ ટ્રિલિયન હશે.

જેથી ભારતને તેના ૨૦૭૦ નેટ-શૂન્ય લક્ષ્યને હાંસલ કરવા માટે જરૂરી એકંદર રોકાણ સમર્થન ૧.૪ ટ્રિલિયન પ્રતિ વર્ષ સરેરાશ ૨૮ બિલિયન હશે.

# ચાર્જશીટ દાખલ થયાં બાદ આરોપીની ધરપકડ અર્થહીન: સુપ્રીમ કોર્ટ

## ફક્ત ઔપચારીક પ્રક્રિયા પૂર્ણ કરવાના હેતુથી કરવામાં આવતી ધરપકડનો કોઈ અર્થ રહેતો નથી

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે તાજેતરના તપાસ એજન્સીઓને નિયમિત રીતે આરોપીની ધરપકડ કરવાથી રોકવા માટે અનેક નિર્દેશો આપ્યા હોવા છતાં ખાસ કરીને જ્યારે તેની જરૂર ન હોય ત્યારે તેમનો જમીન પર બહુ ઓછો પ્રભાવ પડ્યો. સુપ્રીમ કોર્ટને હવે ખબર પડી છે કે ઉત્તર પ્રદેશમાં એક અસામાન્ય પ્રથા છે કે ચાર્જશીટ દાખલ થયા પછી ધરપકડ કરવામાં આવે છે, જેને કોર્ટે અર્થહીન ગણાવ્યું છે.

જસ્ટિસ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે કેસમાં તપાસ પૂર્ણ થયા પછી આરોપીની ધરપકડ કરવાનો કોઈ અર્થ નથી. ફક્ત એટલા માટે કે ધરપકડ કરી શકાય છે કારણ કે તે કાયદેસર છે તેનો અર્થ એ નથી કે તે કરવી જોઈએ તેવું સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

અમારું માનવું છે કે એકવાર તપાસ પૂર્ણ થઈ જાય અને ચાર્જશીટ દાખલ થઈ જાય પછી આરોપીને સંબંધિત કોર્ટમાં હાજર થવાનું કહેવામાં આવે અને ટ્રાયલ કોર્ટની સંતોષ માટે જામીન આપવામાં આવે છે. જો તપાસ અધિકારી અરજદારની પૂછપરછ કરવા માંગે છે, તો તપાસ દરમિયાન જ વ્યક્તિની ધરપકડ કરી શકાય છે. આ તબક્કે ઔપચારિક ધરપકડ કરવાનો કોઈ અર્થ નથી તેવું અવલોકન બેન્ચે ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરતા આરોપીને જામીન આપતા કર્યું હતું.


સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આપણે નોંધ લઈ શકીએ છીએ કે વ્યક્તિગત સ્વતંત્રતા આપણા બંધારણીય આદેશનો એક મહત્વપૂર્ણ પાસું છે. તપાસ દરમિયાન આરોપીની ધરપકડ કરવી ત્યારે જરૂરી બને છે જ્યારે કસ્ટોડિયલ તપાસ જરૂરી બને છે અથવા તે એક જઘન્ય ગુનો હોય છે અથવા જ્યાં સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા હોય છે અથવા આરોપી ફરાર થઈ શકે છે.

# ઈડન ગાર્ડન ખાતે કાલે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટી-૨૦ મેચ

## સૂર્યકુમાર યાદવની કેપ્ટનશિપમાં ભારતીય ટીમ અત્યાર સુધી સતત ૩ ટીર૦ સિરીઝ જીતી ચૂકી છે

અબતક, કોલકતા

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી ૨૦ અને વનડે સીરિઝ કાલથી શરુ થઈ રહી છે. ઈંગ્લેન્ડની ટીમ ભારત પહોંચી ચુકી છે. ભારત અને ઈંગ્લેન્ડની ટીમો કોલકાતા પહોંચી ચૂકી છે.




ભારતીય સમય પ્રમાણે સાંજના ૭ વાગ્યે પહેલી મેચ શરુ થશે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશિપમાં ભારતીય ટીમ અત્યાર સુધી સતત ૩ ટીર૦ સિરીઝ જીતી ચૂકી છે અને જો આ ટીમ આ શ્રેણીમાં ઈંગ્લેન્ડને હરાવશે તો તે સતત ચોથી ટીર૦ સિરીઝ જીતી લેશે. ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ શ્રેણી માટે જાહેર કરાયેલી ભારતીય ટીમમાં કોઈ નવો ચહેરો જોવા મળ્યો ન હતો, માત્ર મોહમ્મદ શમી લાંબા સમય બાદ આ ફોર્મેટમાં પાછો ફર્યો હતો. ભારતે કોલકાતામાં પ્રથમ મેચ રમવાની છે અને અહીં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લિશ ટીમને હરાવવા માટે પૂરી કોશિશ કરવી પડશે. ભારતે પોતાની બેસ્ટ પ્લેઈંગ ઈલેવન સાથે મેદાન પર ઉતરવું પડશે અને ૪ ખેલાડીઓને રાહ જોવી પડી શકે છે એટલે કે બેન્ચ પર બેસવું પડી શકે છે. આખરે એ ૪ ખેલાડી કોણ હોઈ શકે જેમને પહેલી મેચની પ્લેઈંગ ઈલેવનમાં ભાગ્યે જ સ્થાન મળશે? ભારતની ઓપનિંગ જોડીની વાત કરીએ તો સંજુ સેમસન અને અભિષેક શર્મા ઈનિંગની શરૂઆત કરશે, જ્યારે તિલક વર્મા ત્રીજા નંબર પર અને કેપ્ટન સૂર્યકુમાર ચોથા સ્થાન પર રહેશે. આ પછી બોલિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી અને હાર્દિક પંડયા ત્યાં આવી શકે છે. રિંકુ સિંહ સાતમાં નંબર પર જોવા મળી શકે છે.

# સમસ્ત કોળી સમાજનો શાહી જાજરમાન સમુહલગ્નના ફોર્મ ભરવાનું શરૂ વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરી આપવા અનુરોધ

**અબતક,રાજકોટ**

સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત દિકરીનું પાનેતર ૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ રાજકોટ શહેરના આંગણે તળપદા, ચુંવાળીયા, ઘેડીયા -સમસ્ત કોળી સમાજના નવદંપતીઓનો શાહી જાજરમાન સમુહ લગ્ન યોજવામાં આવશે. સમુહ લગ્ન સમિતિ તેમજ દાતાઓના સહયોગથી દિકરીઓને કરીયાવરમાં ઘર વપરાશની ૧૦૧ વસ્તુઓથી પણ વધારે આપવામાં આવશે. સમુહ લગ્નમાં જોડાવા નવદંપતીઓએ પોતાનું ફોર્મ વહેલાતે પહેલાના ધોરણે કાર્યાલયે ભરી આપવું. જાનૈયા અને માંડવીયાઓ બન્ને પક્ષ



તેમજ મહેમાનો માટે ભોજન સમારંભ વ્યવસ્થા તેમજ ડી.જે. સાથે સામૈયા, ફુલેકુ, દાંડીયારાસ, મહેમાનોનું સ્વાગત, કોળી સમાજના રીત રીવાજો અને અલગ અલગ થીમ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવશે. દાતાઓ કરીયાવર અથવા કોઈપણ સાથ સહયોગ આપી સમુહ લગ્નમાં સહભાગી બની શકશે. ફોર્મ ભરવા તેમજ દાતાઓ સહયોગ આપવા આયોજક કલ્પેશભાઈ બાવરીયા મો. ૭૯૮૪૫ ૯૪૪૨૪, ધીરૂભાઈ ધોળકીયા મો. ૭૪૦૫૭ ૭૭૦૯૧, બાબુભાઈ વસવેલીયા મો. ૯૮૨૫૧ ૯૮૦૦૪. કાર્યાલય અનમોલ પાર્ક, કેડીએમ હોટલ પાછળ, જય વેલનાથ જય માંધાતા ચોક, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ-૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

## સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર દ્વારા દશ-દશ દિવસીય બે શિબિરો યોજાશે-રજીસ્ટ્રેશન શરૂ

**અબતક, રાજકોટ**

રાજકોટ નવા ધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર (રંગપર) ખાતે આગામી વિપશ્યના દસ દિવસીય શિબિરનું તા. ૨૯-૧-૨૫ થી ૯-૨-૨૫ તેમજી બીજી શિબરી તા. ૧૨-૨-૨૫ થી ૨૩-૨-૨૫ સુધી યોજાશે.

વિપશ્યના ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક સાધના પદ્ધતિ છે. જેમાં સાચું સુખ તથા સુમેળ ભર્યા જીવનનો સુખદ અનુભવ કરાવતી સહજ સરળ, બિન સાંપ્રદાયિક સ્વાનુભવના આધારે જીવન જીવવાની અદભુત કળા શીખવવામ) આવે છે. આ શીબીર માટે મો. નં. ૭૮૭૮૭ ૨૭૨૨૩ - ૯૩૨૭૯ ૨૩૫૪૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

### અનોખી માનવ સેવા

# બોલબાલા ટ્રસ્ટના સ્વયંસેવકોએ નિરાધારોની હેરકટીંગ-સેવીંગ કરાવી દાખવી અનોખી માનવતા

## રેન બસેરાના પુરૂષોની સેવીંગની નિઃશુલ્ક સેવાની સરાહના

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગર પાલીકા તથા બોલબાલા ટ્રસ્ટ સંચાલીત રેન બસેરા(આશ્રય સ્થાન) શાળા નં.૧૦ માં રહેતા ઘર વિહોણા લોકો માટે બોલબાલા ટ્રસ્ટ અને એટ્રેકશન એકડેમીના સહયોગ થી રેનબસેરામાં રહેતા પુરૂષો માટે ઈન્ટરનેશનલ એકડેમી આર્ટીસ્ટ ભરતભાઈ ગાલોરીયા તથા તેમની ટીમ દ્વારા હેરકટીંગ તથા પુરૂષોને દાઢી એક દિવસીય નિઃશુલ્ક સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. રેન બસેરા(ઘર વિહોણા) લાભાર્થીઓ આ સેવાયજ્ઞમાં હેર કટીંગ તથા દાઢી કરી એકડેમી આર્ટીસ્ટ ભરતભાઈ ગાલોરીયા તથા તેમની ટીમ દ્વારા નિઃશુલ્ક સેવા આપવા માં આવી હતી.

આ સેવાયજ્ઞમાં બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય, એકટ્રેશન એકડેમી ના ભરતભાઈ ગાલોરીયા તથા બોલબાલા ટ્રસ્ટનો સ્ટાફ સહીતના લોકો ઉપસ્થિત રહી સેવાનું ઉમદા ઉદાહરણ પાર પાડયુ હતુ.




બોલબાલા સંચાલીત રેનબસેરામાં ભવિષ્યમાં પણ બોલબાલા ટ્રસ્ટ દ્વારા આરોગ્ય સેવાઓ, સામાજીક, રાષ્ટ્રીય, ધાર્મીક, સેવાકીય, પ્રવાસ, યોગા, જોબ, આત્મનિર્ભ વેગેરે કાર્યક્રમો થતા રહેશે તેવુ બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય પોતાની યાદીમાં જણાવ્યુ હતું.

# વોર્ડ નં.૧૧માં મેટલીંગ અને પેવિંગ બ્લોક નાંખવાના કામનો શુભારંભ

## ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ તથા દંડક મનિષભાઈ રાડીયા દ્વારા ખાતમુહુર્ત

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે વોર્ડ નં.૧૧માં મોદી સ્કુલ વાળો રોડ તથા સત્યજીત સોપાનવાળા રોડ પર રકમ રૂ.૫૨.૧૫ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાનું કામ તથા પંચરત્ન પાર્ક તથા મોટા મૌવા વિસ્તારમાં રૂ.૭૬.૫૫ લાખના ખર્ચે મેટલીંગ કરવાનું કામ એમ મળી કુલ રૂ.૧૨૮.૭ લાખના ખર્ચે પેવીંગ બ્લોક તથા મેટલીંગ કરવાના કામનું ખાતમુહૂર્ત ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ તથા દંડક મનિષભાઈ રાડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, વોર્ડ નં.૧૧ના ભાજપના પ્રમુખ હિરેનભાઈ



મૂંગપરા, વોર્ડ નં.૧૧ના પૂર્વ પ્રમુખ મહેશભાઈ પીપળીયા, અગ્રણી મનહરભાઈ બાબરીયા, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, પ્રવિણભાઈ પાઘડાર, પ્રવિણભાઈ ઠુંમર, યોગેશભાઈ પાંચાણી, આનંદસિંહ ઠાકુર, ધર્મેશભાઈ સોલંકી, અંકુરભાઈ ધામેલીયા, વૈભવભાઈ બોરીચા, ભાસ્કરભાઈ જસાણી, હિતેશભાઈ મુંગરા, મોહિતભાઈ ઘોડાસરા, સુરેશભાઈ ઝીન્ઝુંવાડીયા, રાજુભાઈ સાવલીયા, વેલભાઈ ગમારા, સુનિલભાઈ સાગઠીયા, જીતુભાઈ ધામેલિયા, નિખીલભાઈ શિશાંગિયા, ધિરેનભાઈ કરગથરા, રામભાઈ વસોયા, વિનુભાઈ લાલકીયા, ધીરૂભાઈ ઘાડીયા, નરેશભાઈ તાળા, કિશનભાઈ જોગસ્વા, નિકુંજભાઈ સાવલિયા, હર્ષાબેન, સાગરભાઈ, પંકજભાઈ, પરસોતમભાઈ, નારણભાઈ ચનિયારા, વિઠ્ઠલભાઈ સવસાણી, કમલેશભાઈ ચનિયારા તથા બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ હતા.

### સખાવતી જગ્યામાં નફો ન રળી શકાય

# વિરાણી હાઈસ્કુલમાં ખાનગીકરણના નામે ચાલતો વેપલો બંધ થઈ જશે ?

## અગાઉ પણ પ્રાંત અધિકારી દ્વારા વિરાણી હાઈસ્કૂલની સંપૂર્ણ જમીન સરકારી હોવાનું ચુકાદો આપ્યો હતો પરંતુ તે વખતે નારાજ થયેલા ટ્રસ્ટીઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વિરાણી હાઈસ્કૂલની ૧૦૦૦ કરોડની જમીન સરકારી માલિકીની હોવાનો શહેર પ્રાંત અધિકારીએ ચુકાદો આપ્યો છે. કુલ ૪૧૫૨૩ ચોરસ મીટર જમીનમાંથી ૩૪,૧૯૧ ચોરસ મીટર જમીન ખાનગી માલિકીની હોવાનો દાવો અગાઉ નવા ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ જમીન ભાડે આપવા માટે ચેરિટી કમિશનર સમક્ષ પ્રક્રિયા પણ કરવામાં આવી હતી પરંતુ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ લડત ચલાવી એક વખત નવા ટ્રસ્ટીઓને મ્હાત આપી છે અને રાજકોટની સાન સમાન વિરાણી હાઈસ્કૂલના ખાનગીકરણ સામે પ્રાંતની રોક લગાવી છે. અગાઉ પ્રાંત અધિકારી દ્વારા વિરાણી હાઈસ્કૂલની સંપૂર્ણ જમીન સરકારી હોવાનું ચુકાદો આપ્યો હતો પરંતુ, તે વખતે નારાજ થયેલા ટ્રસ્ટીઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા અને ત્યાં એવી વાત કરી હતી કે, પ્રાંત અધિકારી દ્વારા અમને સાંભળવામાં નથી આવ્યા. જેથી, હાઈકોર્ટ દ્વારા નવા ટ્રસ્ટીઓને સાંભળવા માટે પ્રાંત અધિકારીને આદેશ અપાયો હતો, જેના પગલે હાલના સીટી પ્રાંત અધિકારી ચાંદની પરમાર સમક્ષ સમગ્ર કેસ ચાલ્યો હતો અને આજે ચુકાદો આવ્યો છે કે, વિરાણી હાઈસ્કૂલની સંપૂર્ણ જમીન સરકારી માલિકીની છે. જેથી, આ જમીન ભાડે આપી નહીં શકાય કે કોઈ નફો મેળવી નહી શકાય. જેથી, હવે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માંગણી છે કે, કલેક્ટર તંત્ર દ્વારા વિરાણી હાઈસ્કુલ મેદાનમાં કોમર્શિયલ હેતુ માટે ચાલતી ખાણીપીણીના સ્ટોલ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવે કારણ કે, તે ગેરકાયદેસર પ્રવૃતિ છે. ચેરિટી કમિશનર સમક્ષ જમીન વેચવા માટે થયેલી પ્રક્રિયા

(અનુ. આઠમા પાને)



### સૂચન મળ્યા બાદ વિરાણી કોલેજ અંગે નિર્ણય લેવાશેઃ રજીસ્ટાર

રાજકોટમાં વિરાણી હાઈસ્કૂલની ૧૦૦૦ કરોડની જમીન સરકારી માલિકીની હોવાનો શહેર પ્રાંત અધિકારીએ ચુકાદો આપ્યો છે. વિરાણી હાઈસ્કૂલના બિલ્ડિગમાં છેલ્લા ૧ વર્ષથી કોલેજ પણ ચાલે છે ત્યારે સમગ્ર મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના રજીસ્ટાર રમેશ પરમારે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, શૈક્ષણિક બાબતે કોલેજને મંજૂરી આપવામાં આવી છે અને જે કઈ મુદ્દો હાલ ચાલી રહ્યો છે તેમાં હજુ કોઈ વધુ વિગતો અમારી પાસે નથી આવી ત્યારે જે કઈ સૂચનો તંત્ર દ્વારા મળશે પછી નિર્ણયો લેવાશે.

### સ્કૂલ હેતુ માટે જગ્યા હોય તો કોલેજના ચલાવી શકાયઃ ડો.નિદત બારોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ડીન ડો.નિદત બારોટે જણાવ્યું હતું કે, જો વિરાણી સ્કૂલની જગ્યા સ્કૂલ માટે જ ફાળવવામાં આવી હોય તો કોલેજ ના ચલાવી શકાય પરંતુ જો શૈક્ષણિક કાર્ય માટે જગ્યા ફાળવવામાં આવી હોય તો કોલેજ પણ ચલાવી શકાય.

### પ્રાંત અધિકારીના ચુકાદાથી વિદ્યાર્થી સંગઠન ખુશખુશાલ:પુરૂષોત્તમ પીપરીયા

પ્રાંત અધિકારીના સરકાર તરફી આવેલ ચુકાદો વિદ્યાર્થીઓની મુળ દાદ મુજબનો હોય અને વિરાણી હાઈસ્કુલની જમીન નિયંત્રીત સતાપ્રકારની ઠરાવેલ હોય તેમજ તે જમીન કોઈને ભાડે આપી શકાશે નહી, તે જમીનમાંથી નફો રડી શકાશે નહી કે વેચી શકાશે નહી તેવો સ્પષ્ટ ચુકાદો આવવાથી વિદ્યાર્થીઓની માંગને પ્રાંત અધિકારીએ સરકાર તરફેણમા આપેલ ઓર્ડરમા ઠરાવેલ છે અને વિદ્યાર્થીઓને આ અંગે સંજ્ઞાન લેવાનો ઓર્ડર કરેલ છે તે બન્ને ઓર્ડર સાથે વાંચતા વિદ્યાર્થીઓની મુળ માંગ સંતોષાય ગયેલ હોય વિદ્યાર્થી સંગઠન ખૂબ જ રાજીપો વ્યકત કરે છે અને પ્રાંત અધિકારીના ઓર્ડરની ચુસ્તપણે અમલવારી થાય તે માટે વિદ્યાર્થી સંગઠન આગળની કાર્યવાહી કરશે તેવો નિર્ધાર વ્યકત કરેલ અને વિદ્યાર્થીઓની મળેલ મિટીંગમાં ઠરાવવામાં આવેલ છે કે વિરાણી સ્કુલમાં હાલમાં રમત ગમતના શિર્ષક હેઠળ રકમો વસુલીને નાઈટ બોક્ષ ક્રિકેટ રમાડવામાં આવે છે તે અને ખાણી પીણીની રાત્રી બજાર ચાલુ કરવામાં આવેલ છે તે અંગે તેમજ ખાનગી સ્કુલ કોલેજો ચાલુ કરવામા આવેલ છે તે બાબતે અભ્યાસ કરી જો યથાર્થતા માલુમ પડયે તો શરતભંગ અંગેની કાર્યવાહી કરવા કલેકટર સમક્ષ રજુઆત કરવામાં આવશે. જમીનની કિંમત ૧૦૦૦ કરોડ ઉપરાંતની હોવાથી વિરાણી હાઈસ્કુલ તરફથી અપીલ થવાની પુરી સંભાવના છે અને આ જમીનનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી જશે તેવા એંધાણો સ્પષ્ટ જણાય છે પરંતુ વિદ્યાર્થી સંગઠન કોઈપણ ભોગે સુપ્રીમ સુધી લડત લડવામાં પાછીપાની નહી કરે પછી તે રાજકીય હસ્તીઓ હોય કે આર્થિક હસ્તી હોય કે બાહુબલી હસ્તી હોય તેવી કોઈપણ તાકાત સામે પુરા જોમ અને જુસ્સાથી વિદ્યાર્થી સંગઠન લડત ચાલુ રાખશે તેમ કાયદેઆઝમ પુરૂષોત્તમ પીપરીયાએ જણાવેલ હતું.

# રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી ૫૦ વર્ષમાં જમીન બંજર બની જશેઃ રાજયપાલ

## જંતુનાશક દવાઓ અને ખાતરનાં અતિરેક ઉપયોગથી નાની વયે લોકો ગંભીર રોગના શિકાર બન્યાંઃ જૂનાગઢમાં કૃષિ યુનિવર્સિટીનાં પદવીદાન સમારોહમાં આચાર્ય દેવવ્રતનું નિવેદન

**અબતક, ચિરાગ રાજયગુરૂ**
**જૂનાગઢ**

રાજયપાલ અને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં કૃષિ ક્ષેત્રની વિવિધ વિદ્યાશાખામાં ૬૭ ગોલ્ડ મેડલ સાથે ૫૮૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.રાજ્યપાલે પ્રાકૃતિક કૃષિની હિમાયત કરતાં કહ્યું કે, ૧૯૬૦ના દશકમાં જ્યારે હરિત ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે એક એકરમાં ૧૩ કિલોગ્રામની રાસાયણિક ખાતર નાખવા માટેની ભલામણ હતી, પરંતુ આજે રાસાયણિક ખાતરના અંધાધુંધ ઉપયોગથી જમીન સખત અને બિન ઉપજાઉ બની રહી છે, સાથે જ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના જમીન અને પાકમાં અતિરેકભર્યા ઉપયોગથી લોકો ગંભીર રોગોના ભોગ પણ બની રહ્યા છે. તેઓએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના એક રિપોર્ટને ટાંકતા કહ્યું કે, આગામી ૪૦-૫૦ વર્ષ સુધી કૃષિની આ જ સ્થિતિ રહી તો જમીન બિન ઉપજાઉ બની જશે.

રાજયપાલએ કહ્યું કે, રાસાયણિક કૃષિથી જમીનનો ઓર્ગેનિક કાર્બન સતત ઘટ્યો છે, એક સમયે ૨.૫ કેટલો ઓર્ગેનિક કાર્બન હતો જે આજે ઘટીને ૦.૫ થી નીચે આવી ગયો છે. રાજ્યપાલએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ માટે સાચું નેતૃત્વ વિદ્યાર્થીઓએ કરવાનું છે, તેમણે પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોને દેશ અને દુનિયાના કલ્યાણ માટે સતત રિસર્ચ કરવા માટે કરવા અનુરોધ પણ કર્યો હતો. પ્રાકૃતિક કૃષિ પરના રિસર્ચથી પ્રાકૃતિક કૃષિમાં વધુ આયામો જોડાશે અને ખેડૂતોનું કલ્યાણ પણ થશે. આ સાથે તેમણે ગુજરાત સરકાર અને રાજયની ચાર યુનિવર્સિટીઓએ આ દિશામાં કામ શરૂ કર્યું હોવાનો આનંદ પણ વ્યકત કર્યો હતો.રાજ્યપાલએ પ્રાકૃતિક અને જૈવિક કૃષિના ભેદને સ્પષ્ટ કરતાં કહ્યું કે, જૈવિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ અને મહેનત ઘટતી નથી, જ્યારે પ્રાકૃતિક કૃષિમાં કોઈ ખર્ચ રહેતો નથી, જેવી રીતે જંગલમાં વૃક્ષો વનસ્પતિનો વિકાસ થાય છે તે જ રીતે પ્રાકૃતિક ખેતી કુદરતના નિયમોને અનુસરે છે.



તેમણે કહ્યું કે, વર્તમાન સમયમાં કૃષિ જે પરિસ્થિતમાંથી પસાર થઈ રહી છે, તેના પર ચિંતનની આવશ્યકતા છે. ગ્લોબલ વોર્મિંગ આજે વિશ્વનો સૌથી મોટો પડકાર છે અને હવે તેણે પોતાનું વિનાશક રૂપ બતાવવાનું શરૂ કરી દીધુ છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છે.

રાજ્યપાલએ વીડિયોના માધ્યમથી રાસાયણિક કૃષિથી થતી હાની અને પ્રાકૃતિક કૃષિથી મિત્ર કીટકોમાં વધારો અને વરસાદી પાણીનું જમીનમાં ઉતરી જવું વગેરે પરિણામોનો વિગતવાર ચિતાર આપ્યો હતો.

આ અવસરે રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે વર્ચ્યુઅલી હાજર રહી પ્રાસંગિક સંબોધન કર્યું હતું. તેમણે સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરેલ જ્ઞાન દ્વારા કૃષિ અને ખેતી આધારિત ગ્રામજનોના સર્વાંગી વિકાસમાં ઉપયોગ કરી સાચા અર્થમાં સમાજ અને દેશ પ્રત્યે ઋણ અદા કરવા માટે અનુરોધ કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ખેડૂતોના વિકાસ માટે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે યોજનાઓ મંજૂર કરી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના સંતુલિત વિકાસ માટે તથા વિદ્યાર્થીઓની કૃષિ અભ્યાસ પ્રત્યેની સુરૂચી જોતાં મોરબી ખાતે એક નવી કૃષિ કોલેજ શરૂ કરેલ છે.પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે આ ક્ષેત્રે સંશોધન, શિક્ષણ, તેમજ વિસ્તરણ પ્રવૃતીઓને વેગ આપવાની જરૂરિયાત છે. આ માટે એસ્ટાબ્લિશમેન્ટ ઓફ નેચરલ ફાર્મિંગ રિસર્ચ સેલની યોજના મંજુર કરવામાં આવી છે. તેમ ઉમેર્યું હતું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના કુલપતિ ડો. સુકાન્તા કુમાર સેનાપતિએ દીક્ષાંત પ્રવચન આપતાં કહ્યુ કે, દુનિયાના દરેક કાર્યોમાં કૃષિ સૌથી ઉત્કૃષ્ટ કાર્ય છે. ભારત કૃષિ આધારિત દેશ છે ત્યારે કૃષિ દ્વારા કઈ રીતે દેશને આત્મનિર્ભર બનાવી શકીએ, એ દિશામાં પણ ચિંતન કરવા માટે આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપનને પરીપૂર્ણ કરવા અને રાષ્ટ્રહિતમાં યુવાપેઢીને ઉચિત યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ, સખત મહેનત,

(અનુ. આઠમા પાને)

# રાજય સરકાર દ્વારા નવી ૬ મોબાઈલ મેડિકલ વેન શરૂ કરાશે

## ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ યોજનાનો લાભ લીધોઃ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુત

**અબતક, રાજકોટ**

મોબાઈલ મેડિકલ વાન યોજના થકી માસિક સરેરાશ ૨૦૦૦થી વધુ પ્રતિવાન શ્રમયોગીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ આ યોજનાનો લાભ લીધો છે. કોરોના મહામારી દરમિયાન મોબાઈલ મેડિકલ વાન દ્વારા રાજ્યના તમામ નાગરિકોના હિતાર્થે જરૂરી ટેસ્ટ તેમજ દવાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, તેમ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.



મંત્રી રાજપુતે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગી પરિવારોની તબીબી સુરક્ષા માટે ગુજરાત સરકારે મોબાઈલ મેડિકલ વાન યોજના શરૂ કરી શ્રમિકોના સ્વાસ્થ્ય માટે નવી કેડી કંડારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હાલમાં કાર્યરત ૨૪ મોબાઈલ મેડિકલ વાન દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર આપવામાં આવી રહી છે. જેમાં બ્લડ ટેસ્ટ, પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબીન, લેબોરેટરી તપાસ, ડાયાબીટીસ, બ્લડ કાઉન્ટ જેવી વિવિધ તપાસ-સારવારનો સમાવેશ કરાયો છે. જેમાં તપાસ દરમિયાન વધુ સારવાર લેવાની થાય તો શ્રમયોગી નજીકની સરકારી હોસ્પિટલમાં જઈને સારવાર મેળવી શકે છે.

મંત્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, ગુજરાતના દરેક સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને આરોગ્યનું કવચ પૂરું પાડવું એ રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી રાજ્યના વધુમાં

(અનુ. આઠમા પાને)

### યોજનાની જરૂરિયાત કેમ?

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારી માટે અનેક શ્રમયોગી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. શહેરોમાં વસતા ગીચ વસવાટના કારણે આ શ્રમયોગીઓને કેટલીક વખત આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓનો અભાવ રહે છે, જેના કારણે તેઓ અનેક રોગોના ભોગ બનતા હોય છે. જે અંતર્ગત શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે એવા શુભ આશય સાથે ગુજરાતમાં વર્ષ ૨૦૧૫-૧૬માં મોબાઈલ મેડિકલ વાન યોજના શરૂ કરવામાં આવી હતી.

# આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેકશન ૧૦૦ કરોડને પાર

## યુઆઈડીએઈઆઈ દ્વારા ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રની અવિરત સેવા વિતરણને વધુ શ્રેષ્ઠ બનાવવા મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો

**અબતક, રાજકોટ**

યુઆઈડીએઈઆઈ આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુકયું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન અકડા પર નજર કરીએ તો છેલ્લા ૫ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનઃપ્રતિષ્ઠિત કરે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને યુઆઈડીએઈઆઈના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે.

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા-યુઆઈડીએઈઆઈના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોનાબીએફએસઆઈ, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો. જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉદ્યોગકારો, નિષ્ણાતો અને ટેકનોક્રેટ્સે ભાગ લીધો હતો. આ પહેલા આધાર સંવાદ નવેમ્બરમાં બેંગ્લોરમાં યોજાયો હતો.

# એઈમ્સના ફોરેન્સિક વિભાગની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૬ દેશોના તબીબોએ ભાગ લીધો

## ૭૦૦થી વધુ તબીબોને વિવિધ એઈમ્સના નિષ્ણાંતો દ્વારા ટ્રેનિંગ અપાય

**અબતક રાજકોટ**

રાજકોટ એઈમ્સ ફોરેન્સિક મેડિસિન ડિપાર્ટમેન્ટ દ્વારા ૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ક્લિનિકલ પ્રેક્ટિસમાં મેડિકો-લીગલ કેસના મેનેજમેન્ટ વિષય પર નેશનલ સી.એમ.ઈ. નું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક વિભાગના હેડ પ્રો. ડો.સંજય ગુપ્તા (ડીન) અને એસોસિયેટ પ્રોફેસર ડો. ઉત્સવ પારેખ દ્વારા આ નેશનલ ટ્રેનિંગ નું આયોજન કરાયું હતું. આ ટ્રેનિંગ



મેળવવા વિવિધ રાજ્યો ઉપરાંત, ઈરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, માંથી ૭૭૦+ ડોક્ટર્સે રજિસ્ટ્રેશન્સ કરાવ્યા હતા.રાજકોટના એઈમ્સ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરે સી.એમ.ઈ. નું ઉદઘાટન કર્યું હતું. ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોક્ટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો હતો. આ ટ્રેનિંગ નો ઉદ્દેશ્ય ક્લિનિકલ પ્રેક્ટિસમાં આવતા વિવિધ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. તબીબી પ્રેક્ટિશનરો તેમની સંબંધિત વિશેષતા માં નિષ્ણાત હોય છે પરંતુ ક્લિનિકલ પ્રેક્ટિસના કાયદાકીય પાસાઓ વિશે વધુ જાણતા હોતા નથી. તેથી આ જાગૃતિના અભાવે તેમની સામે ખોટા આરોપો અને કોર્ટકેસ વધી રહ્યા છે.

ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને ડીન એકેડમિક પ્રો. ડો. સંજય ગુપ્તા દ્વારા સ્વાગત સંબોધનમાં સી.એમ.ઈ ની ખાસ વિશેષતાઓ સાથે ઈવેન્ટની શરૂઆત કરાઈ હતી. ફોરેન્સિક ક્ષેત્રમાં દેશના અગ્રણી અને નેશનલ એસોસિએશનના પ્રેસિડેન્ટ્સ આ સી.એમ.ઈ માં

(અનુ. આઠમા પાને)

**ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોકટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો**

# બી.એડ. અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓની કૌશલ્ય નિપુર્ણતા માટે ગોષ્ઠિ કરાઈ

## સૌરાષ્ટ્ર યુનિ.ના ડીન ડો.નિદત બારોટનું મૈત્રી વિદ્યાપીઠના ટ્રસ્ટી ડો. નિખિલેશ દેસાઈ સહિતનાઓએ સન્માન કર્યુ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તાજેતરમાં જુદી જુદી વિદ્યાશાખાના ડીનની નિયુક્તિ કરવામાં આવી. શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરીકે વરિષ્ઠ વહીવટકર્તા શિક્ષણવિદ્ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ ગ્રાન્ટ ઈન એડ કોલેજના આચાર્ય ડો નિદત્ત બારોટની નિયુક્તિ કરી. ડો નિદત્ત બારોટ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ના પૂર્વ પ્રો વાઈસ ચાન્સેલર હતા, હાલમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સૌથી વરિષ્ઠ ચૂંટાયેલા સદસ્ય છે. થોડા સમય પહેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેલ્ફ ફાયનાન્સ બી એડ કોલેજના સંચાલકો આચાર્યો અને અધ્યાપકો દ્વારા ડો નિદત્ત બારોટને સન્માનિત કરાયા હતા.

(અનુ. આઠમા પાને)

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં ઑક્સિજન પાર્કનું લોકાર્પણ

## શહેરમાં ૩૧૯ ઓકિસજન પાર્ક અને ૩૦૩ ગાર્ડન તથા અર્બન ફોરેસ્ટ નિર્માણ



**અબતક, રાજકોટ**

અમદાવાદના સાઉથ બોપલ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવનિર્મિત ઑક્સિજન પાર્કનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્મિત ઑક્સિજન પાર્કની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપીપી ધોરણે તૈયાર કરાયેલા આ ઓકિસજન પાર્ક આશરે ૧૯૦૦ ચો.મી. વિસ્તારમાં નિર્માણ પામ્યો છે. જેમાં બેઠક માટે આકર્ષક ગજેબો, આકર્ષક વોકિંગ ટ્રેક બનાવાયા છે. આ ઉપરાંત વિવિધ જાતોના ફૂલ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સફેદ ચંપા, નાળિયેરી, મોગરા, મધુકામિની, બોરસલી, બીલીપત્ર, ગરમાળો, પીન્ટુ ફોરમ, લીમડો, બદામ, ગુલમહોર, સાગ, કેસુડો, કેસિયા ગુલાબી સહિતના અનેક વૃક્ષોનું વાવેતર કરાયું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં મિશન મીલીયન ટ્રીઝ અભિયાન અંતર્ગત કુલ ૭૫ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરના વિવિધ ઝોનમાં મ્યુનિ.કોર્પોરેશન દ્વારા કુલ ૩૧૯ જેટલા ઓક્સિજન પાર્ક/અર્બન ફોરેસ્ટ તૈયાર કરાયા છે. જેમાં મધ્ય ઝોનમાં ૪, પૂર્વ ઝોનમાં ૮૪, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૫૯, ઉત્તર ઝોનમાં ૩૬, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૬૮, દક્ષિણ ઝોનમાં ૨૯ અને પશ્ચિમ ઝોનમાં ૪૩ ઓક્સિજન પાર્ક/અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યા છે. તેવી જ રીતે શહેરમાં આવેલા ગાર્ડન અને વર્ટિકલ ગાર્ડનની વાત કરીએ તો કુલ ૩૦૩ જેટલા ગાર્ડનનો સમાવેશ થાય છે જેમાં મધ્ય ઝોનમાં ૨૦, પૂર્વ ઝોનમાં ૨૮, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૨૮, ઉત્તર ઝોનમાં ૪૩, દક્ષિણ પશ્ચિમ

(અનું. આઠમાં પાને)

### પિરામિડ પબ્લીકેશન દ્વારા

# કર્મવીર પુસ્તક વિમોચન સાથે ૨૧ કર્મવીરોનું સન્માન



## સાહસીકોના સાહસને પ્રોત્સાહીત કરવાથી સમાજમાં ઉર્જાનો સંચાર થાયઃ મહાનુભાવો દ્વારા કાર્યક્રમને અપાયો આવકાર

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી પિરામિડ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત 'કર્મવીર' (સાહસવીર ભાગ-૨) પુસ્તકનું વિમોચન તેમજ સાહન અને કર્મથી સફળ ૨૧ કર્મવીરોનું એવોર્ડ આપી બહુમાન કરવાનો સન્માન સમારોહ તા. ૧૯ ને રવિવારે કોન્ફરન્સ હોલ, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ, કોટેચા ચોક ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ પિરામિડ પબ્લિકેશનના સંચાલક વિપુલભાઈ પરમારના માતૃશ્રી જયાબેન પરમાર તથા મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. મંચ પર નલીનભાઈ ઝવેરી (ચેરમેન- સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ), કૌશિકભાઈ મહેતા, જયેશભાઈ ઉપાધ્યાય, પરસોત્તમભાઈ કામાણી, શાંતિભાઈ ફળદુ, પ્રતાપભાઈ પટેલ, વસંતભાઈ લીંબાસીયા, નિલેશભાઈ ગોસ્વામી સહીતના અગ્રણીઓ અને સમાજ રત્નોએ ઉપસ્થિત મહેમાનોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડયા હતા.

કાર્યક્રમની શરુઆતમાં વિપુલભાઈ પરમારે કર્મવીર પુસ્તક પ્રકાશિત કરવા પાછળનો ઉદેશ્ય જણાવતા કહ્યું હતું કે, સાહસવીર પુસ્તકને મળેલી સફળતા અને સરાહના બાદ તે પુસ્તકના ભાગ-૨ પ્રકાશિત કરવાની જરુરીયાત જણાઈ હતી. કર્મવીર સહીતના પુસ્તકોના પ્રકાશન પ્રવૃતિઓમાં દાદ માંગી લેતા પડકારો તેમજ સમાજમાંથી મળેલા અનુભવોની વાતો વાગોળી હતી.

ત્યારબાદ ૨૧ કર્મવીરોનું સન્માન પરષોતમભાઈ કામાણી (ડોકટર પમ્પસ), પ્રતાપભાઈ પટેલ (ટર્બો બેરિગ્ઝ પ્રા.લી.), પ્રકાશભાઈ મોઢા (ગોકુલ હોસ્પિ.), પુનિતભાઈ ચોવટીયા (યુનિટી સિમેન્ટ), સંજયભાઈ ચોથાણી (શિખર ફાઈબર ગ્લાસ), રાજેશભાઈ દફતરી (ડી. ફિનસેક પ્રા.લી.), ડો. રમેશભાઈ કછટીયા - ડો. નિલેશભાઈ

(અનું. આઠમાં પાને)

# શહેરના દરેક વોર્ડમાં સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યશાળા

## ભાજપે કર્યું ભારત રત્ન બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકરની વિરાસતનું સન્માન



**અબતક,રાજકોટ**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર કેન્દ્રમાં કાર્ય કરી રહી છે ત્યારે ભાજપ સરકારે ૨૬ નવેમ્બરને "બંધારણ દિવસ તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરી. આ દિવસ ભારત રત્ન બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરના બંધારણના ઘડવૈયા તરીકે યોગદાનને યાદ કરવા અને તેમને સન્માન આપવા માટે સમર્પિત છે. ત્યારે રાજકોટ શહેરના દરેક વોર્ડમાં બંધારણ ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યશાળા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગર સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, સહસંયોજક શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર, અને મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડાની આગેવાનીમાં શહેરના દરેક વોર્ડમાં યોજવામાં આવી હતી. આ તકે ડો.ભીમરાવ બાબાસાહેબને કોંગ્રેસ પાર્ટી દ્વારા થયેલ અન્યાય અને ભાજપ પાર્ટી દ્વારા થયેલ સન્માનની ચર્ચા કરવામાં આવી હતી. ડો.ભીમરાવ આંબેડકરજી ભારતના પ્રથમ પીએચડી ધરાવતા અર્થશાસ્ત્રી હોવા છતાં પણ કોંગ્રેસે આર્થિક નીતિઓમાં એમના યોગદાનની અવગણના કરેલ હતી. દલિત સમુદાયના મુદ્દાઓને અવગણીને કોંગ્રેસે મુસ્લિમોને ખુશ

(અનું. આઠમાં પાને)

# ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી ટ્રસ્ટ દ્વારા ડીવાઈન ટ્રસ્ટને એમ્બ્યુલન્સ અર્પણ

## મેયર નયનાબેન પેઢડીયાના હસ્તે ટ્રસ્ટને એમ્બ્યુલન્સ અર્પણ



**અબતક, રાજકોટ**

ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનના અગ્રણી હસુભાઈ મકવાણાની આગેવાનીમાં તા. ૧૮.૧.૨૫ ને શનિવારે એક એમ્બ્યુલેન્સનું લોકાર્પણ કાર્યક્રમ રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના હસ્તે સંપન્ન થયો. ઈન્દુબેન ધીરુભાઈ ગઢવી મેમોરીઅલ ટ્રસ્ટ- રાજકોટના સહયોગથી આ એમ્બ્યુલેન્સ ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટને તેમના સેવા કાર્યમાં સહયોગ માટે અર્પણ કરવામાં આવેલ.આ તકે રાજકોટ મહાનગરના મેયર નયનાબેન પેઢડીયા એ ઈન્દુબેન ધીરુભાઈ ટ્રસ્ટ દ્વારા ડીવાઈન ટ્રસ્ટ અપાયેલ એમ્બ્યુલેન્સનું લોકાર્પણ બન્ને ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિને બીરદાવેલ ડો.જયસુખ મકવાણાની આગેવાની હેઠળ ચાલતાં દંત યજ્ઞોની પ્રવૃત્તિઓની સરાહના કરેલ આ તકે વિશ્વ હિંદુ પરિષદના વડીલ હર્ષદભાઈ પંડયા અને ગુજરાત આયુર્વેદ બોર્ડના પ્રમુખ ડો.સંજય જીવરાજાની એ પણ પ્રાસંગિક ઉદબોદ્ધન કરેલ ઈન્દુબેન ગઢવી મેમોરીઅલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રામભાઈ જામંગ એ ટ્રસ્ટની પ્રવૃતિઓ વિષે વિસ્તૃત માહિતી આપેલ અને ડીવાઈન ટ્રસ્ટને સદાય સેવામાં સહયોગ કરવા ખાત્રી આપેલ. આ તકે ઈન્દુબેન ગઢવી ટ્રસ્ટ ના પ્રમુખ ચંદુભાઈ ગઢવી,હરેશભાઈ અલગા, મેહુલભાઈ જામંગ, હેમુભાઈ

(અનું. આઠમાં પાને)

# સૌરાષ્ટ્રના સખાવત યજ્ઞમાં બોલબાલા ટ્રસ્ટની ઠાવકી બોલબાલા

## નિરાધાર વૃધ્ધ, અશકતો જરૂરીયાતમંદો માટેનું બોલબાલા અન્નપુર્ણા રથ દરરોજ ૩ હજાર જરૂરીયાતમંદોને આપે છે સેવા

**અબતક,રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ છેલ્લા ૩૪ વર્ષ થી રાજકોટ આસપાસના છેવાડાના માનવી સુધી કોઈ ભુખ્યા ઉઠે પણ ભુખ્યા ન રહે તે માટે બોલબાલા અન્નક્ષેત્ર માં વિકલાંગો, વૃધ્ધો, પાગલો, નિરાધારો, બાંધકામ ઝોનના પરપ્રાંતીય મજુરો, કચરો વિષ્ણુતા વ્યકિતઓ, ભિક્ષુકો સહિતના ભુખ્યા ૩૦૦૦ થી વધુ વ્યકિતઓની નિત્ય અને નિયમિત જઠરાગ્નિ ઠારવાના ઉદ્દેશથી ત્રણ અન્નપુર્ણા રથ થી ભોજન પહોંચાડી અનેરી સેવા કરી રહયુ છે.

ચાર અન્નપૂર્ણા રથો ટ્રસ્ટને પ્રાપ્ત થયા છે. આ ચાર વાહનો રોજ ૫૦ થી ૫૨ કી.મી. જેટલો વિસ્તાર અને ૧૮૨ થી વધુ વિસ્તારોમાં જઈ એક-એક વ્યક્તિને ગોતી-ગોતીને ઠામ



વાસણ અથવા પેપર જરૂરીયાતમંદ પ્રમાણેનું ભોજ પ્રસાદ રૂપે નિઃશુલ્ક પીરસવામાં આવે છે.

બોલબાલા ટ્રસ્ટ દ્વારા જીવદયા રથ માં કુતરા ને દુધ, ગાય ને લાડવા નિરવા, કીડી ને કીડીયારૂ, પક્ષી માટે ગાઠીયા/ચણ સાથે જીવદયા સેવાનું કાર્ય પણ થઈ રહયુ છે.

અલગ-અલગ ભોજન તથા અઠવાડીયામાં એક-બે વખત મિષ્ટાન-ફરસાણ સાથે ભોજન લઈ ચાર અન્નપુર્ણા રથ અને એક જીવદયા રથ દ્વારા ૩૬૫ દિવસ અવીરત ચાલતુ બોલબાલા અન્નક્ષેત્ર ચાલે છે.

આ સાથે બોલબાલા મંદિર ૯/૧૮ લક્ષ્મીવાડી ખાતે સ્થાનીક અન્નક્ષેત્ર માં ૨૦૦ થી વધુ જરૂરીયાતમંદોને બપોરે અને રાત્રે બન્ને ટાઈમ ગરમ-ગરમ ભોજન પંગત માં બેસાડી ભોજન આપી તેમની જઠરાગ્ની તૃપ્ત કરી મૌન આર્શીવાદ પ્રાપ્ત કરે છે.

આ "અન્નપૂર્ણા રથો" નો દૈનિક ખર્ચ સાદા ભોજનનો ૨૫૦૦/- રૂા. જેટલો થાય છે. આ "અન્નપૂર્ણા રથ" ને અવિરત ચાલુ રાખવા વિવિધ સંસ્થાઓ-દાતાઓ ત્યા શુભેચ્છકો દ્વારા એક યા બીજી રીતે સહયોગ આપવામાં આવે છે. તેમજ નાના-મોટા અનેક દાતાઓ વગેરે દ્વારા આ કાર્યને કાયમી નિભાવ અને અવિરત ચાલુ રાખવા સહયોગ આપતા જ હોય છે. આ વિભાગમાં અત્યારે લાભાર્થીઓની સંખ્યા અને વિસ્તાર ખુબજ વિશાળ છે.

હરતુ ફરતુ અન્નક્ષેત્રની સાથે-સાથે ઘણા વ્યકિતઓને વિવિધ રીતે રોજગારીમાં પણ જોડાયા છે. કેટલાકને નોકરીઓ, કેટલાયને રેકડી, મજુરી, ડ્રાઈવર, રસોયા, પરચુરણ કામ, ગૃહ ઉદ્યોગથી માંડી લીમીટેડ કંપનીમાં મોકલી સ્વાવલંબી બનાવાના કાર્યમાં ટ્રસ્ટ મદદરૂપ બન્યું છે.

આ અન્નપૂર્ણા રથ સવારે ૯:૦૦ કલાકેથી નીકળી બપોરે ૩ વાગ્યા સુધી રસોઈ પીરસવાની સેવામાં કાર્યરત રહેતા હોય છે.

જેમાં ખાસ કરી જાહેર

(અનું. આઠમાં પાને)

# આરોગ્ય સેવામાં વિશ્વાસનું પ્રતીક પંચનાથ હોસ્પિટલનો પાંચમા વર્ષમાં પ્રવેશ

## નજીવા દરે સારવાર માટે નિમિત પંચનાથ હોસ્પિટલે હજારો દર્દીઓએ લીધો સેવા આશિર્વાદ

**અબતક,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સચોટ નિદાન માટે લાખો લોકોની વિશ્વાસ ધરાવતી શ્રી પંચનાથ હોસ્પિટલનો પાંચમા વર્ષમાં પ્રવેશ થયો છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન કુલ ૧૯૨૧૪૫૩ એટલે કે સરેરાશ રોજના ૧૧૨૩ જેટલા દર્દીઓએ મુલાકાત લઈને હોસ્પિટલમા નિદાન / સારવાર કરાવેલ છે. ડાયગ્નોસ્ટિક વિભાગ માં માત્ર રૂપિયા ૧૦ માં એમ.બી.બી.એસ ડોકટર દ્વારા નિદાન તેમજ માત્ર રૂપિયા ૫૦ માં ફિઝિશિયન, ગાયનેક, નાક કાન ગળા, જનરલ સર્જન, બાળકોના ડોકટર, ચામડીના ડોકટર, આંખના ડોકટર, ઓર્થોપેડિક ડોકટર, કિડનીના ડોકટર દ્વારા નિદાન કરવામાં આવે છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન કૂલ









૯૬૮૩ દર્દીઓ દાખલ થઈ અતી રાહત દરે સારવાર

લિધેલ છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન કૂલ ૬૨૭૦ દર્દીઓ એ ઈમરજેંસી વિભાગ મા સારવાર લિધેલ છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન કૂલ ૬૭૪૮ આખના, ઓર્થોપેડીક, ગાયનેક, ન્યુરો, યુરોલોજીસ્ટ, જનરલ કાન નાક ગળાના ઓપરેશ્ન થયેલ છે.

લગભગ આજથી બે દાયકા પહેલાં શ્રી પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના હોદેદારો સ્વ શ્રી પ્રધુમનભાઈ માંકડ, સ્વ શ્રી તનસુખભાઈ ઓઝા, સ્વ શ્રી વિનોદભાઈ પંડ્યા, સ્વ શ્રી લલિતભાઈ ત્રિવેદી, લક્ષ્મણભાઈ ચાવડા તથા બીજા અનેક સેવાના ભેખધારીઓએ જરૂરતમંદોને રાહત દરે નિદાન મળી રહે તે ભાવનાથી ક્લિનિક સ્વરૂપે નાના દવાખાનાનો ઘડઉ વિભાગ ના પ્રારંભ કર્યો આ તબક્કે માત્ર દસ રૂપિયામાં તાવ, શરદી, ઉધરસ, મેલેરિયા જેવા દર્દોનું નિદાન કરવામાં આવતું અને ટ્રસ્ટ તરફથી ત્રણ દિવસની દવા નિઃશુલ્ક આપવામાં આવતી અને નવાઈ લાગે એવી વાત એ છે કે આજ સીલસીલો અને પ્રણાલિકા આજે એટલેકે ૨૧/૦૧/ ૨૦૨૫ના રોજ (બે દાયકા પછી ) પણ જાળવી રાખવામાં વર્તમાન ટ્રસ્ટી મંડળ સફળ રહ્યું છે.

સમય જેમ જેમ પવિત્ર ગંગા નદીના વહેણની જેમ વહી ગયો તેમ તેમ દવાખાનામાં ધીરે ધીરે દાંત,આંખ, લેબોરેટરી, ઓપીડી, એક્સ રે, ઈસીજી, ટીએમટી જેવા અનેક વિભાગો શરૂ કરવામાં આવ્યા આજ કિલનિક આજ નાનું દવાખાનું દેવાધી દેવ મહાદેવની અસીમ કૃપાથી આજથી ચાર વર્ષ પહેલાં વિશાળ વટવૃક્ષ બનીને ૫૦ (પચાસ) બેડની વિશાળ હોસ્પિટલ બની અને નિરંતર અને સતત રીતે રાહત દરે ( અન્યની તુલનામાં દાર્શનિક રીતે ૩૦ થી ૪૦ ટકા જેટલો ફાયદો થતો હોવાનું લોકમુખે ચર્ચાય છે.) સંચાલકોની ધિર ગંભીરતા તાલીમબદ્ધ વિનયી અને વિવેકી સ્ટાફ દ્વારા સચોટ નિદાન કરવામાં આવે છે. તેનું વાસ્તવિક ચિત્ર આજે રાજકોટ જિલ્લાની ધર્મ પ્રેમી અને કદરદાન જનતા નિહાળી રહી છે.

રાહત દરે થતા સચોટ નિદાન થકી છેલ્લા ચાર વર્ષ દરમ્યાન હોસ્પિટલના દરેક વિભાગને કલ્પી ન શકાય તેટલો પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે જેમ કે જનરલ મેડિસીન ૧૦૦૨૩૨ જનરલ સર્જન ૧૪૨૭૬ કાન નાક ગળા ૪૨૬૩૪ ઓર્થોપેડીક ૫૨૮૯૪ બાળ રોગ ૭૦૧૧આંખ ૩૫૧૨૩ ચામડીના રોગો ૫૫૧૯૨ પેટ તથા આંતરડા ૧૮૬૦ સંધિવા ૧૭૯૧ માનસીક રોગો ૧૦૬૯ ઓ પી ડી તેમજ સોનોગ્રાફી

(અનું. આઠમાં પાને)

# મહાકુંભમાં ગુજરાતની જનતા માટે સરકાર સ્લીપર એસટીની સુવિધા આપે: અતુલ રાજાણી

## એસ.ટી.ના મેનેજીંગ ડાયરેકટરને કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ પત્ર પાઠવી તાત્કાલીક અસરથી સેવા શરૂ કરવા માંગ કરી

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ પ્રયાગરાજ માં મહા કુંભ મેળા નું આયોજન તારીખ - ૧૪/૦૧/૨૫ થી તારીખ ૨૬/૦૨/૨૫ સુધી પ્રયાગરાજ માં મહા કુંભ મેળા નું આયોજન હાલમાં ચાલુ છે. સનાતન ધર્મના લોકો માટે અતિ મહત્વનો પર્વ કુંભ મેળો ગણાય છે. ત્યારે અત્યાર સુધીમાં આ કુંભ મેળામાં લાખો લોકો એ સ્નાન કર્યું છે. હજુ ગુજરાતના શહેરમાં ઘણા લોકો વસંત પંચમી અને મહાશિવરાત્રી જેવા તહેવારો હજુ બાકી છે. રાજ્યભરમાંથી લાખો લોકો કુંભ મેળામાં જવા ઉત્સુક છે. આ પ્રયાગરાજ કુંભમેળામાં આશરે ૨૦ કરોડથી વધુ લોકો જ્યારે સ્નાન કરવાનો અંદાજ છે ત્યારે રાજ્યભરમાંથી વર્ષો પછી યોજાતા આ પ્રયાગરાજ ના મહા કુંભ મેળામાં આવવા જવા માટે સમગ્ર ગુજરાતમાથી પણ ધર્મ પ્રેમી જનતાનો પ્રયાગરાજ માં આવવા જવા માટે ઘસારો છે.



મહાકુંભ ને લઈને અમદાવાદ થી પ્રયાગરાજ નું હવાઈ ભાડું ૫૦૦૦૦ પહોંચ્યું છે અને અમદાવાદ થી ઓપરેટ થતી એરલાઈન્સ કંપનીઓ દ્વારા ઉઘાડી લૂંટ ચાલુ કરી દેવામાં આવી છે. સામાન્ય સંજોગોમાં અમદાવાદ થી પ્રયાગરાજ જવા માટે હવાઈ મુસાફરીમાં પાંચથી સાત હજાર હોય છે પરંતુ અત્યારે મન ફાવે તે પ્રકારે બેફામ બનીને ધર્મપ્રેમી જનતાને લૂંટવામાં આવી રહી છે તેમ છતાં સરકાર કોઈ અસરકારક પગલાં ભરતી નથી. રેલવે મા પણ હાલ ટિકિટો મળતી નથી તો ટ્રાવેલ્સમાં પણ ટિકિટો ન મળતી હોવાને પગલે ધર્મપ્રેમી જનતા પરેશાન છે તો ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા ગુજરાતના મુખ્ય શહેરોમાંથી તાત્કાલિક પ્રયાગરાજ આવવા જવા માટે સ્લીપર કોચ ની વ્યવસ્થા કરવામાં આવે અને આ અંગે જાહેરાત કરવામાં આવે તેમ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ અમદાવાદ ખાતેની મુખ્ય કચેરી ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના મેનેજિંગ ડાયરેકટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ઘટતું કરવા માંગ કરી છે. રાજ્યભરમાંથી તમામ બસો આવક જાવકમાં ફૂલ થઈ જાય તેમ હોવાને પગલે એસ.ટી ને આવક થાય તેમ છે. દરેક શહેરોમાંથી બસો શરૂ કરવા અંગે માહિતી લોકો સમક્ષ જાહેર કરીને ઓનલાઈન આવક જાવકના એડવાન્સ બુકિંગની વ્યવસ્થા કરવી ઘટે.

વધુમાં રાજાણીએ જણાવ્યું હતું કે રાજ્યભરમાંથી ટ્રાવેલ્સની બસો અને પ્રાઈવેટ વાહનો જે પ્રયાગરાજ જાતા હોય તેઓને ટોલટેકસ અને અન્ય રાજ્ય બહારના ટેકસમાંથી રાહત મળવી જોઈએ જેથી ટ્રાવેલ્સની બસો પણ ધર્મ પ્રેમી જનતાને ઓછા ખર્ચે પ્રયાગરાજ લઈ જવામાં મદદરૂપ થઈ શકે.

# શારીરિક માનસિક ત્રાસ આપવામાં બિલ્ડર પતિ નિર્દોષ

## પતિને પરસ્ત્રી સાથે સંબંધ હોવાથી ઘરેલુ હિંસાની પત્નીએ પતિ અને સસરા સામે ફરિયાદ કરી હતી

**અબતક, રાજકોટ**

શહેરના કલાક કેન્દ્રમા રહેતી પરણીતાના પતિને પરસ્ત્રી સાથે સંબંધ હોવાથી શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ ચાલી જતા અદાલતે બિલ્ડર પતિ અને સસરા ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં રહેતા કવિતાબેન સંજયભાઈ ટાંકે મહિલા કોલેજ પાછળ સહકાર નગરમાં રહેતા બિલ્ડર પતિ સંજય અને સસરા રમણીકભાઈ ટાંક સામે શારીરિક માનસિક ત્રાસા આપી અને મારકુટ કર્યા અંગેની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે કવિતાબેન ના ૨૫ વર્ષ પહેલા સંજય ટાંક સાથે લગ્ન થયા હતા બાદ પતિ સંજય ને અન્ય મહિલા સાથે સંબંધ હોવાથી શારીરિક માનસિક ત્રાસ આપી દહેજ પરત ન આપી ઓળવી ગયા અંગેનું ફરિયાદમાં જણાવ્યું હતું. બાદ તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી.



બચાવ પક્ષના વકીલ

બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલમાં આરોપીએ એવો કોઈ ત્રાસ આપેલ નથી કે ફરીયાદી અને તેના પતિ વચ્ચે લગ્ન જીવન એક બે બનાવ બનેલ હોય તેને ક્રુઅલ્ટી ગણાવી શકાય નહી. ત્રાસ કોઈ સ્ત્રીને પૈસાની માંગણી કરી ફરીયાદી પાસેથી દહેજની રકમ માંગણી કરવામાં આવેલ હોય તેવુ ફરીયાદી સાબીત કરી શકેલ નથી.આરોપી પતિએ તેના પત્નિને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તેવો રેર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. કાયદા મુજબ જો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. તેમજ ફોજદારી કાર્યરીતીના સિધ્ધાંત રીતે ફરીયાદ પક્ષ જગ્યા જયાં સુધી આરોપી સામેનો ગુનો નિ:શંક પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહી. ફરીયાદી ગુનો સાબિત કરી શકેલ ન હોય. આરોપી સંજય રમણીકભાઈ ટાંકને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવેલ હતો.આ કામમાં આરોપી સંજયભાઈ ટાંક તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશભાઈ નસીત, નૈમિષભાઈ જોષી, અનિતા રાજવંશી રોકાયેલ હતા

# મેટોડામાં ધો.૧૨ પાસ મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં લોકોના આરોગ્ય સાથે છેડા કરતો પડધરી તાલુકાના નાના સગડીયા ગામનો સંજય દિનેશ ટીલાવત ધોરણ ૧૨ પાસ નકલી ડોકટર ને એસોજીએ દબોચી લઈ એલોપેથી દવાઓ મળી રૂપિયા ૪૪ હજારનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા નકલી ડોકટરના ક્લિનિક ઉપર દરોડો પાડવા એસપી હિમકરસિંહએ આપેલી સુચના ને પગલે એસઓજી પીઆઈ એફ એ પારગી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું



ત્યારે પડધરી તાલુકાના નાના સગડીયા ગામનો સંજય દિનેશ ટીલાવત નામનો શખ્સ વગર ડિગ્રીએ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં સર્વોદય ક્લિનિક ચલાવતો હોવાની હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ અગ્રાવત અને શિવરાજભાઈ ખાચરને મળેલી વાત વિના આધારે પીએસઆઈ બીસીબીયાત્રા, પી બી મિશ્રા, એ.એસ.આઈ અમિતભાઈ કનેરિયા, જયવીરસિંહ રાણા, ઈન્દ્રસિંહ જાડેજા અને સંજયભાઈ નિરંજની સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. પોલીસે સંજય ટીલાવત ની અટકાયત કરી કિલનિકમાંથી એલોપેથી દવાઓ અને રોકડ મળી રૂપિયા ૪૪ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા સંજય ટીલાવત ધોરણ ૧૨ પાસ અને બે વર્ષથી કિલનિક ચલાવતો હતો. અગાઉ ખાનગી દવાખાનામાં કામ કર્યા ને કબુલક આપી હતી. એસોછીએ પાંચ દિવસ પૂર્વે સડક પીપળીયા ને ઢોલરા ગામે બે બોગસ તબીબને ઝડપી પડ્યા બાદ વધુ એક મેટોડામાં મુન્નાભાઈ એમબીબીએસ ને દબોચી લેતા નકલી ડોકટરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

# પંજો લડાવવાની રમત મનોરંજનની હોય વ્યાવસાયિક ગણી શકાય નહીં

## ફ્રેક્ચરનો સારવાર ખર્ચનો કલેઈમ ૯ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા વીમા કંપનીને ગ્રાહક કોર્ટનો હુકમ

**અબતક, રાજકોટ**

પંજા લડાવવાની રમત દરમિયાન હાથમાં થયેલા ફ્રેક્ચરની સારવાર ખર્ચનો નકારવામાં આવેલો મેડીક્લેમ ૯ ટકા વ્યાજ સહિત ચૂકવી દેવા ગ્રાહક ફોરમે આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીને હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટના ઋષભકુમાર વ્રજલાલ અજુડીયાએ આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી લીધેલી મેડીકલેઈમ પોલિસીના સમયગાળા દરમિયાન તે ફેમિલી સાથે બાલી ફરવા ગયેલ, ત્યાં તેઓ મનોરંજનના આશયથી પંજા લડાવવાની રમત રમતા હતા, ત્યારે તેઓને જમણા હાથના એલ્બોમાં ફ્રેકચર થયેલ, જેથી તેઓએ પ્રથમ બાલી તેમજ ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં સારવાર લીધેલ, તેમાં થયેલ ઓપરેશન ખર્ચ રૂા. ૧,૧૩,૯૨૦નો કલેઈમ વીમા કંપની સમક્ષ રજુ કરેલ. વીમા કંપનીએ પંજા લડાવવાની પ્રવૃતિ જોખમી પ્રવૃતિમાં રોકાયેલ હોય પોલિસીના એકસકલુઝન કલોઝમાં સમાવેશ થતો હોય તે કારણસર ફરિયાદીનો કલેઈમ નામંજુર કર્યો હતો. જેની સામે વીમેદાર ઋષભકુમાર અજુડીયાએ રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરિયાદ કરી હતી, તેમાં દર્શાવેલ કે આ પંજો લડાવવાની રમત કોઈ વ્યવસાયીક રમત ન હતી. ફકત ગ્રુપ સર્કલમાં મનોરંજન મેળવવા માટે કરેલ હતી. આ રમતને વ્યવસાયમાં ગણી શકાય નહીં, તેમજ વીમા કંપની ટર્મ - કંન્ડીશન સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ગ્રાહક તકરાર નિવારણ કમિશને એવું અવલોકન કરેલ કે વીમાકંપનીએ જાણી જોઈને કે હોશીયારીથી પોતાની જવાબદારીમાંથી છટકવા માટે ફરિયાદીને થયેલ નુકશાનને પોલિસીના એકસકલુઝન કલોઝ હેઠળ લાવવા પ્રયત્ન કરેલ હોય તેને સેવા ખામી તરીકે ગણી શકાય, જેથી ફરીયાદીને ઉપરોકત કલેઈમની રકમ ૯%ના વ્યાજ સહિત ચુકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો છે. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ હસમુખ જી. જોષી તથા પરેશ કે. ભટ્ટ રોકાયા હતા.

# વાજડી (વડ) ગામે ગાંજાના છોડ સાથે ઝડપાયેલા ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા જામીન મુક્ત

## એસઓજીએ આશ્રમમાં દરોડો પાડી ૬૪ હજારના કિંમતના ૬ સલ અને ૪૯૦ ગ્રામ લીલા ગાંજો કબજે કર્યો તો

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના વાજડી (વડ) ગામ સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમમાં રૂપિયા ૬૪ હજાર ના કિંમતના ૬ સલ અને ૪૯૦ ગ્રામ લીલા ગાંજાના છોડ સાથે ઝડપાયેલા મહંત યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા ને હાઈકોર્ટ જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક આવેલા મેટોડા પાસે વાજડી (વડ) ગામની સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમ ગાંજાનું વાવેતર હોવાનું એસસોજીને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી આશ્રમમાં રૂપિયા ૬૪૦૦૦ ની કિંમત તેના ૬ સલ અને ૪૯૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે મહંત યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલહવાલે રહેલા યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા



બચાવ પક્ષના વકીલ

ની સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી. જે હુકમથી નારાજ થઈ હાઈકોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી.જે હરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં તપાસ પુર્ણ થતા પહેલા ફરીયાદ મુજબ છોડનુ વાવેતર કરેલ નહી હોવાનુ અને મહંતના કબજામાંથી નાર્કોટીકસ પદાર્થ કબજે લેવાયેલ ન હોય તેવી હકીકત સ્પષ્ટ હોય તેવા સંજોગો મુજબ અને સુપ્રિમ કોર્ટ અને અલગ અલગ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી ધારદાર રજુઆતો કરતા ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મહંતને જામીન મુક્ત કરવા આદેશ ફરમાવેલો છે. શ્રીનાથજી મઢીના મહંત યોગી ધરમનાથ ગુરૂ દેવીનાથજી વતી મેહુલ પાડલીયા , ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીંગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગઠ્ઠા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશીક ઉનાગર, યશ રાદડીયા તથા પ્રિયાંશ ધિનોરા, પદમાવતીબેન રોકાયેલ હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૨૯૭ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૩૨૦૦ | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૬૩૦૦ | ૧૩૫ | ૪૬૦ |
| ટમેટા | ૧૫૮૦ | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૮૬ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૭૨૦ | ૭૦ | ૨૦૦ |
| મુળા | ૯૨ | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૪૦ | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૮૩૦ | ૪૦ | ૧૦૦ |
| ફલાવર | ૫૨૫ | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૪૯૪ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૩૬૦ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૨૦૩ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૦૯ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૧૩૫ | ૫૦૦ | ૭૦૦ |
| દુધી | ૬૫૪ | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૩૫ | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૯ | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૨૭૨ | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૯૦ | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૬૮ | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૮૪ | ૪૬૦ | ૬૨૦ |
| તુવેરસીંગ | ૨૩૪ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૫૦ | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૧૫ | ૧૮૦ | ૪૩૦ |
| મેથી | ૪૮૦ | ૭૦ | ૨૦૦ |
| વાલ | ૨૫૭ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૭૯ | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૩૦૯ | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા લીલા | ૪૧૦ | ૧૨૦ | ૪૧૦ |
| મરચા લીલા | ૩૧૯ | ૭૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૪૫ | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૦૩ | ૭૦૦ | ૧૩૦૦ |
| મકાઈ લીલી | ૩૭૫ | ૨૨૦ | ૩૨૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૫૦૦ | ૧૩૨૫ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૧૦૦ | ૬૦૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૭૦૦ | ૬૦૦ | ૬૭૪ |
| જુવાર સફેદ | ૯૨ | ૭૭૧ | ૯૧૧ |
| જુવાર પીળી | ૨૦ | ૪૧૧ | ૫૫૪ |
| તુવેર | ૫૫૦ | ૧૨૪૦ | ૧૬૪૦ |
| ચણા પીળા | ૬૦૦ | ૧૦૨૦ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૨૦૦ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| અડદ | ૧૭૫ | ૧૨૬૮ | ૧૬૦૨ |
| મગ | ૨૩૦ | ૧૨૦૦ | ૧૮૩૦ |
| વાલ દેશી | ૧૩ | ૧૦૫૦ | ૧૪૯૦ |
| વાલ પાપડી | ૧૨ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ચોળી | ૩૦ | ૧૪૫૮ | ૨૯૩૩ |
| મઠ | ૧૫૦ | ૭૦૦ | ૧૨૬૧ |
| કળથી | ૧૨ | ૮૧૫ | ૯૨૫ |
| મગફળી જાડી | ૫૪૦૦ | ૯૨૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૮૧૦૦ | ૯૪૦ | ૧૨૫૦ |
| તલી | ૪૦૦ | ૧૭૦૦ | ૨૩૨૩ |
| એરંડા | ૧૫૦ | ૧૨૨૨ | ૧૨૭૯ |
| અજમો | ૧૦ | ૧૫૪૪ | ૨૦૨૧ |
| સુવા | ૨૦ | ૭૭૫ | ૧૩૧૦ |
| સોયાબીન | ૩૫૦ | ૭૯૦ | ૮૩૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૦૬૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૬૦ | ૩૩૮૦ | ૪૪૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૫૧૧ | ૩૪૦૦ |
| ધાણા | ૧૨૦ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૩૨૦ | ૧૧૫૦ | ૨૪૫૦ |
| ધાણી | ૨૫ | ૧૨૬૦ | ૧૮૪૬ |
| વરીયાળી | ૭૦ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૮૪૦ | ૪૦૫૦ | ૪૨૮૬ |
| મેથી | ૧૨૦ | ૮૮૦ | ૧૨૧૮ |
| રાયડો | ૫૦ | ૯૪૦ | ૧૧૨૬ |
| રજકાનું બી | ૬ | ૩૦૦૦ | ૪૪૯૯ |
| ગુવારનું બી | ૨૫૦ | ૧૦૧૦ | ૧૦૪૦ |

# દસ્તાવેજ કૌભાંડના વકીલ કિશન ચાવડાની આગોતરા જામીન રદ

## સબ રજીસ્ટ્રાર કચેરીમાં ઝોન-૧માં રેકર્ડને નાશ કરી તેની જગ્યાએ કોમ્પ્યુટરમાં ખોટા બનાવેલાં દસ્તાવેજોની સ્કેનીંગ કોપી કોમ્પ્યુટરમાં ચડાવેલી ૧૭ બનાવટી ખોટા દસ્તાવેજો બનાવ્યા તાં

**અબતક, રાજકોટ**

તાજેતરમાં ચર્ચાસ્પદ બનેલા સબરજીસ્ટ્રાર કચેરીના બનાવટી દસ્તાવેજ કૌભાંડમાં પોલીસ ધરપકડની દેહશતથી કરેલી પેલેસ રોડ,પ્રહલાદ પ્લોટ, ''ઓમ'',માં રહેતા વકીલ કિશન ચાવડા ની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટએ ફગાવી દીધી છે. જે કામમાં સરકાર તરફે મહેશકુમાર જોષી ઉપસ્થિત રહયા હતા.

બનાવની ટુંક હકીકત એવી છે કે, રાજકોટ શહેરની જુની કલેકટર કચેરીમાં આવેલ સબરજીસ્ટ્રાર કચેરીમાં ઝોન-૧ (શહેર) તાજેતરમાં કુલ-૧૭ બનાવટી ખોટા દસ્તાવેજો બન્યાનો અને તેને કોમ્પ્યુટરમાં ચડાવી દીધાનો ગુનો પ્ર.નગર પો.સ્ટે. ખાતે મામલતદાર દવારા નોંધાવવામાં આવેલો. જે



બચાવ પક્ષના વકીલ

કામમાં આરોપી જયદીપ શાંતિલાલ ઝાલા, મનીષ ઉર્ફે મનુભા હેરમા, હર્ષ ભરતભાઈ સોહેલીયા સામે ગુણી નોંધાવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ ભેગા મળી કાવતરુ રચી આર્થિક લાભ લેવા સરકારી કચેરીમાં પ્રવેશ કરી ઓફીસમાં રહેલા દસ્તાવેજમાં રહેલા કાયમી રેકર્ડને નુકશાન પહોંચાડી, નાશ કરી તેની જગ્યાએ કોમ્પ્યુટરમાં કોઈપણ રીતે ખોટા બનાવેલાં દસ્તાવેજોની સ્કેનીંગ કોપી કોમ્પ્યુટરમાં ચડાવેલી અને એ રીતે કુલ-૧૭ દસ્તાવેજો ઉભા કરવામાં આવેલા જે કામમાં કિશન ચાવડાનો પણ રોલ હોવાનું બહાર આવતા પોલીસે તેની સામે ગુનો નોંધ્યો હતો. બાદ પોલીસ ધરપકડની દહેશતથી કિશન ચાવડાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટમાં કરી હતી.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષના વકીલો દવારા લંબાણપૂર્વકની રજૂઆત બાદ સરકાર પક્ષે એ.પી.પી. મહેશભાઈ જોશીએ વધુમાં જણાવેલ કે, આરોપી સામે હાલમાં મજબુત પ્રથમ દર્શનીય કેસ છે. ગુનો જે રીતે બનેલો છે તે જોતા ગુનાની ગંભીરતા ઘણી બધી વધી જાય છે. તેમજ હાલમાં ગુનાની તપાસ હજુ ચાલુ છે. કાયદાના જાણકાર ગુનામાં સંડોવાયેલા હોય ત્યારે તેમને છોડવામાં આવશે તો સમાજ ઉપર તેની ગંભીર અસર પડશે અને ગુનાઓનું પ્રમાણ વધશે તેમજ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ એડી. સેશન્સ જજ એમ.એચ. પઠાણએ વકીલ કિશન ચાવડાની જામીન અરજી રદ કરી છે. જે કામમાં એ.પી.પી. તરીકે મહેશકુમાર જોષી રોકાયેલ હતા.

# પડધરીના જમીનના સોદામાં પૈસાની લેતી-દેતી બાબતે બોલાચાલી થતાં દંપતી પર હુમલો

## પાંચ શખ્સોએ ઘરમાં તોડફોડ કરી પરિણીતા પર નિર્લજ્જ હુમલો કરતા પડધરી પોલીસમાં નોંધાયો ગુનો

**અબતક, રાજકોટ**

પડધરીના રાદડ ગામે રહેતા દંપતી ઉપર જમીનના સોદા બાબતે રૂપિયાની લેતી-દેતી મામલે થયેલ માથાકૂટમાં એક જ પરિવારના પાંચ સભ્યોએ હુમલો કરી ઘરના દરવાજામાં તોડફોડ કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ મૂળ લોધિકાના વતની અને હાલ પડધરીના રાદડ ગામે ભાડે રહેતા પરિણીતાએ નોધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બાબભા ધીરૂભા જાડેજા, સહદેવસીહ લખુભા જાડેજા,વિજયસીહ બાબભા જાડેજા, પ્રતિકસીહ સહદેવસીહ જાડેજા, યુવરાજસિંહ ટેમભા જાડેજાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું મુજબ ફરિયાદીના પતિની જમીન રાદડ ગામે આવેલ હોય અને તે જમીન વેચેલ ત્યારે સહદેવસીહ વચ્ચે રહ્યા હતા જેથી પતિએ પુછેલ કે જમીનના સોદામાં તમે વચ્ચેથી રૂપીયા ખાધા છે? જે બાબતે સહદેવસિંહને સારૂ નહિ લાગતા ઝગડો થયો હતો.

બાદમાં આ મામલે બાબભા ધીરૂભા જાડેજા,સહદેવસીહ લખુભા જાડેજા,વિજયસીહ બાબભા જાડેજા,પ્રતિકસીહ સહદેવસીહ જાડેજા, યુવરાજસિંહ ટેમભા જાડેજાએ હુમલો કર્યો હતો. તેમજ વચ્ચે પડેલા કનકસિંહને લાફા માર્યા હતા. દંપતી હુમલાખોરોથી બચવા પોતાના ઘરમા જતા રહેતા હુમલાખોરોએ તેમના ઘરના ડેલામાં પાટા મારી તોડફોડ કરી ડેલો ટપી ફરિયાદીના ઘરમા ઘુસી બીજી વખત ઢીકાપાટુનો મુઢ માર માર માર્યો હતો.

# વિકાસને મળશે વેગ: નગરપાલિકા-મહાપાલિકાને રૂ. ૬૦૫ કરોડની ફાળવણી

## લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, સોનગઢ, વલસાડ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામોની ભેટ

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી જનસુખાકારી અને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે રાજ્યની વિવિધ નગર પાલિકાઓ-મહાનગર પાલિકાઓમાં શહેરી વિકાસના કામો માટે એક જ દિવસમાં રૂ. ૬૦૫.૪૮ કરોડ મંજૂર કર્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૦માં શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-એસ.જે. એમ.એસ. વીવાય અંતર્ગત મંજૂર કરાયેલી આ રકમમાંથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, શહેરી સડક યોજના, પાણી પુરવઠા, આઉટ ગ્રોથ વિકાસ અને રેલવે ઓવરબ્રિજ સહિતના કામો હાથ ધરાશે.

મુખ્યમંત્રીએ મંજૂર કરેલી આ રકમનો લાભ લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, વલસાડ, સોનગઢ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામો માટે મળવાનો છે.

નગરો - શહેરોમાં વસવાટ કરતા નાગરિકોને પાણી, વીજળી, ગટર, રસ્તા જેવી ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ સુચારુ રીતે પૂરી પાડવા સાથે પર્યાવરણ પ્રિય વાતાવરણ અને વૈશ્વિક પ્રવાહોથી પરિચિત રાખતી વાંચન પ્રવૃત્તિનો પણ વ્યાપ વધારવાનો સર્વગ્રાહી શહેરી જન જીવન સુખાકારીનો અભિગમ અપનાવ્યો છે.

નગરોમાં વધતા જતા વિકાસને અનુલક્ષીને પર્યાવરણ જાળવણી-શુદ્ધિ અને સીટી બ્યુટીફિકેશનના હેતુસર રાજ્યની ૨૫ નગરપાલિકાઓને નવીન બાગ બગીચા વિકસાવવા માટે ૪૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરપાલિકાઓમાં બાગ-બગીચા વિકસાવી સીટી બ્યુટીફિકેશન થાય અને લોકોને હરવા ફરવાના સ્થળો ઉપલબ્ધ થાય તેવા અભિગમ આ યોજનામાં અભિપ્રેત છે.

મુખ્યમંત્રીએ નગરોમાં વસતા લોકોની વાંચન ભૂખ સંતોષવા ૧૩ નગરપાલિકાઓને ગ્રંથાલય-લાઈબ્રેરી નિર્માણ માટે નગરપાલિકા દીઠ રૂ. ૩ કરોડ મળી કુલ ૩૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

એટલું જ નહીં, ૨૨ નગરપાલિકાઓમાં હાલ કાર્યરત ગ્રંથાલયના ભવનના રિનોવેશન કરીને સ્માર્ટ ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કરવા પ્રત્યેકને રૂ. ૧.૫૦ કરોડ પ્રમાણે કુલ ૩૩ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

નગરપાલિકાઓને આઉટગ્રોથ વિસ્તારોના વિકાસ માટે રૂ. ૧૫.૭૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાં હળવદને ભૂગર્ભ ગટર, સીસી રોડ, પાણીની લાઈન અને સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૪.૪૯ કરોડ, ગણદેવીને જલારામ મંદિરથી કસ્બાવાડી રેલવે ફાટક સુધી તથા ધનોરી રોડ પર સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૭૨.૬૯ લાખ, દ્વારકા નગરપાલિકામાં રેલવે અન્ડરબ્રિજ ટુ ટ્રેક સી.સી. રોડ બનાવવા રૂ. ૪.૬૨ કરોડ, ધરમપુરને સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૧.૯૦ કરોડ અને લીંબડીને સીસી રોડના કામો માટે ૩.૭૭ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

ખંભાત અને દાહોદ નગરપાલિકાને પાણી પુરવઠા યોજના માટે રૂ. ૧૧૨.૫૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ખંભાત શહેરમાં નવા વોટર સપ્લાય નેટવર્ક પ્રોજેક્ટ માટે રૂ. ૬૬.૧૧ કરોડ તથા દાહોદ નગરપાલિકાને પાણી પુરવઠાની કામગીરી માટે રૂ. ૫૬.૪૨ કરોડ મંજૂર કરાયા છે.

સાણંદ, વિરમગામ નગરપાલિકા અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળને સિટી અને તળાવ બ્યુટિફિકેશન માટે રૂ. ૨૬.૩૫ કરોડની ફાળવણી

(અનુ. આઠમા પાને)

# પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી 'તાપી' માં થશે

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કરશે ધ્વજ વંદન: વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સાંબરકાંઠામાં ઉપસ્થિત રહેશે: રાજયના અલગ અલગ જિલ્લામાં મંત્રીઓ રહેશે ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા ભારતના ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી તાપી જિલ્લામાં કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સાબરકાંઠામાં ઉપસ્થિત રહેશે રાજય સરકારના અલગ અલગ વિભાગોના મંત્રીઓ જુદા જુદા જિલ્લામાં ગણતંત્ર દિવસની ઉજવણીમાં સામેલ થશે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જયારે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કાર્યરત હતા ત્યારે તેઓએ રાજધાની ગાંધીનગર ખાતે પ્રજાસત્તાક પર્વ અને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવાના બદલે રાજયના અલગ અલગ જિલ્લાઓમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાની નવી પહેલ શરુ કરાવી હતી. જેને આનંદીબેન પટેલ અને વિજયભાઈ રૂપાણી બાદ હવે ભુપેન્દ્રભાઈ પટેલ પણ આગળ ધપાવી છે. આગામી રવિવારે દેશના ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. ૨૬મી જાન્યુઆરીની રાજયકક્ષાની ઉજવણી રાજય સરકાર દ્વારા તાપી જિલ્લામાં કરવામાં આવશે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. કરોડો રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. દેશ ભકિતનો અનેરો માહોલ ઉભો કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ધ્વજવંદન સમારોહમાં સામેલ થશે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળી રાષ્ટ્રધ્વજને સલામી આપશે આ ઉપરાંત રાજય સરકારના મંત્રી મંડળના સભ્યો વિવિધ જિલ્લામાં હાજર રહેશે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સાંબરકાંઠામાં, નાણામંત્રી કનુભાઈ દેસાઈ વલસાડમાં, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ બનાસકાંઠામાં, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટમાં,, ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપુત મહેસાણામાં, અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા બોટાદમાં, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા જામનગરમાં, શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોર ભાવનગરમાં, જયારે મહિલા અને બાળ આયોગ મંત્રી ભાનુબેન બાબરીયા અમદાવાદમાં અને ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી ગાંધીનગરમાં ધ્વજવંદન કરશે.

# કચ્છના તત્કાલીન કલેકટર પ્રદીપ શર્માને જમીન કૌભાંડ કેસમાં પાંચ વર્ષની સજા

## સહ આરોપી ફ્રાન્સિસ સુએરા અને નટુ દેસાઈને પુરાવાના અભાવે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે છોડી મુક્યા

**અબતક, રાજકોટ**

કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને અમદાવાદની ગ્રામ્ય કોર્ટે દોષિત ઠેરવ્યા છે. નાણાકીય વ્યવહારની ઉચાપત મુદ્દે એસીબીમાં નોંધાયેલા કેસમાં તેઓ દોષિત જાહેર થયા છે.અદાલતે તેમને પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. જ્યારે ફ્રાન્સિસ સુએરા અને નટુ દેસાઈને પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે.



દોષિત જાહેર થયેલા પ્રદીપ શર્માને કોર્ટે ૫ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. આ કેસમાં સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી કે ''આ દેશવિરોધી કૃત્ય હોવાથી વધુ સજા આપો. આઈએએસ અધિકારી તરીકે ગુનો કર્યો છે એ કોર્ટે માન્યો છે. આવા અધિકારીને ઓછી સજા આપશો તો સમાજમાં ખોટો સંદેશ જશે. કલેકટરની પોસ્ટ ધરાવતા ઓફિસરને કડક સજા થવી જોઈએ. જ્યારે બચાવપક્ષે ઉંમરને આધારે સજા ઓછી કરવાની માગ કરી એ યોગ્ય નથી.

પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા પર આરોપ હતો કે, તેમણે ભુજમાં રોડ પાસેની જમીન બિનખેતી કરાવી આપી હતી. પહેલા જમીન ખેતી માટે મંજૂર કરી હતી અને પાછળથી તેને બિનખેતી કરી દીધી હતી. ભુજ શહેરનાં મામલતદારે પ્રદીપ શર્મા વિરુદ્ધ આ ફરિયાદ ભુજ સીઆઈડી ક્રાઈમ બોર્ડર રેન્જ પોલીસ મથકમાં નોંધાવી હતી. વડોદરાનાં બિલ્ડર સંજય શાહને આ જમીન વેંચ્યાનો ખુલાસો થયો હતો.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું એલાન: ફેબ્રુઆરીમાં મતદાન

## રાજ્ય ચૂંટણીપંચ દ્વારા પત્રકાર પરિષદમાં કરાય મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખ જાહેર: આચાર સંહિતા લાગૂ

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓબીસી અનામત નક્કી કરવાના લઈને છેલ્લા દોઢ વર્ષથી અનેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલી બોડી અસ્તિત્વમાં નથી. વહિવટદાર શાસન ચાલી રહ્યું છે. દરમિયાન રાજ્ય સરકાર દ્વારા નિયુકત કરાયેલા કમિશનના રિપોર્ટના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૨૭ ટકા ઓબીસી અનામત આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. દરમિયાન આજે બપોરે રાજ્યના ચૂંટણીપંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું તારીખોનું એલાન કરી દેવામાં આવ્યું છે. ફેબ્રુઆરી માસના બીજા પખવાડીયામાં ચૂંટણી યોજાશે. બજેટ સત્રનો આરંભ થાય તે પૂર્વે પરિણામ પર આવી જશે.

છેલ્લા ઘણા સમયથી રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી હતી. આગામી આઠ દિવસમાં મતદાન મથકોની ચકાસણી અને પ્રસિધ્ધી, સંવેદનશીલ મતદાન મથકોની ઘોષણા, ઈવીએમ, મતપેટીના સેન્ટરો, સ્ટ્રોંગરૂમ નક્કી કરવા, સ્ટાફની નિમણુંક અને તાલીમ આપવા, આચાર સંહિતા અમલીકરણ સમિતિઓની રચના કરવા, ઝોનલ અને નોડલ અધિકારીઓની નિમણુંક કરવા તથા કોમ્યુનિકેશનનો પ્લાન અમલમાં મુકવાનો શિડ્યુલ જાહેર કરવામાં આવ્યો હતો. દરમિયાન આજે બપોરે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકા ઉપરાંત બે જિલ્લા પંચાયત સિવાય રાજ્યની ૭૮ નગરપાલિકાઓ, તાલુકા પંચાયત અને ૧૨૦૦૦થી વધુ ગ્રામ પંચાયતો માટે ચુંટણીની તારીખનું એલાન કરી દેવામાં આવ્યું છે. આવતા સપ્તાહે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પણ પ્રક્રિયા શરૂ થઈ જશે. ફેબ્રુઆરી માસના બીજા પખવાડીયામાં મતદાન યોજવામાં આવશે. આગામી ૧૯ ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર શરૂ થઈ રહ્યું છે. તે પૂર્વે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ પણ જાહેર થઈ જાય તેવી સંભાવના જણાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વસતીના આધારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓબીસી કેટેગરીને ૨૭ ટકા અનામત આપવામાં આવી છે. જેના આધારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાશે. પદાધિકારીઓની નિમણુંક માટે પણ સરકાર દ્વારા રોટેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે.

# મોરબી, જસદણ, બોટાદ, સુરેન્દ્રનગર અને સોમનાથ સહિતના 31 પ્રાંત અધિકારીઓની બદલી

## રાજકોટ જિલ્લાનાં જસદણના પ્રાંત ઓફિસર ગ્રીષ્મા બી. રાઠવાને ગાંધીનગર ખાતે ડે. ડિરેક્ટર, ફ્રડ એન્ડ સિવિલ સપ્લાય તરીકે મુકાયા: મોરબી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.ખાંભરાને જસદણ પ્રાંત અધિકારી તરીકે તેમજ ડેપ્યુટી ડીડીઓ એન.ડી.કુગશિયાની તાપી જિલ્લામાં બદલી કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા ૩૧ જેટલા જીએએસ કેડરના જુનિયર સ્કેલના અધિકારીઓની બદલી અને પોસ્ટિંગના આદેશ કરવામાં આવ્યા છે. જયારે ૩ જેટલા મામલતદારની બઢતી કરવામાં આવી છે.મોરબી, જસદણ, બોટાદ, સુરેન્દ્રનગર અને સોમનાથ સહિતના ૩૧ પ્રાંત અધિકારીઓની બદલી કરવામાં આવી છે. મહેસુલ વિભાગે રૂપા પટેલ, ભૂમિ કેશવાલા અને એમ જે ભરવાડને વેઈટિંગ ફોર પોસ્ટિંગથી નિમણૂકનો હુકમ કર્યો છે. રાજકોટ જિલ્લાનાં જસદણ પ્રાંત ઓફિસર ગ્રીષ્મા બી. રાઠવાને ગાંધીનગર ખાતે ડે. ડિરેક્ટર, ફૂડ એન્ડ સિવિલ સપ્લાય તરીકે મુકાયા છે. ઉપરાંત, મામલતદાર, વર્ગ-૨ સંવર્ગ (પે મેટ્રિક્સનાં લેવલ-૮) નાં ૩ અધિકારીને ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્લેક), વર્ગ-૧ (પે મેટ્રિક્સનાં લેવલ-૧૦) ની જગ્યા પર હંગામી ધોરણે બઢતી અપાઈ છે. બે જીએએસ કેડર અને એક મામલતદાર એમ ત્રણ અધિકારીઓ પોસ્ટિંગની રાહ જોતા હતા તેમને ટ્રાન્સફર અપાયું છે. મોરબી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.ખાંભરાને જસદણ પ્રાંત અધિકારી તરીકે તેમજ ડેપ્યુટી ડીડીઓ એન.ડી.કુગશિયાની તાપી જિલ્લામાં બદલી કરવામાં આવી છે. ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ), વર્ગ-૧ સંવર્ગમાં ફરજ બજાવતા ૩૧ અધિકારીઓની જાહેરહિતમાં તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાનાં ઓડા નાં વહીવટી અધિકારી જયમીન એમ. પટેલને ડે. ડાયરેકટર, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર મૂકાયા છે. જ્યારે, વડોદરાનાં ડે. ડીડીઓ એસ.એમ. પટેલને સુરત જિલ્લામાં ડે. કલેક્ટર, પ્રી-સ્ક્રૂનિટી ઓફિસર, કલેક્ટોરેટ તરીકે બદલી કરાઈ છે. કુલ ૩૧ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેનાથી વહીવટી તંત્રમાં મોટો ફેરફાર જોવા મળશે. આ બદલીઓ જાહેર હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, જેથી વહીવટી કાર્યક્ષમતામાં સુધારો લાવી શકાય અને લોકોને વધુ સારી સેવાઓ પૂરી પાડી શકાય. બદલી પામેલા અધિકારીઓને તાત્કાલિક તેમના નવા કાર્યસ્થળે ફરજ પર હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### ત્રણ મામલતદારને પ્રમોશન સાથે ડે.ડીડીઓ બનાવાયા


રાજ્યના ત્રણ મામલતદારને પ્રમોશન સાથે ડેપ્યુટી કલેકટરના ઓર્ડર આપવામાં આવ્યા છે. જેમાં એમ.જે ભારવાડને સુરેન્દ્રનગરના ડેપ્યુટી ડીડીઓ, સી આર પ્રજાપતિને કચ્છ જિલ્લાના ડેપ્યુટી ડીડીઓ જયારે યુ વી પટેલને સુરત મામલતદારથી લઈને ડાંગ જિલ્લાના સપ્લાય ઓફિસરનો ઓર્ડર આપવામાં આવ્યો છે.બદલી પામેલા અધિકારીઓને તાત્કાલિક તેમના નવા કાર્યસ્થળે ફરજ પર હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# ગુજરાત સરકારનું બજેટ રૂ.૩.૭૦ લાખ કરોડ આસપાસ રહે તેવી શકયતા

## ૧૯મી ફેબ્રુઆરીથી વિધાનસભાના બજેટ સત્રનો આરંભ: ૨૦મીએ નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કરશે

**અબતક,રાજકોટ**

આગામી ૧૯મી ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા સત્તાવાર નોટિફિકેશન પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યું છે. ૨૦મી ફેબ્રુઆરીના રોજ નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજ પત્ર રજૂ કરવામાં આવશે આગામી નાણાકીય વર્ષનું રાજય સરકારના બજેટનું કદ રૂ.૩.૭૦ લાખ કરોડ આસપાસ રહે તેવી શકયતા જણાય રહી છે.



૧૯મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨ કલાકે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના સંબોધન સાથે ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આરંભ થશે ૨૦મી ફેબ્રુઆરીએ નાણામંત્રી દ્વારા અંદાજ પત્ર રજૂ કરવામાં આવશે ચાલુ નાણાંકીય વર્ષ અર્થાત વર્ષ ૨૦૨૪-૨૫નું રાજય સરકારના બજેટનું કદ રૂ.૩,૩૨,૪૬૫ કરોડનું હતુ નવા વર્ષના બજેટના કદમાં આશરે ૧૫ ટકાનો વધારો થવાનો અંદાજ છે. બજેટનું કદ રૂ.૩.૭૦ લાખ કરોડની આસપાસ રહે તેવી શકયતા હાલ દેખાય રહી છે. રાજય સરકાર દ્વારા તાજેતરમાં એક સાથે રાજયની નવ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજજો આપવામાં આવ્યો છે. તેઓને પ્રાથમિક તબકકે રૂ.૨૦-૨૦ કરોડની ગ્રાન્ટ પણ ફાળવી દેવામાં આવી છે. બજેટમાં નવરચિત મહાપાલિકાઓ માટે માતબર નાણાની ફાળવણી કરવામાં આવશે. ૧૯ ફેબ્રુઆરીથી ૨૮મી માર્ચ સુધી બજેટ સત્ર ચાલશે ૩૮ દિવસના બજેટ સત્રમાં શનિ-રવિ સહિત કુલ ૧૦ રજાઓ આવશે ૨૬ દિવસ ગૃહનું કામ થશે. જેમાં ૨૭ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અલગ અલગ વિધેયવક પસાર કરવામાં આવશે. બજેટની ચર્ચા માટે પણ ૧૨ દિવસની ફાળવણી કરવામાં આવી છે.બજેટ સત્રના આરંભ પૂર્વ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની પ્રક્રિયા આટોપી લેવાની રાજય સરકારની ગણતરી છે. આગામી દિવસોમાં રાજય ચૂંટણી પંચ દ્વારા મહાપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખોનું એલાન કરી દેવામાં આવશે.

### નવરચિત ૯ મહાનગરપાલિકાઓ માટે માતબર નાણાની ફાળવણી કરાશે

SAURASHTRA CRICKET ASSOCIATION

ઈન્ડીયા v/s ઈંગ્લેન્ડ

ટી/૨૦ ઈન્ટરનેશનલ મેચ : ૨૮-૦૧-૨૦૨૫

આગામી તા.૨૮ જાન્યુઆરીના રોજ નિરંજન શાહ સ્ટેડીયમ ખાતે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાનાર ટી/૨૦ ઈન્ટરનેશનલ મેચની ટિકિટનું વેંચાણ તા. ૨૨/૦૧/૨૦૨૫ના રોજ ઓનલાઈન bookmyshow પર શરૂ થશે.

ટિકિટના ભાવ

સાઉથ પેવેલીયન

| | |
|---|---|
| લેવલ-૧ | રૂા. ૭૦૦૦/- |
| લેવલ-૨ | રૂા. ૫૦૦૦/- |
| લેવલ-૩ | રૂા. ૩૦૦૦/- |
| કોર્પોરેટ બોક્ષ (પ્રતિ વ્યક્તિ) | રૂા. ૬૦૦૦/- |

વેસ્ટ સ્ટેન્ડ

| | |
|---|---|
| લેવલ-૧ | રૂા. ૨૦૦૦/- |
| લેવલ-૨ | રૂા. ૨૫૦૦/- |
| લેવલ-૩ | રૂા. ૨૫૦૦/- |
| કોર્પોરેટ પ્રિ. બોક્ષ (પ્રતિ વ્યક્તિ) | રૂા. ૭૦૦૦/- |

ઈસ્ટ સ્ટેન્ડ

| | |
|---|---|
| લેવલ-૧ | રૂા. ૧૫૦૦/- |
| લેવલ-૨ | રૂા. ૧૫૦૦/- |
| લેવલ-૩ | રૂા. ૧૫૦૦/- |